આજનો સુવિચાર

જયારે તમે બીજા માટે ભલુ ઈચ્છો છો ત્યારે તેજ વસ્તુઓ તમારા જીવનમાં પરત આવે છે, પ્રકૃતિનો આજ નિયમ છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૦૫ જૂનાગઢ તા.૧૨-૮-૨૦૨૧ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


## ચોમાસુ સત્ર દરમ્યાન સંસદમાં સર્જાયેલી ધમાલથી પ્રજાનાં રૂા.૨૬૪૦ કરોડનો ધુમાડો થયો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૨

સંસદના ચોમાસુ સત્રમાં હંગામાને કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી મોટાભાગે ઠપ્પ રહી જેના કારણે પ્રજાજનોના રૂા. ૨૬૪૦ કરોડ વેડફાઈ ગયા. આમા કેટલાક વધુ પૈસા જોડીએ તો આધુનિકસુવિધાઓ સાથેના ૩ નવા સંસદ ભવન બંધાઈ જાય. સરકારે આ સત્રમાં જ રાજ્યસભામાં માહિતી આપી હતી કે નવા સંસદ ભવન પાછળ રૂા. ૯૭૧ કરોડનો ખર્ચ થઈ રહ્યો છે. અત્રે એ નોંધનીય છે કે સંસદ સત્ર ચલાવવા ઉપર દર મીનીટે રૂા. ૨.૫૦ લાખનો ખર્ચ થતો હોય છે.

પીઆરએસ લેજીસ્લેટીવ રીસર્ચના આંકડા જણાવે છે કે ચોમાસુ સત્રની પ્રોડકટીવીટી છેલ્લા બે દાયકામાં ચોથી સૌથી ઓછી રહી હતી.

સંસદના નીચલા ગૃહ લોકસભાની પ્રોડકટીવીટી માત્ર ૨૧ ટકા રહી જયારે ઉપલા ગૃહ રાજ્યસભાની પ્રોડકટીવીટી ૨૯ ટકા રહી.

લોકસભાએ ૧૯ દિવસો સુધી ૬ કલાકના હિસાબથી ચાલવાનુ હતુ. જો કે પેગાસસ જાસૂસીકાંડની તપાસ અને નવા કૃષિ કાયદાને પાછા ખેંચવા જેવી માંગણીઓને લઈને હંગામાના કારણે ગૃહની કાર્યવાહી ખોરવાતી રહી હતી. આ કારણોસર લોકસભામાં માત્ર ૨૧ કલાક જ કામકાજ થયુ તો રાજ્યસભામાં ૨૯ કલાક કામકાજ થયું.

## છેલ્લી ઘડીએ ટેકનીકલ ખામી સર્જાતા ભારતનું મહત્વકાંક્ષી અવકાશ મીશન નિષ્ફળ

નવી દિલ્હી તા.૧૨

વાવાઝોડા તથા હવામાન જેવા કુદરતી ઘટનાક્રમો ઉપર નજર રાખવા માટે તૈયાર કરાયેલા અવકાશી મીશન અંતર્ગત આજે ઈઓએસ-૩ સેટેલાઈટનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લી ઘડીએ ક્રાયોજેનીક એન્જીનમાં ખામી સર્જાતા મીશન નિષ્ફળ ગયુ હતું.

ઈસરો દ્વારા શ્રીહરીકોટા ખાતે સવારે૫.૪૩ વાગ્યે જીએસએલવી-એફ૧૦ મારફત ઉપગ્રહ ઈઓએસ-૦૩ નું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતુ પરંતુ તે સફળ થયુ ન હતું. ઈસરોના વડા સિવને કહ્યું કે પ્રક્ષેપણના ક્રાયોજેનિક તબકકે ટેકનીકલ ક્ષતિ માલુમ પડી હતી. એટલે મીશન સફળ થઈ શકયુ ન હતું. આ મીશન સફળ થયુ હોત તો ભારતને અનેક લાભ મળે તેમ હતા. જીએસએલવી-એફ૧૦ રોકેટ મારફત આ પ્રક્ષેપણનું કાઉન્ટડાઉન ગઈ કાલથી જ શરૂ કરી દેવામાં આવ્યું હતું.

રીપોર્ટમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે ઈસરો ઉપગ્રહ ઈઓએસ-૩ ને ભ્રમણકક્ષામાં પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યું હતું. ઈસરોએ પણ સ્વીકાર્યુ છે કે ક્રાયોજેનીક તબકકે ટેકનીકલ ખામીથી મિશન નિષ્ફળ ગયુ હતું. ૨૦૧૭પછી પ્રથમ વખત ભારતીય અવકાશી મીશન નિષ્ફળ ગયુ છે. આ પુર્વે ઈસરો દ્વારા સતત ૧૪ મીશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા હતા. ફેબ્રુઆરીમાં બ્રાઝીલના ભૂ અવલોકન તથા અન્ય ૧૮ નાના ઉપગ્રહોનું સફળ પ્રક્ષેપણ કર્યુ હતું. વાસ્તવમાં આજે સેટેલાઈટનું લોન્ચીંગ નિર્ધારિત અને સફળતાપૂર્વક જ થયુ હતું. તમામ તબકકે નિયત પ્રક્રિયા આગળ ધપતી રહી હતી. પરંતુ અંતિમ તબકકે ઉપગ્રહના અલગ થવાના સમયે ક્રાયોજેનીક એન્જીનમાં ટેકનીકલ ખામી સર્જાઈ હતી જેને પગલે ઈસરોનો સંપર્ક કપાયો હતો અને ઈસરો પ્રમુખે જાહેર કર્યુ કે મીશન સંપુર્ણ રીતે સફળ થઈ શકયુ નથી. આજે હાથ ધરાયેલુ મીશન એપ્રિલ-મેમાં કરવાનું હતું પરંતુ કોરોનાની લહેરને કારણે મોકુફ રખાયુ હતું. આ મીશન અંતર્ગત સરહદી દેખરેખ તથા વાવાઝોડા-હવામાન પર વોચ રાખવામાં ઘણો લાભ મળે તેમ હતો.

## ગુજરાતનાં મહિલા એસપી સહિત ૬ પોલીસ અધિકારીઓ 'પોલીસ મેડલ'થી સન્માનીત

નવી દિલ્હી તા. ૧૨

કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા જારીકરવામાં આવેલ નોટીફીકેશન અનુસાર ગૃહમંત્રાલયે ૨૦૨૧નાં વર્ષમાં ખૂબજ દેશમાં સારૂ ઈન્વેસ્ટીગેશન કરનારા દેશનાં કુલ ૧૫૨ પોલીસ અધિકારીઓને 'પોલીસ મેડલ' આપવાનું જાહેર કર્યુ છે જેમાં ગુજરાતનાં ૬ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે. જેમાં વિધી ચૌધરી (એસપી), નિતેશ પાંડે (એએસપી), એમ.એલ. સલુકે (ઈન્સ્પેકટર), એમ.વી. તડવી (ઈન્સ્પેકટર), ડી. બી. બારડ (ઈન્સ્પેકટર), એ.વાય. બ્લોચ (ઈન્સ્પેકટર)નો સમાવેશ થાય છે.

## દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેરનાં ભણકારા હોસ્પીટલનાં ૮૦ ટકા બેડ ફુલ

નવી દિલ્હી તા. ૧૨ : દિલ્હીમાં કોરોનાની ત્રીજી લહેર પહેલા પોસ્ટ કોવિડ અને નોન કોવિડ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અહીં કેસ વધવાના કારણે સરકારી હોસ્પિટલમાં વેઈટિંગની સ્થિતિ જોવા મળી રહી છે તો અન્ય હોસ્પિટલના ૮૦ટકા બેડ ભરાઈ ચૂકયા છે. મેકસ, અપોલો, ફોર્ટિસ સહિત મોટા હોસ્પિટલમાં ICU બેડ ફૂલ થયા છે તો સાથે ૨૦૦ હોસ્પિટલના ૨૦ હજાર બેડમાંથી ૧૬,૬૩૬ બેડ કોવિડ માટે આરક્ષિત રખાયા છે. દિલ્હી સરકારના કહેવા મુજબ ૧૬,૩૨૫ બેડ હાલમાં ખાલી છે. તો અન્ય તરફ હોસ્પિટલની વાત કરીએ તો હોસ્પિટલના આંકડા મુજબ ૮૦ ટકા બેડ ફૂલ છે. દિલ્હી સરકારના કહેવા અનુસાર રોજના ૫૦-૬૦ નવા કેસ સામે આવી રહ્યા છે.

## ફિલીપાઈન્સમાં ૭.૧ની તિવ્રતાનો ભુકંપ : સુનામીની ચેતવણી

જાકાર્તા, તા. ૧૨: ગતરાત્રે ફિલિપાઈન્સનાં મિંદનાઓ ટાપુમાં ભૂકંપનાં તીવ્ર આંચકા અનુભવાયાહતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રાત્રે ૧૧:૧૬ વાગ્યે આવેલા ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ ઉપર ૭.૧ નોંધાઈ હતી. આ ભૂકંપની ઉંડાઈ ૪૯ કિમી માપવામાં આવી હતી અને તેનું કેન્દ્ર ઈન્ડોનેશિયાનાં સુલાવેસીથી ૬૯૫ કિમી ઉત્તર-પૂર્વ હતું. અમેરિકી સુનામી ચેતવણી પ્રણાલીએ ભૂકંપને કારણે સુનામીની ચેતવણી જારી કરી છે.

ભૂકંપને કારણેહજુ સુધી કોઈ જાનહાનિ કે નુકસાનનાં અહેવાલ મળ્યા નથી. ઓકટોબર ૨૦૧૩ માં ફિલિપાઈન્સમાં ભયંકર ભૂકંપ આવ્યો હતો. જેમાં બોહોલ ટાપુ ઉપર ૭.૨ ની તીવ્રતાનાં ભૂકંપમાં ૨૨૦ લોકો માર્યા ગયા હતા.

### સીઆઈઆઈની વાર્ષિક બેઠકને વડાપ્રધાન મોદીનું સંબોધન

## રાષ્ટ્રહિતમાં સરકાર મોટામાં મોટુ જોખમ ઉઠાવવા પણ તૈયાર

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ઉદ્યોગ પરિસંઘ (સીઆઈઆઈ) ની વાર્ષિકબેઠકમાં કહ્યું કે આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતાની ઘણી મોટી જવાબદારી ભારતીય ઉદ્યોગો ઉપર છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે સીઆઈઆઈની આ બેઠક આ વખતે ૭૫મા સ્વતંત્રતા દિવસના માહોલમાં, આઝાદીના અમૃત મહોત્સવ વચ્ચે થઈ રહી છે. ભારતીય ઉદ્યોગ જગતના નવા સંકલ્પો, નવા લક્ષ્યો માટે આ ખુબ મોટો અવસર છે. આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતાની ઘણી ખરી જવાબદારી ભારતીય ઉદ્યોગો પર છે. તેમણે કહ્યું કે આજનું નવું ભારત, નવી દુનિયા સાથે ચાલવા માટે તૈયાર છે. જીએસટી લાગૂ કરવાના નિર્ણય અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે દેશમાં એ સરકાર છે જે રાષ્ટ્રહિતમાં મોટામાં મોટું જોખમ ઉઠાવવા માટે પણ તૈયાર છે. જીએસટી આટલા વર્ષો સુધી અટક્યું કારણ કે જે પહેલા સરકારમાં હતા તેઓ પોલિટિકલ રિસ્ક લેવાની હિંમત કરી શક્યા નહીં. અમે જીએસટી માત્ર લાગૂ નથી કર્યો પરંતુ આજે અમે રેકોર્ડ જીએસટી કલેક્શન થતું પણ જોઈએ છીએ.

## સરકાર વિરૂધ્ધ એકતા દર્શાવવા હવે સોનિયા ગાંધી પણ મેદાને : ૨૦ ઓગષ્ટે વિપક્ષોની બેઠક બોલાવી

નવીદિલ્હી, તા. ૧૨ :. સંસદનું ચોમાસુ સત્ર ભારે હંગામા વચ્ચે પુર્ણ થયુ છે. આ દરમ્યાન વિપક્ષે સરકારને સંસદમાં રોકવાનો હરસંભવ પ્રયાસ કર્યો જે સફળ પણ રહ્યો. આ દરમ્યાન રાજકીય પક્ષોમાં કેન્દ્રની એનડીએ સરકાર વિરૂદ્ધ એકતા દર્શાવવાની હોડ લાગી છે. હવે વિપક્ષની એકતાને મજબૂત બનાવવા માટે કોંગ્રેસના વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધી ખુદ રાજકીય મેદાનમાં ઉતરશે. તેમણે શરદ પવાર, મમતા બેનર્જી, ઉદ્ધવ ઠાકરે, એમ.કે. સ્ટાલીન સાથે વાતચીત કરી એક બેઠક યોજવાનું નક્કી કર્યુ છે. આધારભુત સુત્રોનાં જણાવ્યા મુજબ સોનિયા ગાંધીએ આગામી તા.૨૦ ઓગષ્ટે વિપક્ષનાં વરીષ્ઠ નેતાઓની બેઠક બોલાવી છે. સૌથી ખાસ વાત એ છે કે સોનિયા ગાંધીએ મીટીંગ બોલાવ્યાના સમાચાર એ વખતે આવ્યા છે કે જયારે હાલમાં જ કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે પોતાના જન્મ દિવસે ડીનર પાર્ટીમાં અનેક વિપક્ષી નેતાઓને બોલાવ્યા હતા. આ દરમ્યાન વિપક્ષી એકતા અને સંયુકત મોરચાને લઈને ચર્ચા થઈ હતી. આ બધાથી મહત્વની વાત એ હતી કે આ બેઠકમાં કોંગ્રેસના નેતૃત્વ સામે અસંતોષ દર્શાવનાર નેતાઓ પણ મોજુદ હતા. આ બેઠકે સોનિયા અને રાહુલની ચિંતા વધારી દીધીછે. એવુ જણાય છે કે કોંગ્રેસમાં જી-૨૩ નેતાઓ હજુ સક્રિય છે અને હજુ એક છે અને પક્ષની અંદર સખળડખળ હજુ પુરી થઈ નથી.

### આસામ-મીઝોરમ વચ્ચે સરહદ વિવાદ સમ્યો નથી ત્યાં

## હવે મહારાષ્ટ્ર - કર્ણાટક વચ્ચે દાયકાઓ જુના સરહદી વિવાદે માથુ ઉંચકયું

મુંબઈ, તા.૧૨: આસામ અને મિઝોરમ વચ્ચે ચાલી રહેલો સરહદી વિવાદ હજી શમ્યો નથી ત્યાં હવે મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચેના અંદાજે ૬૦ વર્ષ જૂના સરહદી વિવાદે ફરી માથું ઉચકયું છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે કર્ણાટક સાથેના ઘણાં લાંબા સમયથી વિલંબિત સરહદી વિવાદનો ઉકેલ લાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. અજિત પવારે પત્રમાં આ મામલે દરમ્યાનગીરી કરી મરાઠી લોકો ઉપર કર્ણાટક સરકાર દ્વારા કરાતા અત્યાચાર રોકવા અને વિવાદગ્રસ્ત વિસ્તારોનો મહારાષ્ટ્રમાં સમાવેશ કરવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે બંને રાજયો વચ્ચે બેલગામ અને અન્ય સરહદી વિસ્તારોનો વિવાદ ઘણાં વર્ષોથી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. અજિત પવારે જણાવ્યું છે કે મહારાષ્ટ્ર રાજયની રચનાને ૬૦ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં કર્ણાટકના બેલગામ, કરવાર, બિદર, ભાલ્કી, નિપ્પાની તથા અન્ય મરાઠી ભાષી વિસ્તારોનો હજી મહારાષ્ટ્રમાં સમાવેશ નથી કરાયો. મહારાષ્ટ્રની પ્રજા તથા મહારાષ્ટ્રની સરહદે આવેલા કર્ણાટકના વિસ્તારોમાં રહેલા મરાઠી ભાષી વિસ્તારના લોકો વર્ષોથી વણઉકલ્યા આ વિવાદથી વ્યથિત છે. જયાં સુધી 'સંયુકત મહારાષ્ટ્ર'નું સ્વપ્ન પૂરું નહીં થાય ત્યાંસુધી મહારાષ્ટ્ર જંપીને નહીં બેસે. કાનૂની માર્ગે લડાઈ ચાલુ રહેશે.

## ઓબીસી ક્રિમીલેયરની આવક મર્યાદા વધારવાનાં પ્રસ્તાવ ઉપર સરકાર વિચારણા કરશે

નવી દિલ્હી, તા. ૧૨: કેન્દ્ર સરકારે બુધવારે સંસદને જાણ કરી હતી કે અન્ય પછાત વર્ગ (ઓબીસી) માં ક્રીમી લેયર નક્કી કરવા માટે આવકના માપદંડમાં સુધારો કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. આ માહિતી સામાજિક અને સશક્તિકરણ રાજય મંત્રી પ્રતિમા ભૌમિક દ્વારા રાજયસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આપવામાં આવી હતી.

તેલંગાણા રાષ્ટ્ર સમિતિના સભ્ય પ્રકાશ બંદાએ કેન્દ્ર સરકાર પાસેથી જાણવા માંગ્યું કે શું અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગેની સંસદીય સ્થાયી સમિતિએ પણ ઓબીસી ક્રીમી લેયરની વયમર્યાદા વધારવાની ભલામણ કરી છે. જવાબમાં ભૌમીકે કહ્યું કે OBCમાં ક્રીમી લેયર નક્કી કરવા માટે આવકના માપદંડમાં સુધારો કરવા માટે સરકાર પાસે દરખાસ્ત વિચારણા હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે 'ક્રીમીલેયર લેયર'માં OBC ના સામાજિક અને આર્થિકરીતે અદ્યતન સભ્યોનો સમાવેશ થાય છે. હાલમાં ૮ લાખની વાર્ષિક આવક ધરાવતા ઓબીસી પરિવારોને ક્રીમી લેયરનો ભાગ માનવામાં આવે છે. ક્રીમી લેયરના દાયરામાં આવતા પરિવારોને સરકારી શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ૨૭ ટકા અનામતનો લાભ મળતો નથી.

ક્રીમી લેયરમાં વાર્ષિક આવક મર્યાદાની દર ૩ વર્ષે સમીક્ષા કરવાની જોગવાઈ છે, અગાઉ ૨૦૧૭માં ક્રીમ લેયર હેઠળ વાર્ષિક આવકની મર્યાદા વધારીને ૮ લાખ કરવામાં આવી હતી. ૨૦૧૩ માં આવક મર્યાદા વધારીને ૬ લાખ કરવામાં આવી હતી.

## પેટ્રોલ - ડીઝલનાં ભાવ મુદે કેન્દ્ર સરકાર અને રીઝર્વ બેંક વચ્ચે મતભેદો

નવી દિલ્હી, તા.૧૧ : પેટ્રોલ - ડીઝલના વધતા ભાવથી લોકોના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે. મોટાભાગના શહેરોમાં ફ્યૂલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયો છે. મોંઘા પેટ્રોલ અને ડીઝલના કારણે મોંઘવારી દર સતત વધી રહ્યો છે. આથી ઓગસ્ટની મોનિટરિંગ પોલીસીમાં રીઝર્વ બેંકે મોંઘવારી દર લક્ષ્યને વધાર્યો છે. પરંતુ સરકાર તરફથી હજુ પણ ભાવમાં કાપને લઈને કોઈ પણ નક્કર પગલાં લેવાયા નથી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે રાજ્યસભામાંએક સવાલના લેખિત જવાબમાં કહ્યું કે સરકાર ફ્યૂલના ભાવને સતત મોનિટર કરી રહી છે. પોતાના જવાબમાં સીતારમણે કહ્યું કે રિઝર્વ બેંકની મોનિટરી પોલીસી કમિટીએ જૂનમાં ઈન્ટરનેશનલ માર્કેટમાં કોમોડિટીના ભાવમાં તેજી તરફ ધ્યાન આકર્ષિત કર્યુ હતું. આરબીઆઈ ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવમાં તેજીને ગંભીરતાથી લેવાની ચેતવણી ઉચ્ચારી હતી.

નાણામંત્રીએ રિઝર્વ બેંકના નિવેદનનો હવાલો આપતા કહ્યું કે ફ્યૂલ પર એકસાઈઝ ડ્યૂટી, સેસ, કેન્દ્ર અને રાજ્ય તરફથી વસૂલવામાં આવતા અન્ય પ્રકારના ટેકસને ધીરે ધીરે સમન્વિત રીતે સમાયોજિત કરવાની જરૂર છે. આ રીતે ભાવને કંટ્રોલ કરી શકાય છે.

## ટવિટરે રાહુલ ગાંધી સહિત કોંગ્રેસનાં પાંચ દિગ્ગજ નેતાઓનાં એકાઉન્ટ સસ્પેન્ડ કર્યા

નવી દિલ્હી તા. ૧૨

દેશમાં એક તબકકે સરકાર સામે શિંગડા ભરાવીને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો હવાલો આપનાર માઈક્રોબ્લોગીંગ એજન્સી ટવીટર ઉપર જબરી ધોસ બોલ્યા બાદ હવે ઓચિંતા શરૂ કરેલા એકશનમાં એક વિવાદીત ટવીટ બદલ કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધી ઉપરાંત પક્ષના પ્રવકતા રણદીપ સુરજેવાલા સહિત કોંગ્રેસના પાંચ વરિષ્ઠ નેતાઓના એકાઉન્ટ સસ્પેન્ડ કર્યા બાદ હવે કોંગ્રેસ પક્ષનું ટવીટર હેન્ડલ પણ સસ્પેન્ડ કરીદીધું હોવાના અહેવાલ છે. કોંગ્રેસના આ હેન્ડલ ઉપર પેગાસસ સહિતના મુદે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર ઉપર પ્રશ્નોની ઝડી વરસાવી હતી. જો કે હજું કયાં કારણોસર કોંગ્રેસને એકાઉન્ટ સસ્પેન્ડ થયું છે તે જાહેર થયુંનથી. માઈક્રોબ્લોગીંગ પ્લેટફોર્મ દ્વારા ટવીટ માટે જે માન્ય માપદંડનું ઉલ્લેખન બદલ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીનું ટવીટર એકાઉન્ટ સસ્પેન્ડ કરાયા બાદ ગઈકાલે પક્ષના પ્રવકતા રણદીપ સુરજેવાલા સહિત પાંચ વરિષ્ઠ નેતાઓનાં એકાઉન્ટ પણ સસ્પેન્ડ કરી દીધા હતા.

### ૧૫ ઓગષ્ટ નિમિતે

## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ મોટો હુમલો કરવાની ફિરાકમાં : સૈન્ય એલર્ટ

જમ્મુ તા. ૧૨ : ૧૫ ઓગસ્ટ પહેલા જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાનના આતંકીઓ મોટો હુમલો કરવાની ફિરાકમાં છે. જમ્મુ કાશ્મીરના ડીજીપી દિલબાગસિંહે કહ્યું કે લશ્કરે તોયબા અને જૈશ-એ-મોહમ્મદ આતંકી સંગઠનો આ હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે. રાજયના ડીજીપીએ કહ્યું હતું કે આ હુમલાઓને રોકવા માટે સૈન્ય અને પોલીસ બન્નેને રાજયમાં એલર્ટ કરી દેવામાં આવ્યા છે. તેમણે સાથે એમ પણ કહ્યું હતું કે પોલીસ, સૈન્ય અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ બન્ને એકબીજાના સંપર્કમાં છે. સાથે જ પોલીસને એવા પણ રિપોર્ટ મળ્યા છે કે જમ્મુ-કાશ્મીરના અલતાવાદીઓ આતંકી સંગઠનોને ઓક્સિજન પુરૂ પાડી રહ્યા છે. દરમ્યાન કાશ્મીરના બંદીપોરામાંથી મોટાપાયે હથિયારો અને વિસ્ફોટક સામગ્રી જપ્ત કરાયા છે.

## ટુંક સમયમાં હાઈવે ઉપર ટોલપ્લાઝા અને વાહનોની લાંબી લાઈનો બંધ થઈ જશે

નવી દિલ્હી તા. ૧૨ : કેન્દ્રીય માર્ગ અને પરિવહન ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું કે એવો સમય જલ્દી આવશે જયારે હાઈવે ઉપર ટોલ પ્લાઝા અને લાંબી લાઈનો બંધ થઈ જશે. તેને બદલે જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ લાગૂ કરાશે. આગામી ૩ મહિનામાં સરકાર નવી પોલીસી લાવશે. હાઈવે ઉપર ટોલ પ્લાઝા જોવા નહિ મળે. નીતીન ગડકરીએ કહ્યું કે દેશમાં હાલમાં જીપીએસની મદદથી ટોલ વસૂલનારી ટેકનોલોજી નથી. પણ સરકાર આ ટેકનોલોજી ડેવલપ કરવા માટે કામ કરી રહી છે.સરકાર ટોલ બૂથ ખતમ કરી દેશે. અને જીપીએસની મદદથી ટોલ કલેકશન સિસ્ટમ લાગૂ કરાશે. તેઓએ કહ્યું કે હું વિશ્વાસ અપાવું છું કે ૧ વર્ષમાં દરેક ટોલ બૂથ હટાવી દેવાશે. ટોલ કનેકશન જીપીએસની મદદથી થશે એટલે કે ટોલની રકમ ગાડી ઉપરના જીપીએસ ઈમેજિંગના આધારે વસૂલાશે.


## ગુજરાતમાં કોરોના કરતા પણ કેન્સરથી મરનાર લોકોની સંખ્યા વધારે : દર કલાકે ૪ દર્દીનાં મોત

અમદાવાદ તા. ૧૨

છેલ્લા ૧.૫ વર્ષથી વિશ્વભરમાં કોરોના મહામારી ચાલી રહી છે, જેણે ગુજરાતમાં પણ હાહાકાર મચાવ્યો છે. ગુજરાતમાં અત્યારસુધીમાં કુલ ૮,૨૫,૦૮૫ કોરોનાના દર્દીમાંથી ૧૦,૦૭૭એ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે એનાથી પણ ગંભીર કેન્સરની બીમારી છેલ્લાંઘણાં વર્ષોથી રાજયમાં ફેલાઈ રહી છે. કેન્સરને કારણે માત્ર ૩ વર્ષમાં જ રાજયના ૧,૧૧,૯૩૩ દર્દીના જીવ ગયા છે, એટલે કે ગુજરાતમાં કેન્સરને કારણે દર રોજ ૧૦૨, દર કલાકે ૪ અને દર ૧૫ મિનિટે ૧ દર્દીનું મોત થાય છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

પરેશ અનડા ૯૭૧૨૬ ૨૬૨૭૨

ગ્રાહક સેવા કેન્દ્ર
Customer Service Point
SBI ભારતીય સ્ટેટ બેંક
State Bank of India

● રોકડા જમા કરવા ● રોકડા ઉપાડ કરવા
● નવુ બેંક એકાઉન્ટ ખોલવા ● પાસબુક પ્રિન્ટીંગ
● એ.ટી.એમ.


SBI LIFE INSURANCE
SBI GENERAL INSURANCE
SBI HEALTH INSURANCE

સમય : સોમ થી રવિવાર સવારે ૮ થી સાંજે ૮.૦૦ સુધી
૪, ફર્સ્ટ ફલોર, શ્રીનાથજી ચેમ્બર,
દાણાપીઠ દરગાહની સામે, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૬૨૭૨ મો. ૯૨૨૮૧ ૬૬૩૫૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાકબંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨

# ૨૪ કલાકમાં માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો ફરી તમામ સેવા બંધ કરાશે : રેસિડેન્ટ ડોકટર્સની ચિમકી

ગાંધીનગર તા.૧૨

ગેજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે ગઈકાલે થયેલી ચર્ચા બાદ હડતાળ ઉપર ઉતરેલા તબીબોએ આજથી ઈમરજન્સી સેવા શરૂ કરી છે. રેસિડેન્ટ ડોક્ટરોને તેમની માંગ સંતોષવા અંગે મળેલા આશ્વાસન બાદ કોવિડ ડ્યૂટી તેમજ ઇમરજન્સી સેવાઓ ફરી એકવાર શરૂ થઈ છે. પરંતુ ડોકટરોએ જણાવ્યું છે કે, જો ૨૪ કલાકમાં તેમની માંગણીઓ અંગેનિરાકરણ નહીં આવે તો રેસિડેન્ટ તબીબો ફરી એકવાર તમામ સેવાઓ બંધ ફરી સંપૂર્ણ હડતાળ કરશે. તો બીજી તરફ, જામનગરમાં એમપી શાહ સરકારી મેડિકલ કોલેજમાં ઈન્ટર્ન વિદ્યાર્થીઓને ફરજ ઉપર જોડાવા ફરમાન કરાયું છે. સાથે જ કહેવાયું કે, જો ઈન્ટર્ન હાજર નહિ થાય તો તેમનો સમયગાળો વધારાશે. જામનગરની એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજના ડીને રેસિડેન્ટ ડોક્ટરોની ચાલી રહેલી હડતાળમાં સમર્થન કરી રહેલા ઈન્ટર્ન સામે લાલ આંખ કરી છે. ઈન્ટર્નશીપ કરતા તમામ ઈન્ટર્નને તેમની ફરજ ઉપર તાત્કાલિક હાજર થવા ફરમાન કરાયું છે. સાથે જ સૂચના આપવામાં આવી કે, જો ઈન્ટર્ન તબીબો ફરજ ઉપર હાજર નહિ થાય તો તેમની ઈન્ટર્નશિપનો સમયગાળો એક્સ્ટેન્ડ કરવામાં આવશે અત્રે નોંધનીય છે કે, હડતાળ ઉપર રહેલા રેસિડેન્ટ ડોક્ટરો સાથે બેઠકોનો ધમધમાટ શરૂ થયો અને કાલે રાત્રે ૧૦ વાગ્યે જુનિયર ડોકટર્સ એસોસિએશન સાથે બેઠક યોજવામાં આવી હતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેડન્ટ ડોક્ટર જેપી મોદી, જીએમએસના પ્રેસિડેન્ટ, જીએમઈઆરએસ સોલાના ડીન ડોક્ટર નીતિન વોરા તેમજ બીજે મેડિકલ કોલેજના ડીન ડોક્ટર પ્રણય શાહ સાથે આ બેઠકમાં જોડાયા હતા. જે બેઠક સકારાત્મક રહેતા ઈમરજન્સી સેવા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરમ્યાન કમિટીના સભ્યોએ રેસિડેન્ટ ડોકટરોની માંગ અંગે યોગ્ય રજૂઆત કરવા વચન આપ્યું છે. રેસિડેન્ટ તબીબોએ જણાવ્યું છે કે, જ્યાં સુધી આરોગ્ય વિભાગ તરફથી લેખિતમાં માગ નહીં સ્વીકારવામાં આવે ત્યાં સુધી હડતાળ યથાવત રહેશે. આરોગ્ય મંત્રી નીતિન પટેલ સાથે મળનારી બેઠકમાં કમિટીના સભ્યો દ્વારા રેસિડેન્ટ ડોકટરોની માંગ અંગે રજૂઆત કરવા વચન આપવામાં આવ્યું હતું. જેના બાદ સરકાર અને કમિટીના હકારાત્મક વલણને જોતા રેસિડેન્ટ ડોકટરોની હડતાળ હવે અંત તરફ આગળ વધી છે. હડતાળ ઉપર રહેલા રેસિડેન્ટ ડોકટરો ફરી એકવાર કેટલીક ફરજ ઉપર પાછા ફરશે. જો કે હજુ માંગણીઓ સંદર્ભે અંતિમ નિર્ણય ના આવતા માત્ર કોવિડ ડ્યુટી અને ઈમરજન્સી સેવાઓ (ટ્રોમા સેન્ટર) શરૂ કરવામાં આવશે. આજે હડતાળના આઠમાં દિવસે આરોગ્ય વિભાગ અને રેસિડેન્ટ ડોકટરો વચ્ચે સિવિલ સુપ્રીન્ટેડન્ટ, GMC પ્રેસિડેન્ટ તેમજ બી.જે. મેડિકલ કોલેજના ડીનની મધ્યસ્થતાથી સંતોષકારક નિરાકરણ આવે એવી શક્યતા દેખાઈ રહી છે. રેસિડેન્ટ ડોક્ટરો તેમની માંગ સંતોષવા અંગેના મળેલા આશ્વાસન બાદ કોવિડ ડ્યુટી તેમજ ઈમરજન્સી સેવાઓ ફરી એકવાર શરૂ કરાશે. પરંતુ જો ૨૪ કલાકમાં માંગણીઓ અંગે નિરાકરણ નહીં આવે તો ફરી એકવાર તમામ સેવાઓ બંધ કરી રેસિડેન્ટ ડોકટરો ફરી એકવાર સંપૂર્ણ હડતાળ કરશે. ગઈકાલે યોજાયેલી મીટિંગમાં નાયબ મુખ્યમંત્રીએ ડોકટરોને હડતાળ પાછી ખેંચવા અપીલ કરી હતી.

# શિક્ષકો હવે ધારાસભ્ય અને સાંસદોને મળી તેમનું સન્માન કરી પડતર પ્રશ્નોની રજૂઆત કરશે

અમદાવાદ તા.૧૨

શિક્ષકોના પડતર પ્રશ્નો મુદ્દે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શરૂ કરાયેલા આંદોલન અભિયાનમાં સોશિયલ મિડીયા અભિયાન બાદ હવે સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે. જેમાં મહાસંઘના હોદ્દેદારો ધારાસભ્યો, સાંસદ સભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના અગ્રણીઓને રૂબરૂ મળી તેમનું સન્માન કરી શિક્ષકોના પ્રશ્નોથી વાકેફ કરશે. ત્યારબાદ તેમના થકી સરકારમાં ભલામણ કરવાની રજૂઆત કરવામાં આવશે. આમ, હવે ધારાસભ્યો અને સાંસદ સભ્યોને મળી શિક્ષકોના પ્રશ્નોના ઉકેલ માટે મહાસંઘ મેદાનમાં ઉતરશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નોને લઈને ૧ ઓગસ્ટથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રથમ તબક્કામાં સોશ્યલ મિડીયામાં શિક્ષકોએ પોતાના પ્રશ્નો સાથેના ફોટો અપલોડ કર્યા હતા. આ કાર્યક્રમને સફળતા મળ્યા બાદ ૭ ઓગસ્ટના રોજ મહાસંઘ દ્વારા રાજ્યના ૫૦૦ સ્થળોએ ૩૫ હજાર શિક્ષકોએ કાળું તિલક કરી વિરોધ નોંધાવ્યો હતો. આમ, શિક્ષકોના આંદોલનને પગલે શિક્ષણ વિભાગના અધિકારીઓએ હોદ્દેદારોને મળવા માટે બોલાવ્યા હતા અને તેમના પ્રશ્નો અંગે રજૂઆત સાંભળી ૨૦ ઓગસ્ટ સુધીમાં શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા પ્રશ્નોના ઉકેલની ખાતરી આપી હતી. બીજી બાજુ મહાસંઘ દ્વારા પ્રશ્નો ઉકેલાય નહીં ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના મહામંત્રી આર.પી. પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ચાલી રહેલા સોશ્યલ મિડીયાના અભિયાનમાં અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં સરકારનો અભિગમ હકારાત્મક રહ્યો હતો. જેથી આગામી તબક્કામાં શૈક્ષણિક કર્મચારીઓની લાગણી અને માંગણી લેખિત સ્વરૂપે ધ્યાને લઈને સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે.

જેમાં ધારાસભ્યો, સાંસદ સભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ, પ્રદેશ પ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ, પ્રાંતના પ્રદેશઅધ્યક્ષ તેમજ સંગઠનમંત્રી વગેરે પદાધિકારીઓની મુલાકાત લઈને તેમનું સન્માન કરીને પડતર માંગણીઓ અંગે ધ્યાન દોરવામાં આવશે. ત્યારબાદ તેમને નાયબ મુખ્યમંત્રી સમક્ષ પ્રશ્નો અંગે ભલામણ કરવા માટે રજૂઆત કરાશે.

# કોરોનાને લઈ અમદાવાદમાં આ વર્ષે પણ તાજિયાનું જુલૂસ ન કાઢવા કમિટીનો નિર્ણય

અમદાવાદ તા.૧૨

કરબલાના શહીદોની યાદમાં અમદાવાદ સહિત રાજ્યમાં અનેક સ્થળોએ તાજિયા જુલૂસ નીકળે છે. જોકે, ગત વર્ષે કોરોના મહામારીને કારણે તાજિયા જુલૂસ નીકળ્યા ન હતા. આ વર્ષે પણ ૨૦મી ઓગસ્ટે અમદાવાદ શહેરમાં તાજિયાનું જુલૂસ ન કાઢવાનો મોહર્રમની તાજિયા કમિટીએ નિર્ણય કર્યો છે. દર વર્ષે શ્રદ્ધા અને આસ્થા સાથે હઝરત ઈમામ હુસેન(ર.અ.) તથા ૭૨ શહીદોની યાદમાં તાજિયા જુલૂસ ઠેર-ઠેર કાઢવામાં આવે છે, જેમાં હિન્દુ-મુસ્લિમ શ્રદ્ધાળુઓ ભાગ લે છે અને પોતાની માનતા માને છે. ગત વર્ષે કોરોના મહામારી તથા સરકારની સોશ્યલ ડિસ્ટન્સની ગાઈડલાઈનને અનુસરી રાજ્યભરમાં તાજિયા જુલૂસ કાઢવામાં આવ્યા ન હતા અને સરકારની ગાઈડલાઈનનું પાલન કર્યું હતું. હાલમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેર તથા સરકારની કોરોનાની ગાઈડલાઈન્સ-સોશ્યલ ડિસ્ટન્સનો લઈ તાજિયા કમિટીના આયોજકો તથા અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ જેસીપી પ્રેમવીરસિંહ સેક્ટર-૧ જેસીપી આર.વી.અસારી અને તમામ ઝોનના ડીસીપી સાથે બેઠક યોજાઈ હતી, જેમાં સરકારની લોકોના ભેગા ન થવાની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી તાજિયા કમિટીએ જુલૂસ ન કાઢવાનો નિર્ણય લીધો હતો. આ અંગે તાજિયા કમિટીના પ્રમુખ પરવેજ મોમીને જણાવ્યું હતું કે, લોકો પોતાના ઘર અથવા મેદાનમાં તાજિયા રાખી જે ધાર્મિક વિધિ કરવાની છે, તે કરી શકશે. પરંતુ જાહેરમાં તાજિયાનું જુલૂસ કાઢી શકશે નહીં.

# બંને ડોઝ લેનારાને RT-PCRમાંથી મુક્તિની માંગણી

પૂણે તા.૧૨

પ્રવાસન મંત્રાલયે રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશોને વિનંતી કરી છે કે, વેક્સીનના બંને ડોઝ લઈ ચૂકેલા આંતરરાજ્ય પ્રવાસ કરતાં લોકોને આરટી-પીસીઆર ટેસ્ટ કરાવામાંથી મુક્તિ આપવી જોઈએ. સંપૂર્ણ રસીકરણ કરાવી ચૂકેલા આ લોકોએ જે-તે રાજ્યમાં પ્રવેશ્યા બાદ પોતાનું વેક્સિનેશન સર્ટિફિકેટ બતાવવું. પ્રવાસન મંત્રાલયે રાજ્યોના મંત્રીઓને પત્ર લખીને રજૂઆત કરી છે કે, તમામ રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશો કોરોના કાળમાં ટ્રાવેલિંગ માટે એકસમાન પ્રોટોકોલનું પાલન કરે", તેમ પ્રવાસન મંત્રાલયના એડિશનલ ડાયરેક્ટર જનરલ રૂપિન્દર બ્રારેને જણાવ્યું. ૯ ઓગસ્ટે પ્રવાસન મંત્રી જી. કિશન રેડ્ડીએ લોકસભામાં કહ્યું હતું, મંત્રાલયે રાજ્યો અને કેંદ્રશાસિત પ્રદેશોને વિનંતી કરી છે કે, વેક્સીનના બંને ડોઝ લેનારા પેસેન્જરોને આંતરરાજ્ય પ્રવાસ કરતી વખતે આરટી-પીસીઆર રિપોર્ટ લઈ જવામાંથી મુક્તિ આપવામાં આવે. હાલની પરિસ્થિતિની વાત કરીએ તો, કેટલાક રાજયોએ રસીના બંને ડોઝ લેનારા મુસાફરોને નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ લઈને આવવામાં મુક્તિ આપી છે. પરંતુ પશ્ચિમબંગાળ (મુંબઈ, પૂણે અને ચેન્નાથી આવતા પેસેન્જરો માટે આરટી-પીસીઆર ફરજિયાત), કર્ણાટક, ગોવા, છત્તીસગઢ જેવા રાજ્યો રસીના બંને ડોઝ લેનારા મુસાફરો પાસેથી પણ નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટ માગે છે.

રૂપિન્દર બ્રારે કહ્યું, પ્રવાસન મંત્રાલય તમામ રાજ્યોને એકસમાન પ્રોટોકોલનું પાલન કરવા માટે મનાવી રહ્યું છે. જે મુસાફરોએ રસીના બંને ડોઝ લીધા હોય તેમણે પોતાનું ફાઈનલ વેક્સીનેશન સર્ટિફિકેટ બતાવાનું રહેશે અને તેમના માટે આરટી-પીસીઆર ટેસ્ટ કરાવો ફરજિયાત નહીં રહે. આ પ્રકારનો સમાન પ્રોટોકોલ બધા જ રાજ્યો અમલમાં મૂકે તે માટે પ્રવાસન મંત્રાલય પ્રયત્નશીલ છે. ૫ ઓગસ્ટે પ્રવાસન મંત્રાલયે ફેડરેશન ઓફ અસોસિએશન્સ ઈન ઈન્ડિયન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી તેમજ તમામ રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. જેમાં કોરોના કાળ દરમ્યાન ટ્રાવેલ પ્રોટોકોલ સામંજસ્યપૂર્ણ હોય તે માટે ચર્ચા કરવામાં આવી હતી.

# જાતિ આધારિત વસ્તીનો નવો ડેટા ફરીથી એકત્રિત કરીશું નહીં : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી તા.૧૨

કેન્દ્ર સરકારે બુધવારે સંસદમાં જણાવ્યુંહતું કે, તે જાતિ આધારિત વસ્તીનો નવો ડેટા એકત્રિત કરશે નહીં. કેન્દ્ર સરકારે જણાવ્યું કે, ૨૦૧૧માં સામાજિક-આર્થિક જાતિની વસ્તી ગણતરી દરમ્યાન એકત્રિત કરવામાં આવેલી જાતિનો ડેટા રજિસ્ટ્રાર જનરલ પાસે છે પરંતુ ડેટા રજૂ કરવાની કોઈ દરખાસ્ત નથી કારણ કે તેમાં આરજીઆઈ દ્વારા નોંધાયેલી ઘણી તકનીકી સમસ્યાઓ છે અને ડેટા પણ ખૂબ જ જૂનો થઈ ગયો છે અને ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. સરકારે સંસદને જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી ૨૦૨૧ જ્યારે કરવામાં આવશે ત્યારે માત્ર એવા એસસી અને એસટીની ગણતરી કરશે જેમને ૧૯૫૦ના બંધારણીય આદેશના માધ્યમથી સૂચિત કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, આ લોકસભામાં એક લેખિત પ્રશ્નના લેખિત ઉત્તરમાં છે કે, શું સરકાર સામાન્ય દશકીય મતગણતરી ૨૦૨૧ની સાથે જાતિ ગણતરી કરવાની યોજના બનાવી રહી છે. તેમણે કહ્યું કે, વસ્તી ગણતરીમાં જાતિ અને જનજાતિ જેમને વિશેષ રીતે અનુસૂચિત જાતિ(એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ના રૂપમાં બંધારણ (અનુસૂચિત જાતિ) આદેશ ૧૯૫૦ અને બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ ૧૯૫૦ સમય-સમયે સંશોધનના અનુસાર સુધારા કરવામાં આવે છે અને ગણવામાં આવે છે.

રાયે કહ્યું કે, સામાજિક આર્થિક વસ્તી ગણતરી ૨૦૧૧ ગ્રામ્ય વિકાસ મંત્રાલય તથા હાઉસિંગ અને અર્બન પોવર્ટી એલિવિએશન મંત્રાલય દ્વારા કરાઈ હતી જે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કરાઈ હતી. જેમાં જાતિનો ડેટા છોડીને બાકીનો ડેટા બહાર પડાયો હતો. તેમણે કહ્યું કે, ભારતના રજિસ્ટ્રાર જનરલની કચેરીએ એસઈસીસી-૨૦૧૧ના સંચાલનમાં રસદ અને તકનીકી સહાયતા પ્રદાન કરી હતી. કાચો જાતિ ડેટા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયને પૂરો પાડ્યો હતો.

# ચીન અને પાકિસ્તાનની ઘૂસણખોરી ઉપર નજર રાખશે અમદાવાદના કેમેરા

અમદાવાદ તા. ૧૨

હજારો કિલોમીટરમાં ફેલાયેલી ભારતની સરહદ પર પાકિસ્તાન અને ચીન સાથે સતત વિવાદ રહે છે. આ માટે ભારતીય સેના બોર્ડર પર સતત નજર રાખતી હોય છે. છેલ્લાં અમુક વર્ષોથી ટેકનોલોજી આધારિત સર્વેલન્સનો વપરાશ વધ્યો છે. જોકે આને માટે ભારતે અમેરિકા, રશિયા અને ઈઝરાયેલ જેવા દેશો પર આધાર રાખવો પડે છે, પણ હવે ભારત આ બાબતે પગભર બની રહ્યું છે અને આ માટે જ દેશની કંપનીઓને ડિફેન્સ તરફથી ઓર્ડર મળી રહ્યા છે. આ કેમેરાની અનેક ખાસિયત છે. તેમાની એક છે કે વાહન ૨૦ કિમી દૂર હશે તો પણ કહેશે કે તેમા સેના છે કે સામાન.

સરહદની દેખરેખ માટે સર્વેલન્સ કરવા ચીનની બોર્ડર પર આર્મી ખાસ પ્રકારના સર્વેલન્સ કેમેરા ગોઠવી રહ્યું છે અને આનો એક ભાગ બનશે અમદાવાદનું સ્ટાર્ટઅપ ઓપ્ટિમાઈઝ ઈલેક્ટ્રોટેક. બીજા શબ્દોમાં કહીએ તો ભારતની ચીન અને પાકિસ્તાન સાથેની બોર્ડર પર ઘૂસણખોરી સામે અમદાવાદમાં ડિઝાઈન થયેલા કેમેરા નજર રાખશે. ઓપ્ટિમાઈઝ ઈલેક્ટ્રોટેકના કો-ફાઉન્ડર સંદીપ શાહે દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે અત્યારે ચીનની બોર્ડર પર અમે બનાવેલો એક કેમેરા લગાવવામાં આવ્યો છે. સરહદ પર અલગ અલગ વાતાવરણમાં એનાં કેવાં પરિણામો મળે છે એ માટે ચીન સાથેના બોર્ડર વિસ્તારમાં એક ટ્રાયલ કરવામાં આવી હતી. સીમાપારથી થતી ઘૂસણખોરી તેમજ પાડોશી રાષ્ટ્રોના સૈનિકોની હિલચાલ પર આ કેમેરાથી નજર રાખી શકાય છે.

# જાતિ આધારિત વસ્તી ગણતરી અંગે સરકાર 'મૌન' કેમ ? : કોંગ્રેસ

નવી દિલ્હી તા.૧૨

કોંગ્રેસે બુધવારે રાજયસભામાં સરકારને સવાલ કર્યો હતો કે, જાતિ આધારિત વસ્તી ગણતરી અંગે તે ચૂપ કેમ છે અને ભાગી કેમ રહી છે જે લોકસભામાં સત્તાધારી ભાજપના મહિલા સાંસદે ઉલ્લેખ કર્યો હતો અને બિહાર તથા ઓડિશાના મુખ્યમંત્રીઓએ પણ ચર્ચા કરી હતી. વિપક્ષી પાર્ટીએ કહ્યું કે, અન્ય પછાત વર્ગ (ઓબીસી) જાતિઓની ઓળખ કરવા અને યાદી બનાવવાનો અધિકાર બહાલ કરનારા બંધારણ (૧૨૭મું સશોધન) ખરડો ૨૦૨૧નું સમર્થન કર્યું અને ૫૦ ટકા અનામતની મર્યાદાનો સમાપ્ત કરવાની તરફેણ કરી હતી. રાજયસભામાં આ ખરડાની ચર્ચાની શરૂઆત કરતાં કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવીએ કેન્દ્ર સરકાર ઉપર જાતિ આધારિત વસ્તી ગણતરીથી દૂર ભાગવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે પણ તેનું સમર્થન કર્યું છે આવા સમયે કેન્દ્ર સરકાર આ મુદ્દે ચૂપ કેમ છે. તેમણે પૂછ્યું કે, તમે જાતિ આધારિત વસ્તી ગણતરીથી દૂર કેમ ભાગી રહ્યા છે ? કેમ ડરી રહ્યા છે ? બિહાર અને ઓડિશાના મુખ્યમંત્રીઓ પણ તેના સમર્થનમાં છે. કાલે તો તમારા એક સાંસદે પણ તેના સમર્થનમાં વાત કરી હતી. પછી સરકાર ચૂપ કેમ બેઠી છે. સરકારે અત્યાર સુધી સ્પષ્ટ કેમ નથી કર્યું.

અથવા તો સ્પષ્ટ કરવા માગતી જ નથી. કદાચ સરકારને એવી ખબર છે કે, ઓબીસીનો અસલી આંકડો ૪૨થી ૪૫ ટકાની નજીક છે. સિંઘવીએ કહ્યું કે આ ખરડામાં અનામતની મર્યાદા અંગે એક શબ્દ પણ નથી.

# ત્રીજી લહેરની શરૂઆત ? : બેંગલુરૂમાં પાંચ દિવસમાં ૨૪૨ બાળકો કોરોના પોઝિટિવ

બેંગલુરૂ તા. ૧૨

કોરોના વાયરસની બીજી લહેરે દેશમાં તાંડવ મચાવ્યું હતું. ત્યારબાદ નિષ્ણાંતોએ ત્રીજી લહેરને લઈને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે તેની સૌથી વધુ અસર બાળકો પર જોવા મળશે. હવે તેમ લાગી રહ્યું છે કે દેશમાં કોરોનાની ત્રીજી લહેરની એન્ટ્રી થઈ ગઈ છે. બેંગલુરૂમાં છેલ્લા પાંચ દિવસમાં ઓછામાં ઓછા ૨૪૨ બાળકો કોરોના પોઝિટિવ આવ્યા છે. સ્વાસ્થ્ય અધિકારીઓએ ચેતવણી આપી કે આવનારા સમયમાં આ આંકડો વધી શકે છે. આ મામલાને ત્રીજી લહેરની એન્ટ્રીના રૂપમાં જોવામાં આવી રહ્યાં છે.

મંગળવારે કર્ણાટકમાં કોરોનાના ૧૩૩૮ નવા કેસ સામે આવ્યા અને ૩૧ લોકોના મોત થયા છે. નિષ્ણાંતો પહેલા ચેતવણી આપી ચુકયા છે કે કોરોનાની ત્રીજી લહેર સૌથી વધુ બાળકોને પ્રભાવિત કરી શકે છે. તેવામાં બાળકો આટલા મોટી સંખ્યામાં સંક્રમિત મળવા ડરાવે છે.

બેંગલુરૂ મહાનગર પાલિકાએ કહ્યું કે છેલ્લા પાંચ દિવસમાં ૧૯ વર્ષથી નાની ઉમરના ૨૪૨ બાળકો પોઝિટિવ આવ્યા છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે કોવિડની ત્રીજી લહેર શરૂ થઈ ચુકી છે.

આંકડા અનુસાર શહેરમાં છેલ્લા પાંચ દિવસમાં ૯ વર્ષથી ઓછી ઉમરના ૧૦૬ બાળકો અને ૯થી ૧૯ વર્ષની વચ્ચેના ૧૩૬ બાળકો કોરોના પોઝિટિવ આવ્યા છે. સ્વાસ્થ્ય વિભાગે ચેતવણી આપી છે કે આવનારા દિવસોમાં બાળકોના પોઝિટિવ કેસ વધી શકે છે.

૨૩ ઓગસ્ટથી કૌન બનેગા કરોડપતિ-૧૩ શરૂ થશે

# સોમનાથ મહાદેવને ધ્વજા ચડાવી સૌનાં કલ્યાણની કામના કરાઈ




જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં કોમી એકતાનાં પ્રતીક સમી ઉપલા દાતારની જગ્યાના મહંત ભીમબાપુ દ્વારા પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે સોમનાથ મહાદેવના મંદિર ઉપર ધ્વજા ચડાવવામાં આવી હતી. દાતારની જગ્યાના સેવકો દ્વારા એવી ઈચ્છા હતી કે, શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવને ધજા ચડાવી કોરોના મહામારીનો ખાત્મો થાય અને માનવ જાતનાં કલ્યાણ માટે પ્રાર્થના કરાઈ હતી.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

# પરમીશન વગર દરીયામાં માચ્છીમારી સામે દ્વારકા પોલીસની લાલ આંખ



દ્વારકા તા.૧૨

ગુજરાતમાં આ વખતે મચ્છીમારી સિઝન ૧ ઓગસ્ટને બદલે ૧ સપ્ટેમ્બરથી શરૂ થશે તેવા રાજયનાં દરેક જીલ્લામાં પરિપત્ર બહાર પાડી કાનુની ચેતવણી આપવામાં આવી હતી. છતાં પણ અત્યારથી જ કેટલાક મચ્છીમારો દરિયામાં પોતાનાં જોખમે પરમિશન ટોકન વગર ફિશીંગમાં જવા લાગતા તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઈએ એવી કેટલાક સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકામાં પણ ઓખા બેટ દરિયા ખેડૂ ફિશીંગ બોટ એસોસિએશન દ્વારા આવેદન પત્ર આપી આ અંગે સરકાર, કોસ્ટગાર્ડ તથા મરીન પોલીસે ઘટતું કરવા માંગ કરી છે. ત્યારે સ્થાનિક પોલીસે પણ માછીમારો સામે લાલ આંખ કરી મચ્છીમારી માટે ગયેલા સામે એફઆઈઆર પણ કરી છે.

# ખંભાળિયામાં લાયન્સ ક્લબ દ્વારા જરૂરિયાતમંદોને કીટ વિતરણ કરાઈ



જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપક્રમે તાજેતરમાં યોજવામાં આવેલા એક ખાસ કાર્યક્રમ અંતર્ગત સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે જરૂરીયાતમંદ પરિવારને કીટ વિતરણ કરવામાં આવી હતી. લાયન્સ ક્લબના એક્ઝિક્યુટિવ ડીસ્ટ્રીકટ કેબિનેટ સેક્રેટરી શૈલેષભાઈ કાનાણીની પ્રેરણાથી ખંભાળિયાના મુળ વતની અને હાલ યુકે (લેસ્ટર) સ્થિત કંચનબેન રમણીકલાલ સંઘવી (હસ્તે દીપકભાઈ સંઘવી)ના આર્થિક સહયોગથી ૧૨૧ જરૂરિયાતમંદ પરિવારોને લાયન્સ ક્લબના સૌરાષ્ટ્ર-કચ્છ વિભાગના ડિસ્ટ્રિક્ટ ગવર્નર વસંતભાઈ મોવલીયાના હસ્તે જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે દાતા પરિવારનો પરિચય લાયન્સ ક્લબના પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ધીરેનભાઈ બદીયાણીએ આપી, દાતા પરિવાર પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત જામનગર સ્થિત વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર એસ.કે. ગર્ગે સર્વે લાયન્સ સભ્યોને સુંદર પ્રવૃત્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે આગામી વર્ષનાં વરાયેલા પ્રમુખ મનસુખભાઈ નકુમ, સેક્રેટરી મિલનભાઈ સાયાણી, તેમજ ટ્રેઝરર ડોકટર શાલિનભાઈ પટેલે ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ૧૨૧ જેટલા પરિવારોએ આ જીવન જરૂરી ચીજવસ્તુઓની કિટ મેળવીને દાતા પરિવાર તથા લાયન્સ ક્લબના સભ્યો પ્રત્યે આભાર અને ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જે બદલ ઝોન ચેરમેન સંજય બરછાએ સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ધ્યાને લઈ દરીયાઈ વિસ્તારમાં સાવચેતી અને તકેદારીનાં પગલા



જૂનાગઢ, તા.૧૨


જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પ્રતાપસિંહ પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિતેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ આગામી દિવસોમાં આવનાર રાજય કક્ષાની ૧૫મી ઓગષ્ટની ઉજવણી જૂનાગઢ શહેરમાં થનાર હોય જે અનુસંધાનો જૂનાગઢ જીલ્લાની દરીયાઈ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃતિ અટકાવવા તથા કોસ્ટલ વિસ્તારને સતર્ક કરવા સુચના કરેલ જેના ભાગરૂપે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ.એચ.આઈ. ભાટી તથા પો.સબ. ઈન્સ. જે.એમ. વાળા તથા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નાશીલ હોય તેમજ રાજય કક્ષાની ૧૫મી ઓગસ્ટની ઉજવણી દરમ્યાન દરીયાઈ માર્ગેથી કોઈ આંતકવાદી જુથ દ્વારા પ્રવેશ કરી રાષ્ટ્રીય કાર્યક્રમ દરમ્યાન કે તે પહેલા કોઈપણ ભોગે હુમલો કરી ભયનો માહોલ ઉત્પન કરી દેશને તેમજ દેશની આમ જનતાને ભયમાં મુકી અને રાષ્ટ્રીય કક્ષાની ૧૫મી ઓગસ્ટની ઉજવણીમાં વિક્ષેપ ઉભો કરે નહીં તેમની તકેદારીના ભાગરૂપે એસ.ઓ.જી. શાખા દ્વારા કોસ્ટલ વિસ્તારોમાં જઈ શીલબારા, શેરીયાજબારા તેમજ માંગરોળ બંદરો ઉપર ફિશરમેન વોચગૃપના સભ્યો તથા માચ્છીમારો તથા આગેવાનો તથા બોટ માલીકોને હાજર રાખી મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગ દરમ્યાન હાજર રહેલ તમામને સમજ કરવામાં આવેલ કે, આગામી દિવસોમાં આવનાર રાજય કક્ષાની ૧૫મી ઓગષ્ટની ઉજવણી જૂનાગઢ શહેરમાં થનાર હોય જેમની તકેદારીના ભાગરૂપે દરીયાઈ માર્ગેથી કોઈ આંતકવાદી જુથ કે કોઈ હુમલાખોર ઘુસણખોરી કરી આંતકવાદી હુમલો, જાસુસી, અપહરણ, દેશવિરોધી પ્રવૃતિ કરવામાં સફળ ન થાય જે હેતુથી દરીયામાં એકથી વધુ બોટના જુથમાં માછીમારી કરવી તેમજ

## એસ.ઓ.જી. દ્વારા ફિશરમેન વોચ ગૃપનાં સભ્યો સાથે બેઠક યોજી

માછીમારી કરતી વખતે કોઈ શંકાસ્પદ બોટ, વ્યકિતઓ જણાયે તુર્તજ સુરક્ષા એજન્સીઓનો જાણ કરવા સુચનાઓ આપવામાં આવેલ તેમજ માછીમારી કરતી વખતે શંકાસ્પદ જણાયેલ બોટ કે વ્યકિતથી જરૂરી ડિસ્ટન્ટ રાખી તેઓની પ્રવૃતિ તેમજ હિલચાલ ઉપર જરૂરી નજર રાખી પળેપળની માહિતીની સુરક્ષા એજન્સીઓને જાણ કરવા સુચના આપવામાં આવેલ તેમજ સુરક્ષા એજન્સીઓ પહોંચે તે પહેલા જરૂર જણાયે નજીકની બોટના સંપર્કમાં રહી જેમને મદદે બોલાવવા સુચના આપવામાં આવેલ હતી તેમજ હાજર રહેલ બોટ માલીકોને તેઓની બોટના ટંડેલ તેમજ માવીમારો જયારે પણ દરીયામાં માછીમારીએ જાય ત્યારે તેઓનો શંકાસ્પદ દરીયઈ હિલચાલ જણાયે જાણ કરવા તેમજ તેઓની સાથે સતત સંપર્કમાં રહી અને તેઓની પ્રવૃતિ તેમજ દરીયાઈ હિલચાલ જણાયે જાણ કરવા તેમજ તેઓની સાથે સતત સંપર્કમાં રહીને તેઓની પ્રવૃતિ તેમજ દરીયાઈ હિલચાલ અંગેની વોચ રાખવા માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ આગેવાનોને પ્રવર્તમાન પરીસ્થિતિને ધ્યાને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે બાબતે સતર્ક કરવામાં આવેલ તથા કોસ્ટલ પોલીસ સ્ટેશનના અધિકારીઓને પણ અવાર-નવાર લેન્ડીંગ પોઈન્ટ, વાઈટલ ઈન્સ્ટોલેશન, જેટી બંદર ઉપર પરપ્રાંતિય ઈસમો વધુમાં વધુ ચેક કરવા તથા તેમના ઉપર વોચરાખવા સુચના આપેલતથા કોસ્ટલ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ રાખવા તથા ચેકપોસ્ટ ઉપર વધુમાં વધુ વાહન ચેકીંગની કાર્યવાહી કરવા સુચનાઓ અપાઈ હતી.

# પ્રખર શિક્ષણવિદ, કેળવણીકાર અને માજી સાંસદ નાનજીભાઈ વેકરીયાને સૌરાષ્ટ્રનાં પ્રતિષ્ઠિત 'એમિનન્સ એવોર્ડ'થી સન્માનિત કરાયા





જૂનાગઢ, તા.૧૨ : જૂનાગઢના પ્રખર શિક્ષણવિદ, કેળવણીકાર, સમાજસેવક, માજી સાંસદ અને જૂનાગઢ જૂનીયર ચેમ્બર એજયુકેશન ટ્રસ્ટના સંસ્થાપક, પ્રમુખ નાનજીભાઈ વેકરીયાને જૂનાગઢ શહેરમાં શૈક્ષણિક ક્ષેત્રે પ્રથમ કોમર્સ, કાયદા, બી.બી.એ., એમ.બી.એ., બી.સી.એ., ફાર્મસી અને માસ્ટર ઓફ લો કોલેજ શરૂ કરવા તેમજ શહેરના સર્વાંગી વિકાસમાં અભૂતપૂર્વ ફાળો આપવા બદલ પૂજય ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝાના વરદહસ્તે સૌરાષ્ટ્રનો પ્રતિષ્ઠીત એમિનન્સ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જૂનાગઢ જીલ્લાને એજયુકેશન હબ બનાવવાના મહાયજ્ઞમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા શિક્ષણવિદ માજી સાંસદ નાનજીભાઈ વેકરીયાને આ અગાઉ પણ અનેક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

# જૂનાગઢમાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ગરિમાપૂર્ણ ઉજવણી કરાશે, તડામાર તૈયારીઓ

**તા.૧૪મી ઓગસ્ટે સાંજે એટહોમ, ગુજરાતના સ્વાતંત્ર્યવીરોના બલિદાન, આરઝી હકુમત સહિતની શોર્યગાથા રજુ કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે : તા.૧૫મી ઓગસ્ટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે બિલખા રોડ ઉપર પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજયકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ કોવીડ પ્રોટોકોલ સાથે યોજાશે**




જૂનાગઢ, તા.૧૨

૭૫માં સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢ જિલ્લામાં થનાર છે.જૂનાગઢ ખાતે રાજયકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ધ્વજવંદન થશે. આ મુખ્ય કાર્યક્રમ બીલખા રોડ ઉપર આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જયાં મુખ્યમંત્રીના હસ્તે સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન થશે. પોલીસ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, લેજીમ નૃત્ય અને ડોગ શો , ડ્રોનનું ડેમોસ્ટ્રેશન, શૌર્યગીતો સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે.તા.૧૪ ઓગષ્ટના રોજ સાંજે કૃષિ યુનિ. ખાતે એટહોમ કાર્યક્રમ તેમજ સાંજે ૭-૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ કૃષિ યુનિ. ગ્રાઉન્ડ ખાતે યોજાશે. આ ઉજવણી સંદર્ભે પૂર્વ તૈયારીની કામગીરી અંગે સમીક્ષા બેઠક કલેકટર રચિત રાજના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ગરિમાપૂર્ણ ઉજવણી સંદર્ભે સુચારૂ વ્યવસ્થા માટે કરવામાં આવેલ ૧૮ સમિતિઓના અધ્યક્ષને સોંપાયેલી કામગીરી અંગેના આયોજન, આનુસંગિક કામગીરીઓની સમીક્ષા, ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં તા.૧૪ તથા તા.૧૫ ઓગસ્ટની ઉજવણી સંદર્ભે કલેક્ટરે સ્ટેજ અને બેઠક વ્યવસ્થા, પાર્કિંગ સ્થળ, મીનીટ ટુ મીનીટ કાર્યક્રમની સમીક્ષા, કાર્યક્રમના સ્થળે વીજ પુરવઠો, પાણી, સફાઈ જરૂરી ફાયર ફાઈટર, ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ, કાર્યક્રમમાં સહભાગી થનાર મહાનુભાવો, વીવીઆઈપી, પદાધિકારીઓની વ્યવસ્થા, ધ્વજનંદન, ડ્યુટીપાસ, મીડિયા પાસ, જૂનાગઢ શહેર તથા જિલ્લાના ઐતિહાસિક સ્મારકો, સરકારી ઈમારતો, જાહેર સ્થળોએ રોશની, કાર્યક્રમના સ્થળે પીજીવીસીએલની ટીમ કાર્યરત રાખવા, સન્માનિત થનાર મહાનુભાવોની યાદી-સન્માનપત્રક, મહેમાનો માટે એકોમોડેશનની વ્યવસ્થા, કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ કાર્યક્રમના સ્થળે માસ્ક, થર્મલગન, સેનેટાઈઝર, આરોગ્યવિષયક વ્યવસ્થા અંગે શહેરની સફાઈ, કાર્યક્રમના સ્થળોએ જરૂરી મોબાઈલ ટોયલેટ બ્લોકની વ્યવસ્થા સહિતની આનુસંગિક કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ડીડીઓ મીરાંત પરીખ, મ્યુનિ. કમિશ્નર રાજેશ તન્ના, અધિક કલેકટર બાંભણિયા, એસડીએમ અંકિત પન્નુ સહિતના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ખાતે ઔદ્યોગીક તથા શ્રમ અદાલતના નવા કોર્ટ બિલ્ડીંગનું આવતીકાલે લોકાર્પણ

જૂનાગઢ, તા.૧૨ : જૂનાગઢ ખાતે ઔદ્યોગીક તથા શ્રમ અદાલતના નવા કોર્ટ બિલ્ડીંગનું આવતીકાલ તા.૧૩/૮/૨૦૨૧ સવારે ૯:૩૦ કલાકે ગુજરાત સરકારના કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ઈ-લોકાર્પણ (વર્ચ્યુઅલ)નો કાર્યક્રમ યોજવામાં આવનાર છે તેમ મજુર અદાલત જૂનાગઢના ન્યાયધીશ એ.એમ. શેખની યાદીમાં જણાવેલ છે.

# કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડ દ્વારા વેલ્યુ ફંડ એનએફઓ ૧૩મી ઓગસ્ટથી ૨૭મી ઓગસ્ટ, ૨૦૨૧ સુધી રજૂ કરાશે


અમદાવાદ, તા.૧૨

કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ દ્વારા તેની ન્યે ફંડ ઓફર (એનએફઓ) કેનેરા રોબેકો વેલ્યુ ફંડ લોન્ચ કરવાની ઘોષણા કરવામાં આવી છે.

આ ઓપન એન્ડેડ ઈકિવટી યોજના જે વેપારો તેમના આંતરીક મુલ્ય કરતા ઓછા ભાવે ટ્રેડીંગ કરતા હોય અને ભવિષ્યમાં તેમનું અસલ મુલ્ય પ્રાપ્ત કરવાની અપેક્ષા ધરાવતા વેપારોમાં રોકાણ કરવા માટે મુલ્ય રોકાણ વ્યૂહરચનાનું પાલન કરશે. નવી યોજના કેનેરા રોબેકો વેલ્યુ ફંડ અત્યંત અનુકૂળ મુલ્યાંકન ટેકિનકનો ઉપયોગ કરશે.

કેનેરા રેબેકો વેલ્યુ ફંડ એનએફઓ રજૂ કરવાની વ્યવહારૂ ઉપર બોલતા અનો માર્કેટીંગના હેડ મોહિત ભાટીયાએ જણાવ્યું હતું કે, બાજારો વૈશ્વિક અનો ઘર આંગણાની પ્રવાહિતા દ્વારા પ્રેરીત થઈ રહી છે ત્યારે કેનેરા રોબેકો વેલ્યુ ફંડ નામે અમારી નવી ફંડ ઓફર રજૂ કરવાની અમનો બેહદ ખુશી છે.

# પ.પૂ.સદગુરૂ અમર સાહેબનાં જીવન ચરિત્રને આવરી લેતું પુસ્તક એટલે અમર જ્ઞાન ધારા ભાગ-૧




ઉગમ કૃપા અમર જ્ઞાન ધારા ભાગ-૧ નામનું પુસ્તકનું પ્રકાશન શ્રી ગિરધરભાઈ વાલાબાબા ડોબરીયા મુ.વિંજીવડ, તા.ગોંડલ વાળા કરેલ છે. પ.પૂ.સદગુરૂ અમર સાહેબ દેવગામ વાળાના જીવન ચરીત્રને અક્ષરદેહ અપાયો છે. કુલ ર૭પ પૃષ્ઠોમાં પૂ.સદગુરૂ અમર સાહેબના જીવનના વિવિધ પાસાઓને દર્શાવવામાં આવેલ છે. આજથી ૨૦૦ વર્ષ પહેલા સૌરાષ્ટ્ર-કાઠીયાવાડ નાના-મોટા રજવાડામાં વહેંચાયેલ હતું. એ અરસામાં રાંદલ માતાજીના દડવા જવાના માર્ગ ઉપર દેવગામ નામક ગામનો કાર્યભાર એ વખતે રાજા દેવા વાળા દરબારે સંભાળ્યો હતો અને તેમના ગામથી નજીક ફુલજીયો તેમજ રૂપાવટીયો નાનો એવો નેસ હતો. આ ચાર થી પાંચ જેટલા નેસના લોકોને બોલાવીને રાજા દેવા વાળાએ પોતાના ગામ દેવગામમાં રહેવા માટેનું આમંત્રણ આપ્યું અને વિધ્વાન બ્રાહ્મણોને બોલાવી શાસ્ત્રોકત વિધી સાથે દેવગામનું તોરણ બાધ્યું હતું. રાજા દેવા વાળા તથા તેમના ધર્મ પત્ની સોનબાઈ મા ધર્મમાં પ્રિતી રાખનારા હતા તેમજ કાયમને માટે તેમના રાજમાં સંતોના ઉતારા રહેતા હતા. આવા પરીવારમાં સંવત ૧૯૬૪ વૈસાખ સુદી પૂનમને ગુરૂવારના રોજ ઈ.સ.૧૯૦૮ દિવસે રાજા દેવા વાળાના ત્યાં સિધ્ધ યોગીનું પ્રાગટય થયું અને તેમનું નામ અમરૂભાઈ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ અમરૂભાઈનું બાળપણ અને તેમના જીવનના એક એક કાર્યોમાં સંસ્કારનું સિંચન, પ્રભુભકિત, ધાર્મિક કાર્યો થતા હતા. દરમ્યાન અમર સાહેબ બાળપણથી જ તોફાની તેમજ હઠીલા સ્વભાવના હતા તેમજ યુવાનીના ઉંમરે પહોંચતા તેઓનું જીવન જુલમી બની ગયું હતું અને લોકો તેનાથી કાંપી ઉઠતા હતા. આ દરમ્યાન માતૃશ્રી સોનબાઈ માના સદગુરૂ દેવ ઉમેદગીરી મહારાજ કાશી-હરદ્વારથી પધાર્યા હતા અને તેઓએ અમર સાહેબને આર્શીવાદ આપ્યા હતા અને ત્યારબાદ આ સિધ્ધ સંતોના આર્શીવાદ સાથે અમર સાહેબનું જીવન પલ્ટાઈ ગયું. સમય જતા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો હતો તેમજ સમય જતા ભગવાન શિવજીની પૂજામાં પણ રત રહ્યા હતા. આ ઉપરાંત તેઓના જીવનકાળ દરમ્યાન દિવ્ય સંતોના દર્શન, કઠોર સાધના, ગઢમાં શિરશાસન, બાણસયાની સાધનાઓ પણ થતી હતી. સદગુરૂ મહારાજના આર્શીવાદ અને શુભ સંકલ્પના અને કર્મબળના પૂણ્ય પ્રતાપે સમય જતા અમર સાહેબમાં એક સંતના દર્શન થવા લાગ્યા. અમર સાહેબે કલ્યાણકારી જીવન બને તે માટેના આર્શીવચનો, સંદેશાઓ પણ સમગ્ર સમાજને આપેલા છે અને ભકિતનો એક નવો રાહ પણ ચિંધ્યો છે. આ તમામ બાબતોને ઉગમ કૃપા અમર જ્ઞાન ધારા ભાગ-૧માં વણી લેવામાં આવેલી છે. પ.પૂ.સદગુરૂ અમર સાહેબ (દેવગામ) માટે ભકતજનો અને શિષ્ય સમુદાય ખુબજ આદર પૂર્વક શ્રધ્ધા ધરાવે છે. પુસ્તક પરીચય

**લેખક- સદગુરૂ અમર સાહેબ (દેવગામ), પ્રકાશ- ગિરધરભાઈ વાલાબાબા ડોબરીયા (મુ.વિંજીવડ, તા.ગોંડલ)**



શ્રાવણ માસમાં સરકાર જુગારની ટૂર્નામેન્ટ યોજતી હોય તો ?



શ્રાવણ મહિનામાં ફરાળી વાનગીઓ ખાઈને તું તો દિવસે દિવસે જાડી થતી જાય છે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# આવતા વર્ષે ૨૦૨૨માં સાત રાજ્યોમાં ચૂંટણી : મહત્વનું રાજ્ય યુપી શા માટે ?

દેશમાં આવતા વર્ષે એટલે કે ૨૦૨૨માં સાત રાજ્યોની વિધાનસભા સમયમર્યાદા પુર્ણ થતા ચૂંટણીઓ ફેબ્રુઆરી-માર્ચ માસમાં યોજાનાર છે. જેમાં મણિપુર, ગોવા, પંજાબ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ આવે છે. મણિપુરમાં ભાજપ-પીપલ્સ પાર્ટી અને નાગા પીપલ્સ ફ્રન્ટની સરકાર છે, ગોવામાં ભાજપની સરકાર છે, પંજાબમાં કોંગ્રેસ પક્ષની સરકાર છે, ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર છે અને ઉતરાખંડમાં પણ ભાજપની સરકાર છે. જ્યારે ૨૦૨૨ નવેમ્બરમાં હિમાચલ પ્રદેશ અને ડિસેમ્બરમાં ગુજરાત રાજ્યની ચૂંટણી આવે છે ઉપરાંત જમ્મુ-કાશ્મીર રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન છે પણ ત્યા આ સમયમાં ચૂંટણી યોજાઈ શકે તેવી શક્યતા છે. હિમાચલ રાજ્ય અને ગુજરાતમાં ભાજપની સરકાર છે. આ બધી ચૂંટણીઓમાં ભાજપને માટે યુપી ચૂંટણી જીતવી મહત્વની છે. તે જીતવી એટલા માટે જરૂરી છે કે લોકસભામાં ૮૦ સીટ યુપીની છે.... અને કેન્દ્ર સરકાર રચવાનો મોટો મદાર યુપી છે. અહીની યોગી સરકાર સામે હજારો કરોડોનો ભ્રષ્ટાચાર થયો હોવાના આરોપો પુરાવા સાથે રાજ્યસભામાં સપાના સાંસદે મુક્યા છે. અને આઠ દિવસ બાદ સમગ્ર યુપીમાં આ મુદ્દે યોગી સરકાર સામે ઉપવાસ આંદોલન શરૂ થનાર છે. અને સરકાર કોઈ પગલાં નહીં લે તો અદાલતી કાર્યવાહી હાથ ધરાનાર છે. બીજી તરફ ખેડૂત આંદોલનને કારણે યુપીના અનેક મત વિસ્તારોમાં ભાજપ સાંસદો તથા ધારાસભ્યો જઈ શક્તા નથી જેમાં ૨૪ જેટલી બેઠકો આવે છે. તો યુરિયા અને કેમિકલ ભાવમાં અસહ્ય વધારો થતાં ખેડૂતો વધુ વિફર્યા છે. બીજી તરફ ઓવૈસીએ ૨૦૦ બેઠકો લડવાનો દાવો કર્યો છે કે જ્યાં તેનું કે તેમના પક્ષનું કાર્ય બોલતું નથી તથા કોઈ જાણતું કે ઓળખતું નથી એટલે ત્યાંના દરેક મુસલમાન ઓવૈસીથી બગડ્યા છે અને ઓવૈસી તથા તેના પક્ષને ભાજપની બી ટીમ કહે છે. ઉપરાંત તેઓ જાહેર સભાઓમાં કે મીટીંગોમાં હિન્દુ-મુસ્લિમની વાતો કરીને હિંદુ-મુસ્લિમો વચ્ચેની ભાઈચારાની ભાગ બટાઈ કરાવી બંને કોમ વચ્ચે વેરઝેર ઉભા કરાવે છે અને ભાજપ તેનો લાભ હિન્દુ મતો પોતાની તરફ વાળવામાં સફળ બને છે.....! એટલે યુપીના મુસ્લિમો જાગી ગયા છે અને અત્યારથી ઓવૈસીનો વિરોધ શરૂ કરી દીધો છે. તેમાં દેવબંદના મુસ્લિમ મંત્રીએ ઓવૈસીની પાર્ટીને ભાજપની બી ટીમ હોવાનો આક્ષેપ કરતા ભાજપ વધુ ભીંસમાં આવી ગયો છે. ત્યારે ભાજપનો પ્રચાર પ્રધાનમંત્રી અને અમિત શાહ કરશે તેવું નકકી થયું હોવાનું બહાર આવ્યું છે. તો યોગીના ચૂંટણીમાં મહત્વ ન મળતાં તેઓ કોપાયમાન છે..... જ્યારે કે ૩૦ જેટલા ધારાસભ્યોને જેના કારણે ભાજપને નુકશાન વેઠવાનો સમય આવે તેવી શક્યતા છે......! ત્યારે વડાપ્રધાન સમક્ષ યુપી જીતવા કૃષિ કાનુન પરત ખેંચી લેવા જરૂરી હોવાની વાત રજૂ કરતાં વડાપ્રધાનને ગળે વાત ઉતરીગઈ હોવાનું કહેવાય છે.....! અને કદાચ કૃષિ કાનુનો પરત ખેંચવાની જાહેરાત થઈ શકે તેવી શક્યતા વધુ છે.... કારણ ચૂંટણી જીતવી.....! માટે સબ કુછ જાયજ છે....

બીજી તરફ દેશમાં વિરોધ પક્ષોની એકતા ખાતર કોંગ્રેસ પક્ષ તૃણમુલ કોંગ્રેસ સાથે સમાધાન કરવા તૈયાર થઈ છે અને તે માટે સોનિયા ગાંધી મમતા વચ્ચેની ઘનિષ્ઠતા માટે લોકસભામાં કોંગ્રેસના નેતા પદેથી અધીર રંજન ચૌધરીને બલી લેવામાં આવશે.. અને લોકસભામાં સરકારના વિરોધ માટે કદાચ આવું થવું જરૂરી પણ છે....! જ્યારે કે "આપ" પણ વિપક્ષમાં જોડાવા તૈયાર થઈ છે. જોકે દરેકની નજર યુપી ઉપર છે.... અહી બ્રાહ્મણોને પોતાની સાથે ખેંચવા બસપા, સપા મોટા પ્રમાણમાં પ્રયાસો કરી રહ્યા છે તો કોંગ્રેસે પણ બ્રાહ્મણોમાં વર્ચસ્વ ધરાવતાં બ્રાહ્મણ નેતાને મેદાનમાં ઉતાર્યા છે. કારણ કે ખુદ પ્રિયંકા ગાંધી વાડ્રા સીએમ પદના દાવેદાર તરીકે કોંગ્રેસ પક્ષથી ચૂંટણી લડવાના છે અને મમતા દીદીએ પ્રશાંતકિશોરને અન્ય વિપક્ષના નેતાઓને સમજાવવાની જવાબદારી સોંપી વિપક્ષ મજબૂત થાય તેમાં જોડાય તેવું કામ સોંપી દીધુંછે. વિપક્ષ એકજૂટ થાય જેમા સપાના નેતાઓ તૈયાર છે પણ બસપા બેસવા તૈયાર નથી. બસપા એક સમયે ભાજપાની બી ટીમ કહેવાતી હતી. હવે પાંચ રાજ્યોની ચૂંટણીમાં મોદી મુખ્ય પ્રચાર ચહેરો બને તો કેટલા સફળ થાય છે તે તો સમય બતાવશે.....! કારણ પ્રિયંકા યુપી કી બિટીયા કહલાતી હૈ.....!

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પોતાની જાતને બદલો, ભાગ્ય અવશ્ય બદલી જશે.

-અથર્વવેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૦, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૪ વિનાયક ચતુર્થી, બૃહસ્પતિ પૂજન, ઋકહિરણ્યકેશી શ્રાવણી તા.૧૨ ઓગષ્ટ ૨૦૨૧, ગુરૂવાર, પારસી તા.ગાથા-૨, મુસ્લિમ તા.૩, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, સિધ્ધ યોગ, બવકરણ, સૂ.ઉ.૬:૨૭, સૂ.અ.૧૯:૨૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પડવા-વાગવાથી સંભાળવું. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
વૃષભ : ધાર્મિક ક્ષેત્રે ખર્ચનો પ્રસંગ બને. દામ્પત્ય જીવનમાં આનંદ રહે.
મિથુન : અધુરા કાર્યો પૂરા થાય. ભાગીદાર સાથે સંઘર્ષ રહે.
કર્ક : મિત્રો-વડીલોની મદદથી કાર્યમાં સફળતા મળે. આર્થિક મૂંઝવણ સર્જાય.
સિંહ : જીવનસાથી સાથે સંઘર્ષ થાય. શરીરમાં સુસ્તી જેવું અનુભવાય.
કન્યા : મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. મનમાં વ્યર્થ ચિંતા સતાવે.
તુલા : વિરોધીઓથી સાવધ રહેવું. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક : ધંધાકીય બાબતમાં સફળતા મળેવી શકશો. વ્યર્થ ખર્ચથી દૂર રહેવું.
ધન : કાર્યબોજમાં હળવાશ અનુભવાય. મહેનત બાદ સફળતા મળે.
મકર : લાભની આશા ઠગારી નીવડે. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ : હિતશત્રુઓથી સાવધ રહેવું. માનસિક અશાંતિ દૂર થાય.
મીન : ગૃહવિવાદ ન થાય તે માટે સાવધ રહેવું. સંતાનને કારણે ચિંતા સર્જાય.

# વરસાદ ખેંચાવાને પગલે જળાશયોમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવા સરકારનો નિર્ણય

ગાંધીનગર તા.૧૨

વરસાદ ખેંચાવાની પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્યના જળાશયો-ડેમમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી અપાશે. પાંચ લાખ હેકટર જમીનને મળશે સિંચાઈનો લાભ. તા.૩૦ સપ્ટેમ્બર સુધીનો પીવાના પાણીનો જથ્થો જળાશયોમાં અનામત રાખી બાકીનો પાણીનો જથ્થો ખેડૂતોને સિંચાઈ માટે આપવા મુખ્યમંત્રીએ જ આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખેડૂતોના ઊભા પાકને બચાવવાના કૃષિ હિતકારી અભિગમથી વધુ એક સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે. રાજ્યમાં વરસાદ ખેંચાવાની પ્રવર્તમાન સ્થિતીમાં ખેડૂતોના ઊભા પાકને નૂકશાનથી બચાવવા પાણી મળી રહે તેવા અભિગમથી મુખ્યમંત્રીએ રાજ્યના જળાશયો-ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય કર્યોછે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જળસંપત્તિ વિભાગને આદેશો આપ્યા છે કે, રાજ્યના જળાશયોમાં આગામી તા.૩૦ સપ્ટેમ્બર સુધીનો પીવાના પાણીનો જથ્થો અનામત-રિઝર્વ રાખીને બાકી રહેતો પાણીનો જથ્થો ધરતીપુત્રોના ઊભા પાકને બચાવવા સિંચાઈ માટે તાત્કાલિક અસરથી છોડવામાં આવે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના કિસાન હિતકારી અભિગમને પરિણામે તા.૩૦ સપ્ટેમ્બર સુધી રાજ્યના જળાશયોમાં પીવાના પાણીનો જથ્થો અનામત રાખ્યા બાદ ખેડૂતોને સિંચાઈ માટે પાણી અપાશે તેનો લાભ સમગ્રતયા રાજ્યના પાંચ લાખ હેકટર જમીન વિસ્તારને મળતો થશે. તદઅનુસાર, સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૪૧ ડેમ પૈકી ૮૮ જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી અપાતા સૌરાષ્ટ્ર વિસ્તારની ૬૦હજાર હેકટર જમીનને તેમજ ઉત્તર ગુજરાતમાં ધરોઈ ડેમનું પાણી ૧૫હજાર હેકટરને સિંચાઈ માટે મળતું થવાનું છે. એટલું જ નહિ, મધ્ય ગુજરાતના કડાણા જળાશયમાંથી મહિ કમાન્ડને ૬ હજાર કયુસેકસ પાણી સિંચાઈ માટે પૂરૂ પાડવામાં આવશે. આ ઉપરાંત પાનમ સહિતના ૧૧ જળાશયોમાંથી ૨ લાખ ૧૦ હજાર હેકટરને સિંચાઈ માટે પાણી અપાશે. દક્ષિણ ગુજરાત વિસ્તારના ૬ જળાશયોમાંથી આપવામાં આવનારા પાણીથી આ વિસ્તારની ૧ લાખ ૯૦ હજાર હેકટર જમીનને સિંચાઈ સવલતનો ફાયદો થશે. મુખ્યમંત્રીએ આ અગાઉ જૂલાઈ મહિનામાં ખેડૂતોને ૮ ને બદલે ૧૦ કલાક વીજળી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરેલો છે.હવે, વરસાદ ખેંચાવાની પ્રવર્તમાન સ્થિતીમાં તેમણે રાજ્યના જળાશયોમાં તા.૩૦ સપ્ટેમ્બર સુધીનો પીવાના પાણીનો જથ્થો આરક્ષિત રાખી બાકી રહેતો પાણીનો જથ્થો ખેડૂતોને સિંચાઈ માટે આપવાનો વધુ એક ખેડૂત લક્ષી નિર્ણય કર્યો છે.

# દેશમાં પ્રથમ વખત વસ્તી ગણતરીનું કામ સંપૂર્ણપણે ડિજિટલ થશે

નવી દિલ્હી તા.૧૨

કેન્દ્ર સરકાર તરફથી લેખિત જવાબમાં ગૃહને કહેવામાં આવ્યું છે કે, દેશમાં પ્રથમ વખત વસ્તી ગણતરીનું કામ સંપૂર્ણપણે ડિજિટલ થશે. તેમજ મોબાઈલ એપ દ્વારા ડેટા કલેક્શન પણ પૂર્ણ થશે. તમને જણાવી દઈએ કે ભારતમાં દર ૧૦ વર્ષે વસ્તી ગણતરીનું કામ પૂર્ણ થાય છે. ભારત હાલમાં વિશ્વનો એવો દેશ છે જેની વસ્તી ઝડપથી વધી રહી છે. હાલમાં દેશની વસ્તી ૧૩૦ કરોડથી વધુ છે. કેન્દ્ર સરકારમાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય દ્વારા લેખિત પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યો હતો. તેમણે ગૃહને જણાવ્યું છે કે, મોબાઈલ એપની મદદથી ડેટા એકત્રિત કરવામાં આવશે. સાથે જનગણના પોર્ટલની મદદથી અલગ અલગ ડેટા ઉપર નજર રાખવામાં આવશે અને તેનું સંચાલન કરવામાં આવશે. જે માહિતી સરકાર દ્વારા આપવામાં આવી છે તે અનુસાર, પોર્ટલ ઉપર મોબાઈલ ફોન નંબરની જરૂર પડશે તેમજ વ્યક્તિઓ વિશેની અન્ય માહિતી પણ જરૂરી રહેશે. સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ રોગચાળાને કારણે, વસ્તી ગણતરી સંબંધિત બાકીની પ્રવૃત્તિઓ આગળના આદેશો માટે મુલતવી રાખવામાં આવી છે. કોઈપણ વ્યક્તિએ દરેક ક્ષેત્ર માટે આપેલા જરૂરી કોડની મદદથી જરૂરી માહિતી ભરવાની હોય છે. આ પછી રજિસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર એક આઈડેંટિફિકેશન નંબર મોકલવામાં આવશે. આ નંબરને જનગણના કરનાર અધિકારીઓની મદદ માટે તેના સાથે શેર કરવો પડશે જેથી ડેટા આપમેળે સિંક થઈ શકે. કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે કે એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ અન્ય ડેટાબેઝ તૈયાર કરવા માટે પણ કરવામાં આવશે જેમ કે નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ. કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે કે, સેન્સસ એકટ ૧૯૪૮ હેઠળ વસતી ગણતરીમાં દરેક વ્યક્તિનો ડેટા એકત્રિત કરવામાં આવશે અને તેને કાયદા હેઠળ કોઈપણ રીતે જાહેર કરવામાં આવશે નહીં. સરકારનું કહેવું છે કે અત્યારે તેનો કોઈ જાતિ સંબંધિત ડેટા જાહેર કરવાનો કોઈ ઈરાદો નથી. દેશમાં દર ૧૦ વર્ષે વસ્તી ગણતરીનું કામ કરવામાં આવે છે. ભારતની વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ સુધી ૧૫ વખત હાથ ધરવામાં આવી છે. પ્રથમ વસ્તી ગણતરી ૧૮૭૨માં બ્રિટિશ વાઈસરોય લોર્ડ મેયો દ્વારા કરવામાં આવી હતી. ભારતની પ્રથમ અને સત્તાવાર વસ્તી ગણતરી ૧૮૮૧માં થઈ હતી. ૧૯૪૯થી આ કામ ભારત સરકારના ગૃહ મંત્રાલયને આધિન મહારજિસ્ટ્રાર અને જનગણના આયુકત દ્વારા આ કામને કરવામાં આવશે. છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી.

# વિદ્યાર્થીઓનાં આરટીપીસીઆર ટેસ્ટ ફરજિયાત કરવા આરોગ્ય વિભાગની સુચના

ગાંધીનગર તા.૧૨

ગુજરાત રાજ્યમાં હાલ કોરોના કેસમાં ઘટાડો થતા સરકાર દ્વારા શાળાઓમાં તબક્કા વાર વર્ગો શરૂ કરવામાં આવ્યાં છે. ત્યારે શાળાઓએ આવતા વિદ્યાર્થીઓના કોવિડ ટેસ્ટ ફરજીયાત કરવાના રહેશે તેની સાથે સાથે સંમયાંતરે આરટીપીસીઆર ટેસ્ટ કરવાની પણ સુચના આપવામાં આવી છે. સરકાર દ્વારા શાળાઓમાં ધો-૯ થી ૧૧ અને ધો-૧૨ તેમજ કોલેજોમાં અભ્યાસ ક્રમ ઓફલાઈન શરૂ કરવામાં આવ્યાં છે. અને તેના માટે કોરોનાની ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે. જેમાં માત્ર ૫૦ ટકાની કેપીસીટી સાથે જ શાળાઓ શરૂ કરવી એક વર્ગમાં માત્ર ૩૦ થી ૪૦ વિદ્યાર્થીઓને જ બેસાડવામાં આવે દરેકને માસ્ક પહેરી રાખવા ફરજીયાત છે સેનેટાઈઝર પણ સાથે રાખવા જણાવ્યું છે. તેમજ શાળાએ આવતા પહેલા વાલીઓનું સંમનાપત્રક પણ ભરાવવામાં આવ્યું હતું. વધુમાં સરકારે એ પણ છુટ આપી હતી કે જે વિદ્યાર્થીએ ઓફલાઈનના બદલે ઓનલાઈન અભ્યાસ કરવો હોય તે ઓનલાઈન ભાગી શકશે તેના માટે તે વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ જે ઓફલાઈન અભ્યાસ કરવા માંગે છે તેને કોરોનાનો ટેસ્ટ કરવો ફરજીયાત છે અને તે રિપોર્ટ શાળામાં જતા કરાવવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં કોરોનાની ત્રીજી લહેરની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખી અને વિદ્યાર્થીઓના કારોનાની માહિતી મેળવવા શાળા કોલેજોની નિયમિત મોનીટરિંગ કરી સમયઅંતરે વિદ્યાર્થીઓના કોવિડ-૧૯ના આરટીપી સીઆર ટેસ્ટ કરવાના રહેશે તેનું અલગથી રજીસ્ટર કરવા માટે આરોગ્ય વિભાગને ઉચ્ચકક્ષાએથી સુચના આપવામાં આવી છે.

# ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના G-23 જૂથે વિપક્ષી એકતાને નડતા પાંચ અવરોધો દૂર કરવા પડશે

નવી દિલ્હી તા.૧૨

કોંગ્રેસના 'G-23' નેતાઓ પૈકી એક કપિલ સિબ્બલ દ્વારા સોમવારે રાત્રે બોલાવવામાં આવેલી વિપક્ષી નેતાઓની બેઠકમાં કોંગ્રેસના બોસ રાહુલ ગાંધી દ્વારા ગત સપ્તાહે બોલાવેલી નાસ્તાની બેઠકમાં જોવા ર્તળી હતી તેના કરતા વધારે વિપક્ષી નેતાઓની હાજરી જોવામળી હતી. સંજોગોવશાત્ જ્યારે રાહુલ ગાંધી કાશ્મીરની મુલાકાતે હતા ત્યારે કપિલ સિબ્બલે આ ડિનરનું આયોજન કર્યુ હતું. G-23, કોંગ્રેસ નહીં કપિલ સિબ્બલની આ રાત્રિ ભોજન બેઠકમાં બીજુ જનતા દળ (બીજેડી), શિરોમણી અકાલીદ, વાયએસઆર કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) અને આમ આદમી પાર્ટી (આપ)ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, જેઓ રાહુલ ગાંધી દ્વારા આયોજિત નાસ્તાની મીટિંગમાં હાજર ન હતા. આ પક્ષો ન તો ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી એનડીએ સાથે છે અને ન તો કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સાથે છે. તેમનો કોંગ્રેસ સાથે કોઈ અલગ સંબંધ પણ નથી. કપિલ સિબ્બલની આ મીટિંગ, રાહુલ ગાંધી દ્વારા યોજાયેલી મીટિંગ કરતા ઘણી વધારે ઉચ્ચ-પ્રોફાઈલ હતી. કપિલ સિબ્બલના ડિનર ટેબલ ઉપર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવાર, રાષ્ટ્રીય જનતાદળના વડા લાલુ પ્રસાદ અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ હતા. તેઓએ તેમના પ્રતિનિધિઓને રાહુલ ગાંધીની નાસ્તાની સભામાં મોકલ્યા હતા. આ ઉપરાંત, આ બેઠકમાં ગુલામ નબી આઝાદ, આનંદ શર્મા, શશી થરૂર, મનીષ તિવારી અને ભૂપિન્દરસિંહ હુડા સહિતના તમામ ટોચના G-23 નેતાઓ હાજર રહ્યા હતા. રસપ્રદ વાત એ છે કે, નવી દિલ્હીમાં કપિલ સિબ્બલના નિવાસસ્થાને પી.ચિદમ્બરમ્ અને તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ્ પણ આ નેતાઓ સાથે જોડાયા હતા. બેઠકનો એજન્ડા ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે ભાજપના નેતૃત્વવાળી એનડીએ સામે વિપક્ષની એકતા સુનિશ્ચિત કરવામાટે વ્યૂહરચના ઘડવાનો હતો. જો કે, આ વિચાર અમલમાં મૂકવા માટે સરળ વ્યૂહરચના મહત્ત્વની છે. વિપક્ષી એકતા હાંસલ કરવામાં કોંગ્રેસના G-23 સામે આવતા પાંચ અવરોધો આ છે.

**કોંગ્રેસમાં નેતૃત્વ વિવાદ**

હકીકત એ છે કે, કપિલ સિબ્બલની રાત્રિ ભોજન મીટિંગમાં રાહુલ ગાંધીએ બોલાવેલી મીટિંગ કરતાં વધુ 'વધુ' હાજરી જોવા મળી હતી. જે કોંગ્રેસના નેતૃત્વના મુદ્દાઓ વિશેચોક્કસ જણાવે છે. ૨૦૨૪ માટે વિપક્ષી એકતાનો પ્રયાસ કરતા પહેલાં G-23 નેતાઓએ કોંગ્રેસની અંદર રહેલ નેતૃત્વનો મુદ્દો ઉકેલવું જરૂરી છે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા સહિત કેટલાક અન્ય ઉપસ્થિતોએ રાત્રિ ભોજનમાં કોંગ્રેસના નેતૃત્વના મુદ્દાને પણ ચિહ્નિત કર્યા હોવાના અહેવાલ છે. કોંગ્રેસના G-23 નેતાઓ સાથે ચિંદમ્બરમ્ ડિનર ટેબલ ઉપર જોડાયા હોવાથી તેમને વધુપ્રોત્સાહન મળ્યું છે. આ રાત્રિ ભોજન બેઠક રાહુલ ગાંધી ઉપર સંગઠનાત્મક સુધારાને ઝડપી બનાવવા માટે દબાણ લાવે તેવી શક્યતા છે, જેની માંગ માટે G-23 નેતાઓ ગયા વર્ષે ભેગા થયા હતા.

**ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં એકતા**

આગામી વર્ષે ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી વિપક્ષ માટે તાત્કાલિક પડકાર છે. જયારે ઉત્તરપ્રદેશમાં ભાજપ સામે સંયુક્ત લડત માટે રાત્રિ ભોજન બેઠકમાં કોલ કરવામાં આવ્યા હતા, ત્યારે અત્યારે તો વિપક્ષની એકતા અસંભવ લાગે છે. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી (BSP) જે રાહુલ ગાંધીની નાસ્તા મીટિંગ અને આ રાત્રિભોજન બંને બેઠકોમાં ગેરહાજર રહી હતી અને કોંગ્રેસ ઉત્તરપ્રદેશની ચૂંટણી અલગથી લડે તેવી શક્યતા છે. સમાજવાદી પાર્ટી અને બસપાએ આ બાબત સ્પષ્ટ કરી છે. સમાજવાદી પાર્ટીએ ૨૦૧૭ની ઉત્તરપ્રદેશની ચૂંટણી કોંગ્રેસ સાથે લડી હતી અને તેને ભારે હારનો સામનો કરવો પડ્યો હતો. તેણે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં બસપા સાથે હાથ મિલાવીને કોંગ્રેસને છોડી દીધી હતી, પરંતુ પરિણામો સમાન હતા. તેઓએ દાવો કર્યો હતો કે, તેઓ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલ ઓફરનો અસ્વીકાર કરીને અલગથી ચૂંટણી લડશે.

**પંજાબમાં શિરોમણી અકાલીદળ સાથે સમાધાન**

ઉત્તરપ્રદેશની સાથે કોંગ્રેસ માટે અન્ય મહત્ત્વનું રાજ્ય પંજાબ છે. અહીં, કોંગ્રેસ શિરોમણી અકાલીદળ(SAD) સાથે હરીફાઈમાં છે. નરેશ ગુજરાલે રાત્રિભોજન બેઠકમાં કોંગ્રેસની અંદર નેતૃત્વના મુદ્દાઓ વિશે વાત કરી હતી. તાજેતરમાં જ, શિરોમણી અકાલીદળ અને કોંગ્રેસના નેતાઓ ખેતીના કાયદાને લઈને જાહેરમાં ઝઘડામાં સામેલ થયા હતા. આ ઘટનાનો એક વીડિયો સોશ્યલ મીડિયા ઉપર વાયરલ થયો હતો. વધુમાં, મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહ અને G-23 સભ્ય મનીષ તિવારીના સખત વિરોધ છતાં કોંગ્રેસ હાઈકમાન્ડે નવજોતસિંહ સિદ્ધુને પંજાબ એકમના પ્રમુખ બનાવ્યા છે. નવજોત સિદ્ધુએ અમરિંદરસિંહ પર શિરોમણી અકાલીદળ સાથે ગુપ્ત સમજ હોવાનો આરોપ લગાવ્યો હતો.

**જગન મોહન, નવીન પટનાયકને સમજાવવાના પ્રયાસ**

નાસ્તા અથવા રાત્રિભોજન બેઠકમાં સામેલ થયેલા વિપક્ષી પક્ષો પૈકી, વાઈએસઆરસીપી અને બીજેડી પક્ષ મુખ્ય છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડી અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક પાસે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ અને સંયુક્ત વિપક્ષી મોરચા વચ્ચેના સંઘર્ષમાં સંતુલન કરવાની રાજકીય તાકાત છે. તાજેતરના અહેવાલો સૂચવે છે કે, ભાજપ કેન્દ્રીય મંત્રી પરિષદમાં સ્થાન આપવા સાથે એનડીએમાં વાયએસઆરસીપીને લાવવાનો પ્રયાસ કરી રહી છે. જગન મોહન રેડ્ડી આ પ્રસ્તાવ ઉપર તેમના વિકલ્પો ઉપર વિચાર કરી રહ્યા હોવાનું કહેવાય છે. તેમના માટે કોંગ્રેસ આંધ્રપ્રદેશમાં સંભવિત હરીફ પક્ષ છે. બીજી બાજુ, નવીન પટનાયક ઓડિશા ઉપર કેન્દ્રિત રહ્યા છે અને ઘણી વખત સંસદમાં જટિલ મુદ્દાઓ ઉપર ભાજપને ટેકો આપે છે. જો કે, ઓરિસ્સામાં કોંગ્રેસ નબળી પડી છે જ્યારે ભાજપ બીજેડી માટે સૌથી મજબૂત હરીફ તરીકે ઉભરી આવી છે.

**વિરોધ પક્ષોના નેતા તરીકે એક સર્વસંમત વ્યક્તિ**

આ સૌથી વિવાદાસ્પદ મુદ્દો હોઈ શકે છે. ભાજપે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં આશ્ચર્યજનક રીતે વડાપ્રધાન તરીકે મોદીનો ચહેરો રજૂ કર્યો હતો. જયારે આગામી લોકસભાની ચૂંટણી યોજાશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉંમર ૭૩ થી વધુ હશે અને તકનીકી રીતે તેઓ ભાજપના વડાપ્રધાનના ચહેરા તરીકે ઉપલબ્ધ હશે. જો વિપક્ષ એક થાય તો તેમની સામે એક સર્વસંમત નેતા બનાવવાનું કાર્ય હશે ત્યારે કોંગ્રેસ રાહુલ ગાંધી ઉપર નજર ટકી રહે તેવી શક્યતા છે, તેઓ વિપક્ષના ક્રમમાં પ્રથમ દાવેદાર છે. અન્ય લોકોમાં તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ શાનદાર વિજય મેળવ્યા બાદ વિપક્ષી જૂથમાં અચાનક દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે. ઉપરાંત શરદ પવાર, તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા એન ચંદ્રબાબુ નાયડુ અને નવીન પટનાયક જેવા અન્ય પરિચિત નામો છે. જે વિપક્ષી જૂથમાં ચોક્કસ પોતાની આગવી પ્રતિભા ધરાવે છે.

## ગર્ગાચાર્યજીની શિવ-ઉપાસના



**શ્રાવણ સત્સંગ**

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

મહર્ષિ ગર્ગાચાર્યજી આંગિરસ ગોત્રમાં જન્મ્યા હતા. તેઓ એક સુપ્રસિધ્ધ મંત્ર દ્રષ્ટા ઋષિ હતા. ઋગ્વેદ ના ૬/૪૭ સુકતાના દ્રષ્ટા ગર્ગાચાર્યજી જ છે. ગર્ગાચાર્યજીનો સુપ્રસિધ્ધ આશ્રમ કુરૂક્ષેત્ર પ્રદેશમાં દેવનદી સરસ્વતીના તટ ઉપર હતો.

ગર્ગાચાર્યજીએ આ આશ્રમમાં રહી ઉગ્ર તપસ્યા વડે જયોતિષ શાસ્ત્રના જ્ઞાનની પ્રાપ્તિ કરી અને જયોતિષ શાસ્ત્રના ઉત્તમ ગ્રંથોની રચના કરી. જેમાં 'ગર્ગ સંહિતો' નામના પરમ પવિત્ર ઐતિહાસિક ગ્રંથનો પણ સમાવેશ થાય છ. આ ગર્ગાચાર્યજી પરમ શિવભક્ત હતા. તોઓ મહારાજ પૃથુ અને યદુવંશીઓના ગુરૂ અને કુલપુરોહિત હતા. ભગવાન શ્રી કૃષ્ણની કુંડળી તેમણે બનાવી તેનો ફળાદેશ કરેલો. ગોત્રકાર ઋષિઓમાં પણ તેમની વિશિષ્ટ રૂપથી ગણના થાય છે.

ભગવાન શિવજીમાં અતુટ શ્રધ્ધા રાખી તેમની ભક્તિ કરનારા ગર્ગાચાર્યજીએ ભગવાન શિવજીની આરાધના વડે જ શ્રેષ્ઠ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી.

મહાભારતના અનુશાસન પર્વની કથા પ્રમાણે તેમણે પવિત્ર સરસ્વતી નદીના તટ ઉપર શિવજીને પ્રસન્ન કરવા માટે માનસ યજ્ઞ કર્યો. ગર્ગાચાર્યજીના આ માનસ યજ્ઞાની ભગવાન શિવજી અત્યંત સંતુષ્ટ થઈ પ્રસન્ન થયા. જ્યારે શિવજીએ ગર્ગાચાર્યજીને વરદાન માગવા કહ્યુ ત્યારે ગર્ગાચાર્યજીએ દેવાધિદેવ મહાદેવ પાસે બે હાથ જોડી સ્તુતી કરી, પછી જ્ઞાન પ્રાપ્તિ માટે વિંનતી કરી. ભગવાન શિવજીએ મહર્ષિ ગર્ગાચાર્યજીને પ્રસન્નચિત્તે ચોસઠ કળાઓનું અદ્ભુત જ્ઞાન પ્રદાન કરી આશિર્વાદ આપ્યા. શિવજીની કૃપાથી જ તેમને એક સરખા સહસ્ત્ર બ્રહ્મવાદી પુત્રોની પ્રાપ્તી થઈ. પુત્રો સહિત દસ લાખ વર્ષનું આયુષ્ય તેમને પ્રાપ્ત થયું.

# ભારતમાં ટેકનિકલ એજયુકેશનમાં ગુણવત્તાનો સદંતર દુકાળ એ ચિંતાનો વિષય

ભોપાલ તા.૧૨

એન્જિનિયરીંગ એ એપ્લાયડ સાયન્સ છે અને તેથી સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રીક શાખાઓનું સંગીન જ્ઞાન હોવું તે તેની પૂર્વ શરત છે. મેટાલર્જી અને કેમિકલ એન્જિનિયરીંગ હવે મિકેનિકલ એન્જિનિયરીંગમાંથી બહાર આવેલ છે અને ઈલેક્ટ્રોનિક, કમ્યુનિકેશન, કમ્પ્યુટર સાયન્સ અને આઈટી જેવી અન્ય શાખાઓનો ઈલેક્ટ્રીકલ બ્રાંચ ઓફ એન્જિનિયરીંગમાંથી વિકાસ થયો છે. આ સ્પેશિયલાઈઝેશનને એક સૂત્રમાં બાંધનારૂ કોઈ પરિબળ હોય તો તે મટીરીયલ્સ, એપ્લાયડ ફિઝીક્સ અને થર્મોડાયનેમિક્સમાંરહેલ સાઉન્ડ એન્જિનિયરીંગ બેઝ છે. ૮૦ના દાયકાની મધ્યમાં દેશમાં વધતી જતી ડિમાન્ડને પહોંચી વળવા ખાનગી ઉદ્યોગ સાહસિકોએ પહેલ કરી હતી પરંતુ તેમને વિષયનું બહુ ઓછું જ્ઞાન હતું. પરિણામે આ સંસ્થાઓની ફેકલ્ટી મેનેજમેન્ટનો એજન્ડા તો ક્યારેક પોતાનો એજન્ડા ચલાવતાં હતાં. જ્યારે મેનેજમેન્ટનો એજન્ડા વિવિધ યુનિર્સિટીની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ્યો ત્યારે સૌથી પહેલી ખુવારી અભ્યાસક્રમની થઈ હતી. ઉપર જણાવ્યા મુજબના મહત્વના કોર્સ શિક્ષકો માટે શીખવવા અને વિદ્યાર્થીઓ માટે પાસ કરવા મુશ્કેલ હતા. મટીરીયલ્સ, એપ્લાયડ ફિઝીક્સ અને થર્મોડાયનેમિક્સ જેવા વિષયો ગૌણ બની ગયા હતા કે જેના વગર ચલાવી શકાય. કેટલીક યુનિર્સિટીઓએ આ અભ્યાસરક્રમોના ભોગે પોતાના અભ્યાસક્રમમાં હર્ષભેર સુધારા કર્યા હતા અને તેના પરિણામે દેશમાં એન્જિનિયરીંગના અભ્યાસક્રમનું સ્ટાન્ડર્ડ સાવ નીચું ગયું હતું. ૨૦૧૪-૧૫માં એઆઈસીટીઈ માન્ય સંસ્થાઓની લગભગ ૩૫ લાખ બેઠકો હતી અને દેશમાં રોજગારની તકોને ધ્યાનમાં રાખીને બેઠકો વધારાઈ હતી પરંતુ ડિસે. ૨૦૧૭માં આ પેપર દ્વારા રજૂ કરાયેલા શ્રેણીબદ્ધ રિપોર્ટમાં એવું જાહેર કર્યુ હતું કે ૨૦૧૬-૧૭માં ૩૨૯૧ અન્ડર ગ્રેજયુએટ એન્જિનિયરીંગ કોલેજમાં ૧૫.૫ લાખ બેઠકો એટલે કે ૫૧ ટકા બેઠકો લેનાર કોઈ હતું નહીં. આમ ભારતમાં ટેકનિકલ એજયુકેશનમાં ગુણવત્તાનો દુકાળ જોવા મળ્યો. રેગ્યુલેટરી ખામીઓ, નબળું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લાયક ફેકલ્ટીનો અભાવ જેવા પરિબળોએ મોટા ભાગની આ સંસ્થાઓમાંથી સ્નાતક થનારા એન્જિનિયરોની રોજગાર ક્ષમતાનો ફટકો પહોંચાડ્યો હતો. પર્યાપ્ત શિક્ષકોનો અભાવ, ગુણવત્તાનો અભાવ, ડાયનેમિક માહોલમાં પર્યાપ્ત રોકાણ કરવાની સંચાલકોની અસમર્થતા, રોજગારની તકોનો અભાવ, અભ્યાસક્રમ સાથે સતત અખતરા જેવા પરિબળો ટેકનિકલ એજ્યુકેશની ગુણવત્તા સાથે અભિષાપરૂપ પુરવાર થયા છે. આ સંસ્થાઓએ હવે ખરા અર્થમાં સ્વાયત્ત ગુણવત્તા સુનિશ્ચિત કરવી જોઈએ અને સરકારથી દૂર રહીને જે તે સંસ્થાએ ગુણવત્તાયુક્ત ટેકનિકલ એજ્યુકેશન આપવું જોઈએ કે જેમાં ઈન્ડસ્ટ્રી અને શિક્ષણ બંને ક્ષેત્રની અગ્રણી હસ્તીઓનો સામેલ કરવી જોઈએ.

# કેન્દ્ર સરકારનાં 'હઠાગ્રહી વલણ'થી હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણુંકો અટકેલી છે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી તા.૧૨

દેશભરમાં હાઈકોર્ટમાં ન્યાયાધીશોની વધતી ખાલી જગ્યાઓ ભરવામાં કેન્દ્ર સરકાર તરફથી થઈ રહેલા વિલંબ ઉપર સુપ્રીમ કોર્ટે ફરી એક વખત નારાજગી વ્યકત કરી છે. સોમવારે ૯ ઓગસ્ટના રોજ પસાર કરાયેલા આદેશમાં સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ભલામણોને મંજૂરી આપ્યાના વર્ષો પછી પણ હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણુંક ન કરવા બાબતે સરકારનું "હઠાગ્રહી વલણ" અનેક કેસોના નિર્ણયમાં વિલંબનું કારણ બની રહ્યું છે. ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ અને ઋષિકેશ રોયની બનેલી ડિવિઝન બેંચે ડમ્પિંગ વિરોધી કાર્યવાહી સંબંધિત મામલામાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા ઓર્ડર સામે દાખલ કરવામાં આવેલી ખાસ રજા અરજીની સુનાવણી દરમ્યાન આ ગંભીર અવલોકનો કર્યા હતા. કાર્યવાહીમાં, સુપ્રીમ કોર્ટની બેન્ચે નોંધ્યું હતું કે હાઈકોર્ટ આ કેસની વહેલી સુનાવણી કરવાની સ્થિતિમાં નથી, કારણ કે તે તેના જજોની અડધી સંખ્યા સાથે કામ કરી રહી છે. ખંડપીઠે તેના આદેશમાં વધુમાં જણાવ્યું હતું કે તેણે આ મામલે રજૂ થયેલા અધિક સોલિસિટર જનરલ માધવી દિવાન સમક્ષ રજૂઆત કરી હતી કે, ભલામણો કોલેજિયમ સુધી પહોંચવામાં મહિનાઓ અને વર્ષો લાગે છે અને ત્યારબાદ કોલેજિયમ તેને મંજૂરી આપે એ પછી મહિનાઓ અને વર્ષો સુધી કોઈ નિર્ણય લેવામાં આવતો નથી. તેથી, ઉચ્ચ અદાલતોમાં ઓછી સંખ્યામાં ન્યાયાધીશો દ્વારા કામ થાય છે જ્યાં મહત્વના મુદ્દાઓ પર પણ વહેલી તકે નિર્ણય લેવો લગભગ અશક્ય બની જશે. બેન્ચે કેન્દ્ર સરકારને મેસર્સ કેસમાં ૨૦ એપ્રિલના રોજ પસાર કરેલા તેના આદેશમાં સુપ્રીમ કોર્ટે સૂચવેલી નિમણુંકો માટેની સમયરેખાની યાદ અપાવી હતી પરંતુ આ હુકમથી સરકાર હરકતમાં આવી હોય તેવું લાગતું નથી. ઉચ્ચ અદાલતોની દુઃખદ પરિસ્થિતિને સમજાવવા માટે, આ આદેશ રાષ્ટ્રીય રાજધાની ખાતે હાઈકોર્ટની તાકાતનો ઉલ્લેખ કરે છે. દિલ્હી હાઈકોર્ટ એક અઠવાડિયાના સમયમાં ૫૦% કરતા ઓછા ન્યાયાધીશો સાથે કામ કરી રહી છે, જેમાં ૬૦ જજોની સંખ્યામાંથી માત્ર ૨૯ જજ અત્યારે ફરજ ઉપર છે. આ સંદર્ભમાં, આદેશમાં કહેવામાં આવ્યું છે કે બે દાયકા પહેલા, જ્યારે જસ્ટિસ સંજય કિશન કૌલની દિલ્હી હાઈકોર્ટના જજ તરીકે નિમણુંક કરવામાં આવી હતી, ત્યારે તેમને ૩૩ જજોની સંખ્યામાંથી ૩૨માં ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. દિલ્હી હાઈકોર્ટની સ્થિતિ જોતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે હાઈકોર્ટને સમય મર્યાદામાં કેસનો નિકાલ કરવાની સ્થિતિમાં નથી. લોકસભામાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય કાયદા મંત્રી કિરેન રિજિજુએ તાજેતરમાં માહિતી આપી હતી કે હાઈકોર્ટમાં જજોની ૪૫૩ જગ્યાઓ ખાલી છે. આનો અર્થ એ કે ૧૦૯૮ હાઈકોર્ટના ન્યાયાધીશોની મંજૂર સંખ્યા કરતાં ૫૦%થી વધુ જગ્યાઓ ખાલી છે. કાયદા પ્રધાને લોકસભાને એમ પણ કહ્યું હતું કે ખાલી જગ્યાઓ ભરવા માટે જરૂરી સમયરેખા સૂચવવી શક્ય નથી કારણ કે તે "કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સતત, સંકલિત અને સહયોગી પ્રક્રિયા" છે. સુપ્રીમ કોર્ટે સમયરેખા વિશે શું કહ્યું ? સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના જજોની વધતી ખાલી જગ્યાઓ ભરવામાં વિલંબ પર નારાજગી વ્યકત કરી છે અને વાજબી સમયરેખામાં નિમણુંક પ્રક્રિયા પૂર્ણ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. એપ્રિલ ૨૦૨૧માં, સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે નિમણુંક પ્રક્રિયાના દરેક તબક્કા માટે સમયમર્યાદા દર્શાવતો આદેશ પસાર કર્યો હતો. ભારતના એટર્ની જનરલ કે કે વેણુગોપાલે આ વર્ષે ૧૫ એપ્રિલે કોર્ટને ખાતરી આપી હતી કે કેન્દ્ર સરકાર પાસે ૬ મહિનાથી વધુ સમયથી પડતર કોલેજિયમ ભલામણો માટે ૩ મહિનામાં નિર્ણય લેવામાં આવશે. ડિસેમ્બર ૨૦૧૯માં, ન્યાયમૂર્તિ એસ.કે. કૌલ અને કે.એમ. જોસેફની બનેલી ખંડપીઠે આદેશ આપ્યો હતો કે હાઈકોર્ટ કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા વ્યક્તિઓ, જેને સુપ્રીમ કોર્ટ કોલેજિયમ અને સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે, તેમની નિમણુંક ૬ મહિનાની અંદર થવી જ જોઈએ.

# 'ધ્યાન' તમારી તંદુરસ્તી માટે એક સરળ કસરત

**ધ્યાન એ ન વિચારવા વિષે નથી, તમારૂ મન આપમેળે બંધ થતું નથી અને વિચારમુક્ત બની જાય છે તેના બદલે, ધ્યાન તમને તમારા વિચારોથી વધુ પરિચિત થવામાં મદદ કરી શકે છે અને સમય જતાં તેને વધુ સારી રીતે નિયંત્રિત કરી શકાય છે**

જો તમે નક્કી કર્યુંછે કે તમારે તમારા શરીર અને મનને વધુ સારી રીતે સંભાળવાની જરૂર છે, તો તમે એકલા નથી. જ્યારે ઘણા લોકો યોગ અને ઘરના વર્કઆઉટ્સ તરફ વળી રહ્યા છે, ત્યારે ધ્યાન પણ લોકપ્રિયતા મેળવી રહ્યું છે. જો કે, આપણી પાસે હજી પણ પ્રશ્નો છે કે કેવી રીતે શરૂ કરવું, ક્યાંથી શરૂ કરવું, અનુભવ કેવો રહેશે અને તે કેવું લાગશે ! ઝેડ બ્લેકના ડિરેક્ટર અને પાર્ટનર અંશુલ અગ્રવાલ, જેઓ પોતે એક મેડિટેશન પ્રેક્ટિશનર છે તેમના અનુસાર, ધ્યાન એ કંઈપણ કરવાની સુક્ષ્મ કુશળતા છે જેના દ્વારા તમારા વાસ્તવિક સ્વભાવ, જે પ્રેમ, આનંદ અને શાંતિ છે, તેની સાથે જોડાવા માટે અને આરામ મેળવવા માટે તમામ સંઘર્ષોને છોડી દેવા પડે છે. "ધ્યાન તમને સંપૂર્ણપણે આરામ આપે છે. માનસિક સ્વાસ્થ્ય જાળવવું અને તણાવનું સ્તર ઓછું કરવું મહત્વપૂર્ણ છે. તે શ્વાસ અંદર અને બહાર કાઢવાની એક સરળ કસરત છે. આ એક ઉત્તેજક પ્રવૃત્તિ છે જે તમારી રોજિંદી દિનચર્યામાં એકીકૃત કરવી સરળ છે." ધ્યાન શીખવું સરળ છે અને તેમાં કેટલીક એકદમ સરળ તકનીકો સામેલ છે, શરૂ કરતા પહેલા, અગ્રવાલ જે સૂચવે છે તે અહીં છેઃ

### મૂળભૂત બાબતો જાણો

આજે, દરરોજ ધ્યાન કરવું એ વૈભવી નથી પણ એક આવશ્યકતા છે. જો આપણે બિનશરતી આનંદિત રહેવા અને મનની શાંતિ મળવવા માંગતા હોઈએ તો આપણે ધ્યાનની શકિતનો ઉપયોગ કરવો જોઈએ. અહીં ધ્યેય પોતાને શાંત, તણાવમુક્ત, પીડામુક્ત, સ્વસ્થ અને સુખી બનાવવાનો છે. ધ્યાન વ્યક્તિની શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારી માટે ફાયદાકારક છે. ધ્યાનનો ઉપયોગ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કરવામાં આવ્યો છે. દુઃખ દૂર કરવાની પદ્ધતિ તરીકે મહાન દિમાગવાળા લોકો દ્વારા તેનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ધ્યાન જીવનના વિવિધ લક્ષ્યો માટે ફાયદાકારક હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આધુનિક જમાનાના ચિંતકો દ્વારા તેને "આત્માના ભોજન" તરીકે ઓળખવામાં આવે છે. ધ્યાન એકાગ્રતા વધારે છે અને તમને વર્તમાન ક્ષણથી વાકેફ થવા દેછે. જો તમે ધ્યાન આપશો, તો તમે જોશો કે મન ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ફરે છે.

### તેને નિત્યક્રમ બનાવો

તેની નિયમિત પ્રેક્ટિસ કરો, જો શક્ય હોય તો અઠવાડિયામાં થોડી વાર. શરૂઆતમાં ૧૦ કે ૧૫ મિનિટ, દરરોજ - ખલેલરહિત વાતાવરણમાં થોડા હલકા સંગીત સાથે, જો તે તમને ખુશ કરે તો, ત્યાં બેસો. શરૂઆતમાં, એક આદત બનાવવા માટે શિસ્ત અને ખંતની જરૂર પડે છે, તેથી તમારી દિનચર્યા અને આત્મ-પ્રેમ માટેના સમયનો આદર કરો.

### આનંદદાયક સુગંધ પસંદ કરો

ધ્યાનની જગ્યા બનાવવા માટે સુગંધિત વાતાવરણ બનાવી શકાય છે જે મૂડને વધારે છે. ઐતિહાસિક સમયથી, કપૂર એક સંવેદના છે જે તમને ઉચ્ચ ક્ષેત્રમાં લઈ જાય છે. તે તેના સુગંધિત અને રોગનિવારક ગુણધર્મો માટે જાણીતું છે. ઉપચારમાં સુગંધનો ઉપયોગ આરંભથી આયુર્વેદનો એક ભાગ રહ્યો છે. ઝેડ બ્લેકે આરોગ્યમ કપૂરની અગરબત્તીઓ રજૂ કરી છે. કપૂર પ્રેરિત અગરબત્તી તમારા આસપાસના વાતાવરણમાં સકારાત્મકતા, સર્જનાત્મકતાને ઉત્તેજીત કરવામાં, વધુ સારી એકાગ્રતામાં મદદ કરવામાં, તણાવ અને ચિંતા દૂર કરવામાં અને શાંતિપૂર્ણ ઉંઘમાં મદદ કરશે અને આધ્યાત્મિકતાની ભાવના પેદા કરશે.

### તમારા શ્વાસનો અનુભવ કરો

જ્યારે તમે શ્વાસ લો અને બહાર કાઢો ત્યારે તમારા શ્વાસની સંવેદનાને અનુસરો. જ્યારે તમને લાગશે કે તમારૂ મન થોડી સેકંડ અથવા એક મિનિટ અથવા વધુ સમય માટે ભટકી ગયું છે, ત્યારે તમારા ધ્યાનને ફરી શ્વાસ તરફ ફેરવો. તમને ખ્યાલ આવશે કે, ધ્યાન એ ન વિચારવા વિશે નથી, તમારૂ મન આપમેળે બંધ થતું નથી અને વિચારમુક્ત બની જાય છે. તેના બદલે, ધ્યાન તમને તમારા વિચારોથી વધુ પરિચિત થવામાં મદદ કરી શકે છે, અને સમય જતાં તેને વધુ સારી રીતે નિયંત્રિત કરી શકાય છે.

### આને વળગી રહો

કંઈક નવું શરૂ કરવું હંમેશા સરળ છે - નવો આહાર, નવો વ્યાયામ, નવો શોખ - પરંતુ તેને ચાલુ રાખવું મુશ્કેલ છે. આવું થાય તે માટે તમારી પાસે ધ્યાન કરવા અને ધ્યાનની પ્રેક્ટિસ કરવાના તમારા કારણો સ્પષ્ટ હોવા જરૂરી છે. તમે તમારા સત્રોમાંથી શું મેળવવા માંગો છો તે વિશે સ્પષ્ટતા હોવી જરૂરી છે - પછી ભલે તે વધુ સુખ માટે, શાંતિ માટે, કામ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરી ઉત્પાદકતા વધારવા માટે અથવા તણાવને ઓછું કરવા માટે હોય. આ મૂળભૂત વિચાર તમને મનનો યોગ્ય અભિગમ બનાવવામાં મદદ કરશે અને તમારી સ્વશાંતિ માટે પ્રતિબદ્ધતા જાળવવામાં મદદ કરશે.

# પેગાસસ વિવાદનાં અરજદારો પાસેથી થોડાક અનુશાસનની અપેક્ષા રાખીએ છીએ : સુપ્રિમ કોર્ટની ટકોર

નવી દિલ્હી તા.૧૨

પેગાસસ વિવાદમાં તપાસની માંગણી કરી રહેલ અરજદારો દ્વારા સોશ્યલ મીડિયા ઉપર થઈ રહેલ સમાંતર ચર્ચાઓ સામે સુપ્રીમ કોર્ટે પોતાની નારાજગી દર્શાવી હતી. સીજેઆઈ એન.વી. રમન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે કહ્યું કે, જ્યારે કોર્ટમાં સુનાવણી થઈ રહી હોય ત્યારે કોર્ટ અમુક અનુશાસનની અપેક્ષા રાખે છે. સુપ્રીમ કોર્ટ પેગાસસ મામલાની તપાસ કોર્ટની નિગરાની હેઠળ કરાવવાની માગણી કરતી સંખ્યાબંધ અરજીઓની સુનાવણી કરી રહી હતી જે દરમ્યાન આ ટિપ્પણી કરી હતી. પેગાસસ સોફટવેર દ્વારા રાજકારણીઓ, પત્રકારો, એક્ટિવિસ્ટોની જાસૂસી કરાવવાના આક્ષેપો સરકાર ઉપર મૂકાયા હતા. સુનાવણી દરમ્યાન સીજેઆઈએ અરજદારોની આલોચના કરી હતી જેઓ કોર્ટમાં અરજી દાખલ કર્યા પછી સોશ્યલ મીડિયામાં આ વિષય બાબત ચર્ચાઓ કરી રહ્યા હતા. કોર્ટે અરજદારોને કહ્યું કે, અમે કોઈપણ પ્રશ્ન આ વિષે પૂછીએ એનો જવાબ તમને ફરજિયાત પણે કોર્ટ સમક્ષ આપવો પડશે. અમે બધા અરજદારોને સંદેશ આપીએ છીએ કે, જો અરજદારો મીડિયા સમક્ષ આ મામલા વિષે કહી શકતા હોય તો એમને કોર્ટ સમક્ષ પણ બધા જવાબો આપવા જોઈએ. એમણે કહ્યું કે, જો તમે કોર્ટમાં આવો છો તો અમે અપેક્ષા રાખીએ છીએ કે તમે અહિંયા બધી ચર્ચાઓ કરો અને અમારા બધા પ્રશ્નોના જવાબો આપો. બધાને સિસ્ટમમાં વિશ્વાસ હોવો જોઈએ. સીજેઆઈએ અરજદારો તરફે હાજર રહેલ વકીલ કપિલ સિબ્બલને કહ્યું કે, થોડુંક અનુશાસન હોવું જોઈએ. પૂર્વમંત્રી અને સાંસદ હોવાથી અમે તમારો આદર કરીએ છીએ. અમે તમારી પાસેથી અપેક્ષા રાખીએ છીએ. જવાબમાં સિબ્બલે કહ્યું કે, જ્યારે મામલો કોર્ટમાં ચાલી રહ્યો હોય ત્યારે એની ચર્ચા સોશ્યલ મીડિયામાં નહીં થવી જોઈએ.

# કલમ ૩૭૦ દૂર કર્યા પછી બીજા રાજયોનાં માત્ર બે લોકોએ જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદી : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી તા.૧૨

કેન્દ્ર સરકારે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, કલમ ૩૭૦ હટાવ્યા પછી બીજા રાજયોના માત્ર બે લોકોએ જમ્મુ-કાશ્મીરમાં જમીન ખરીદી છે. કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી નિત્યાનંદ રાયે સદનને જણાવ્યું કે સરકારની પાસે ઉપલબ્ધ વિવરણ હેઠળ માત્ર બે લોકો એવા છે જે જમ્મુ-કાશ્મીરની બહારના છે અને તેમણે ઓગસ્ટ ૨૦૧૯ પછી ત્યાં જમીન ખરીદી છે. જો કે લોકસભામાં આ પ્રશ્ન સાંસદ રામલીંગમ અને ગણેશમૂર્તિએ ઉઠાવ્યો હતો તેમણે પૂછયું હતું કે સરકાર સદનને બતાવે કે કલમ ૩૭૦ હટાવ્યા પછી બીજા રાજયોના કેટલા લોકોએ જમ્મુકાશ્મીરમાં જમીન ખરીદી તેમનું કહેવું હતું કે બીજા રાજયોના લોકોને ત્યાં જમીન ખરીદવામાં મુશ્કેલી થઈ રહી છે. તેમણે સરકાર પાસે તમામ વિવરણ માંગ્યા હતા. હવે સરકારના જવાબથી આ સ્પષ્ટ થઈ ગયું છે કે દેશના બીજા ભાગોમાં રહેતા લોકો ત્યાં વસવા અથવા વેપાર કરવા માટે ઈચ્છુક નથી. એટલે કે સરકારનો ઉદ્દેશ પુરો થઈ શકયો નથી. સરકારનો દાવો છે કે કલમ ૩૭૦ હટયા પછી પથ્થરમારો, આતંકી ઘટનાઓમાં ઘટાડો થયો છે. જો કે તેના હટયા પછી કાશ્મીરને નુકસાન થઈ રહ્યું છે. આ પહેલા પણ સરકાર લોકસભામાં માન્યું હતું કે ૩૭૦ને હટાવ્યા પછી આ સંઘ શાસિત ક્ષેત્રમાં પર્યટકોની સંખ્યામાં ઘટાડો નોંધાયો અને તેની સૌથી વધુ અસર કાશ્મીર ખીણમાં થઈ છે.

# અભિવ્યકિત સ્વાતંત્ર્યમાં કોઈની પણ આઝાદી અમર્યાદ ન હોઈ શકે!

ગુજરાતના ઘણા મોટા એવા નાટ્યકર્મી ભરત દવે તાજેતરમાં અવસાન પામ્યા, તે નિમિત્તે જે અંજલિલેખો લખાયા તેમાં ભાગ્યે જ કોઈએ તેમના 'અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય' (૨૦૨૧૭) પુસ્તક વિશે ઉલ્લેખ કર્યો. આપણે વ્યક્તિને અમુક ક્ષેત્રમાં જાણેઅજાણે સીમિત કે કેદ કરી દેતા હોઈએ છીએ. ભરત દવે એમ માત્ર નાટ્યક્ષેત્રમાં બદ્ધ કરી શકાય તેવા ન હતા ! ગુજરાતમાં દેશી રંગભૂમિની ઘણી બોલબાલા હતી. તે પછી દિલ્હી ખાતે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની સ્થાપના થઈ અને તેમાં ગુજરાતના જે તેજસ્વી તારલાઓએ તાલીમ મેળવીને કામ કર્યું, તેમાંના એક તે ભરત દવે. આજની સામાજિકરાજકીય સ્થિતિ હર કોઈ વિચારશીલ અને સંવેદનશીલ નાગરિકને અકળાવનારી છે. પ્રત્યેકના મનમાં તેમજ જાહેર ક્ષેત્રે કામ કરનારા સંગઠનોમાં આ વિશે લગાતાર વિચાર મંથન ચાલી રહ્યું છે. ભરત દવેએ આવા સામૂહિક ચિંતનને આગળ ધપાવવાના એક વિનમ્ર પ્રયાસરૂપે આ પુસ્તક લખ્યું. આજે જે કોઈ પોતાને વ્યક્ત કરવા ઈચ્છે છે, તેની સામે કેવા પ્રશ્નો પૂછાય છે, તે ભરત દવેએ પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધ્યા છે : 'શું તમે વિકાસના વિરોધી છો ? તમે હિન્દુઓના વિરોધી છો ? સ્વચ્છતાના વિરોધી છો ? રાષ્ટ્રગીત ગાવાના વિરોધી છો ? તમે ભ્રષ્ટાચારને ટેકો આપો છો ? આતંકવાદને ટેકો આપો છો ? દેશદ્રોહીઓને ટેકો આપો છો ? તમે માઓવાદીઓના સમર્થક છો ? 'કાશ્મીર માંગે આઝાદી' જેવા નારા તમે મંજૂર કરો છો ? તમે ગૌમાંસ ખાવા દેવાના સમર્થક છો ? બોલો, મોઢેથી જવાબ આપો.' ભરત દવે નમ્રતાથી જણાવે છે કે આના જવાબો આપવા માટે તમારામાં રવીન્દ્રનાથ ટાગોર જેવી કક્ષા જોઈએ જેમણે એમ કહેવાની હિંમત દેખાડેલી કે 'હું તમારા પ્રશ્નોને જ સરાસર નકારી કાઢું છું, કારણ કે મૂળભૂત રીતે આ પ્રશ્નો જ ખોટા છે અને હું તમારા વિરોધમાં ઊભો છું અથવા તમારો વિરોધ કરૂ છું, એનો અર્થ એ નહીં કે દેશને હાનિ પહોંચાડી રહેલા તમામ અપરાધિક તત્ત્વોના સમર્થનમાં હું ઊભો છું !' ('ઘરેબાહિરે') લોકશાહીનું હાર્દ એમાં છે કે દેશમાં પ્રવર્તતાં દૂષણો નાબૂદ કરવા બાબતે સૌ કોઈ સંમત હોય. પરંતુ તેને નેસ્તનાબૂદ કરવાની સરકારી નીતિરીતિઓ બાબતે પ્રમાણિક મતભેદ હોઈ શકે. આ ક્ષેત્રના મોટા વિચારક જહોન સ્ટુઅર્ટ મિલે કહેલું કે વાણીની સ્વતંત્રતા માત્ર મનગમતી વાતો કરવા કે સાંભળવા પૂરતી નથી હોતી. તમને ન ગમતી વાતોને, તમે ધિક્કારતા હો એવી વાતોને, પણ તમે એટલી જ સ્વસ્થતા અને ઉદારતાપૂર્વક સાંભળો એ જ તમારી ખરી કસોટી છે. હાલના અમેરિકી વિચારક ચોમ્સ્કી પણ કહે છે કે ઈતિહાસમાં સ્તાલિન અને હિટર જેવા સરમુખત્યારોએ પણ તેમની પ્રજાઓને વાણીની સ્વતંત્રતાનો અધિકાર આપેલો. પણ માત્ર એવી જ વાણીનો, જે તેમને મંજૂર હોય ! ભરતભાઈએ ગંભીર ચર્ચાસ્પદ વિષય ઉપર વૈશ્વિક સંદર્ભો સાથે સાંપ્રત સંદર્ભોને જોડીને ભારતમાં આ અભિવ્યક્તિ, સ્વાતંત્ર્યની શી દશા છે, તેના વિશે ચિંતનાત્મક પુસ્તક લખ્યું છે. જે ૩૬૮ પાનામાં ફેલાયેલું દળદાર પુસ્તક છે. પુસ્તકમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો ઈતિહાસ પહેલા બે પ્રકરણોમાં આલેખાયેલો છે. તે પછી પશ્ચિમી દેશોમાં કલાસ્વરૂપો ઉપરની સેન્સરશીપના કિસ્સાઓ અને તેની વિગતવાર ચર્ચા છે. તે પછી ભારતમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની બુનિયાદ અને બંધારણીય જોગવાઈઓ સહિત કેટલીક સાંપ્રત ઘટનાઓની ચર્ચા છે. ભારતમાં સાહિત્ય, નાટક, કલા, ફિલ્મ, વ્યંગવિનોદ, ઈન્ટરનેટ અને મુદ્રિત તથા વીજાણું માધ્યમોની સ્વતંત્રતા અને તેના ઉપરની સેન્સરશીપ વિશે ચર્ચા છે. દેશદ્રોહનો કાનૂન અને ધાર્મિક અસહિષ્ણુતા આપણા દેશમાં કેવી છે, તે વિગત વર્ણવાયું છે. આજની વૈશ્વિક કસોટીના પાયામાં વિશ્વભરમાં જમણેરી પરિબળોનો જે રીતે ઉદય થયો છે, તેની અભ્યાસપૂર્ણ ચર્ચા પછી ભારતીય રાજકારણ અને જમણેરી પરિબળો હેઠળ વાણી સ્વાતંત્ર્ય અને અસહિષ્ણુતા સંદર્ભે કેવી સ્વતંત્રતા અને અરાજકતા પ્રવર્તે છે, તેની ચર્ચા કરતા લેખકે પ્રાચીન ભારતમાં વૈચારિક સ્વતંત્રતા કેવી હતી, તેની વિગતો આપી છે. અંતમાં તેમના સમાપનના શબ્દો છે : 'આજના અસહિષ્ણુ જગતમાં આપણને માત્ર હાજી હા કરનારાઓનો ખપ નથી, અંતરાત્માના ધીમા પણ મક્કમ અવાજને વિશાળ માનવજાતના આંતરવિવેક સુધી પહોંચાડી શકનારા 'બળવાખોરો' જ માનવજાતના વર્તમાન સમસ્યામાંથી ઉગારનારો કોઈ નવો વિકલ્પ ચીંધી બતાવશે.' પુસ્તકના અંતે જે સંદર્ભસૂચિ આપવામાં આવી છે, તેમાં આ વિષયના મહત્ત્વના પુસ્તાકો અને કેટલાક લેખનો સંદર્ભ જોઈ શકાય છે. આજે સર્વોચ્ચ અદાલત વાજબી રીતે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના અધિકાર ઉપર વારંવાર ભાર મૂકે છે, ત્યારે વહીવટીતંત્ર, સરકાર અને તેમનાં ટેકેદાર વર્તુળો જે રીતે અભિવ્યક્ત થનાર વ્યક્તિ કે વિચારક ઉપર કાયદાકીય અને અન્ય ધોંસ બોલાવે છે ત્યારે માહોલ ચિંતાજનક સ્થિતિમાં પરિણમે છે. દેશભક્તિ એ કોઈ પ્રદર્શનની ચીજ નથી કે એનું કોઈ વળતર કે લાભ મેળવવાનો નથી. બંધારણ, તેની ભાવના, તે સંદર્ભે ઘડાયેલા કાયદાઓ અને વ્યાપક સમાજના સંદર્ભે કાયદાના શાસનની સ્થાપનાનો અને તે પ્રત્યેની નિસબતમાં પણ રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રપ્રેમ વ્યક્ત થઈ શકે છે. આ તબક્કે એ બરાબર સમજવાનું છે કે દરેકને પોતાની આઝાદી ગમે છે અને બીજો તે જ પ્રકારની આઝાદી ભોગવે તે સામે અતિશય વાંધા વિરોધ હોય છે. લોકશાહી કે બંધારણ કોઈ એક વર્ગસમૂહની આઝાદી કે તેના જતન માટે નથી. તે તો વ્યકિત માત્રની આઝાદીનું જતન કરવા માટે છે. અભિવ્યક્તિની સાથે વિચાર સ્વાતંત્ર્ય આવી જ જાય છે. પ્રામાણિક મતભેદ અને વિરોધી વિચાર પ્રત્યે સહિષ્ણુતા એ સાચી આઝાદીનો મર્મ છે. ભરતભાઈએ તેમના જીવનમાં છેલ્લા વર્ષો આવા ચિંતનને સમર્પિત કર્યા છે. જે દર્શાવે છે કે એક કલાકાર તરીકે અને એ નાગરિક તરીકે તેમને આ મુદ્દો કેટલો પીડતો હશે કે કેટલો નજીકનો લાગતો હશે. રાજકીય સરકારોને એવું માનવું સદાય ગમતું રહ્યું છે કે જે કોઈ આપણી સાથે નથી તે બધા આપણી સામે જ છે. આવી ખતરનાક વિચારસરણી ઉપર બંધારણ છે, ન્યાયતંત્ર છે અને કાયદાનું રાજ સ્થાપવાની મસમોટી જવાબદારી છે. સાચા નાગરિકો જ્યારે ટીકાટિપ્પણી કરે છે, ત્યારે તેમને આખા સમાજનું હિત અભિપ્રેત હોય છે તેમને માત્રને માત્ર રાજકીય વિરોધીઓમાં ખતવી દેવા એ પાગલપન છે. સત્તા કદી કાયમી હોતી નથી. સત્તા એ તો પ્રજાકલ્યાણનું સાધન માત્ર છે. જે નસીબદારોને જ પ્રાપ્ત થાય છે. તે સમયગાળામાં પોતાનો નાગરિક કોઈપણ પ્રકારનું દુઃખ ન અનુભવે તે જવાબદારી ચૂંટાયેલી સરકારની હોય છે. તે સાથે એ પણ સમજવાનું છે કે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર વાજબી નિયંત્રણો સાવ સ્વાભાવિક છે. કારણ કે કોઈ પણ પ્રકારની કોઈની પણ આઝાદી અમર્યાદ ન હોઈ શકે !

(અભિવ્યકિત સ્વાતંત્ર્ય, લે. ભરત દવે, ગુર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ-૧૫, પ્ર.આ.૨૦૧૭, પાના ૩૭૬, કિ. રૂા.૪૦૦) (સૌ. : નિરીક્ષક)

# રાજસ્થાનની ઉમ્મુલ ખેરે વિપરીત પરિસ્થિતિઓમાં પણ પ્રથમ પ્રયાસે જ UPSCની પરીક્ષામાં સફળતા મેળવી

નવી દિલ્હી તા.૧૨

ઉમ્મુલ ખેરની આઈએએસ બનવાની સફળ સ્ટોરી કોઈપણ વ્યક્તિને પ્રેરિત અને પ્રોત્સાહિત કરનારી છે. ઉમ્મુલે આ અસાધારણ સિદ્ધિ મેળવી એ વાત સાબિત કરી દીધી છે કે, ગમે તેવા સંજોગો હોય પણ જો વ્યક્તિ સખ્ત મહેનત કરે તો તેને સફળતા મળ્યા વિના રહી શકતી નથી. ઉમ્મુલને પોતાના શૈક્ષણિક જીવન દરમ્યાન ઘણી તકલીફોનો સામનો કરવો પડયો હતો. તેઓ હાડકાંની વિકૃતિથી પીડિત હોવા છતાં તેણે સમાજમાં એક દાખલારૂપ સફળતા મેળવી બતાવી છે. ઉમ્મુલ સ્લમ વિસ્તારમાં રહેતી હતી. તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો અને આ તમામ પડકારો વચ્ચે ઉમ્મુલે પ્રથમ પ્રયાસમાં જ યુપીએસસીની પરીક્ષા પાસ કરી હતી તથા સમગ્ર ભારતમાં ૪૨૦મો ક્રમ મેળવ્યો હતો. ઉમ્મુલ ખેરનો જન્મ રાજસ્થાનના મારવાડમાં થયો હતો. તે જ્યારે પાંચ વર્ષની હતી ત્યારે પોતાના પરિવાર સાથે દિલ્હી રહેવા આવી ગઈ હતી. દિલ્હી આવ્યા બાદ ઉમ્મુલના પરિવારે દિલ્હીના નિઝામુદીન વિસ્તારમાં રહેવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેઓ ત્રિલોકપુરી ખાતે રહેવા ગયા હતા. ઉમ્મુલ નાજુક હાડકાંના રોગથી પીડિત હતા. ઉમ્મુલને ૧૬ ફ્રેક્ચર થયા છે અને તેમની ઉપર આઠ ઓપરેશનો કરવામાં આવ્યા છે.

ઉમ્મુલે શારિરીક રીતે વિકલાંગો માટેની સંસ્થા પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઈન્સ્ટીયુટ ખાતેથી અભ્યાસ કર્યો હતો. તેઓ પાંચમાં ધોરણ સુધી આ સંસ્થામાં ભણ્યા હતા. ત્યારબાદ તેમણે આઠમાં ધોરણ સુધી સરકારી સંસ્થા અમર જ્યોતિ ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે અભ્યાસ કર્યો હતો. તેમણે પોતાની આજીવિકા રળવા સ્લમ વિસ્તારના બાળકોને ટ્યુશન આપવાનું શરૂ કર્યું હતું. સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉમ્મુલે માસ્ટર ડીગ્રી માટે જેએનયુમાં પ્રવેશ મેળવ્યો હતો. ૨૦૧૩માં તેમને જેએનયુ ખાતે જૂનિયર રિસર્ચ ફેલોશિપ મળી હતી. જેથી તેમને સ્ટાઈપેન્ડ પેટે દર મહિને રૂ.૨૫૦૦૦ મળતા હતાં. ઉમ્મુલ માટે આઈએએસ બનવું એક સપનું હતું. જેથી પી.એચ.ડી. કરવા છતાં તેમણે યુપીએસસીની પરીક્ષા આપી હતી.

# સંસદમાં વિપક્ષોનાં ઉહાપોહ વચ્ચે બહુમતીનાં જોરે વિધાયકો પસાર કરાયા

નવી દિલ્હી તા.૧૨

લોકસભામાં પોતાની પ્રચંડ બહુમતી સાથે ભારતનો શાસક ભારતીય જનતા પક્ષ(ભાજપ) દ્વારા સંસદનો ભાગ્યે જ કોઇ મહત્વ આપવામાં આવ્યું છે અને ભાજપ સંસદને જાણે પરામર્શ માટેના મંચને બદલે એક રબ્બર સ્ટેમ્પ તરીકે ગણે છે. જે રીતે વિવાદી કૃષિ વિધેયકો સપ્ટેમ્બર ૨૦૨૦માં પાસ કરવામાં આવ્યા હતા તે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. રાજયસભામાં પણ મોટા ભાગના બહુમતી સાંસદો એની તરફેણમાં મત આપે છે કે કેમ તેની રાહ જોયાં વગર ખરડાઓ મંજૂર કરવામાં આવ્યાં હતાં. છેલ્લા બે સપ્તાહથી વિપક્ષોએ હવે ભાજપની પોતાની પ્રયુક્તિઓનો તેની વિરુદ્ધ ઉપયોગ કર્યો છે. ૨૦૧૦માં જયારે ૨-જી ટેલિકોમ લાયસન્સની ફાળવણીના કેસમાં ભ્રષ્ટાચારના સમાચારો સામે આવ્યા ત્યારે એ વખતે ભાજપે અન્ય વિરોધ પક્ષો સાથે સતત વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું અને સંસદને તેનું કામકાજ કરતી અટકાવી હતી. અરૂણ જેટલીએ એ વખતે જણાવ્યું હતું કે જ્યારે સંસદ મુદ્દાઓની ઉપેક્ષા કરતી હોય ત્યારે સંસદનો અવરોધ એ લોકશાહીની તરફેણમાં છે. આથી સંસદીય ગતિરોધ એ બિનલોકતાંત્રિક નથી. અત્યારે ભાજપ પેગાસસ જાસૂસી મામલે ચર્ચા કરવા તૈયાર નથી. વિપક્ષો પેગાસસ જાસૂસી મામલે ચર્ચાની માગણી કરી રહ્યાં છે. વિપક્ષો કહે છે કે અત્યારે આ સૌથી મોટો મુદ્દો છે જેમાં જાસૂસી, વિદેશી સ્પાયવેર દ્વારા ખતરો અને ખતરાથી લઈને ભારતીય લોકશાહીનો ખતરો અને ભારતીય નાગરિકોની ગોપનીયતાના ભંગ જેવા અનેક મુદ્દાઓ સંકળાયેલા છે. આથી સંસદ એ આવા પ્રશ્નોની ચર્ચા કરવા માટે સૌથી યોગ્ય સ્થળ છે. તેમ છતાં ભાજપે આ મુદ્દે ચર્ચા ટાળી છે. ખાસ કરીને ભારતે પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ કર્યો નથી એવું સ્પષ્ટપણે કહેવા ભાજપે ઈન્કાર કર્યો છે. આમ પેગાસસ ઉપર ચર્ચા કરવા માટે ભાજપનો શરમજનક નનૈયો સંસદ અંગે આપણને ઘણું બધું કહી જાય છે. ભાજપ જાણે છે કે જો આ મુદ્દાની ચર્ચા થશે તો તેને ક્ષોભજનક અને પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડશે કારણ કે કોઈ પણ પ્રકારનો સ્વીકાર ગોપનીયતાના મૂળભૂત અધિકાર સાથે સંકળાયેલા મહત્વના પ્રશ્નો અને સરકારી તંત્રના દુરૂપયોગની બાબત ઉઘાડી પડી જશે. સારી વાત એ છે કે વિરોધ પક્ષો આ મુદ્દે એકતા જાળવી શકયાં છે. બીજું સંસદમાં હંગામાથી વિધેયકો અટવાયાં નથી. વિપક્ષોના ઊહાપોહ વચ્ચે પણ બહુમતીના જોરે મૌખિક મતથી વિધેયકો પાસ કરવામાં આવેલ છે.

# નવી મુંબઈની એપોલો હોસ્પિટલમાં ૭ વર્ષની બાળકી ઉપર જટીલ ગણાતી સફળ સર્જરી કરાઈ

## ગુજરાતમાં રહેતી આ બાળકીનું માથું સ્થિર અને એક બાજુએ ૯૦ ડિગ્રી નમેલું હતું

નવી દિલ્હી તા.૧૨

ગુજરાતમાં રહેતી ૭ વર્ષની એક બાળકી, જેનું માથું સ્થિર અને એક બાજુએ ૯૦ ડિગ્રી નમેલું હતું, તેની બે નિષ્ફળ સર્જરી બાદ, તાજેતરમાં નવી મુંબઈની એપોલો હોસ્પિટલમાં તેની સફળતાપૂર્વક શસ્ત્રક્રિયા સાથે સારવાર કરવામાં આવી હતી. વિશિષ્ટ મલ્ટીડિસિપ્લિનરી ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી એક જટિલ મલ્ટી-સ્ટેજ સર્જરી દ્વારા બાળકની સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી હતી. સોમ્યા તિવારી નામની આ બાળકીને ગળાની માંસપેશીમાં ગાંઠ હતી જેના કારણે તેની ગરદન એક બાજુએ નમેલી રહેતી હતી અને તે પોતાની ડોકનું પરિભ્રમણ કરી શકતી ન હતી. આ સ્થિતિને તબીબી ભાષામાં 'ટોર્ટીકોલીસ' કહેવાય છે. તેણીના કિસ્સામાં, તેણીના સ્નાયુ કેલ્સિફાઈડ હતા અને સ્નાયુ અને ખોપરીનું હાડકું એક સાથે જોડાયેલું હતું જેના લીધે તેનું માથું શરીર સાથે એવી રીતે જોડાયેલુ રહેતું હતું કે તે એક બાજુએ ૯૦ અંશે નમેલું રહેતું હતું અને તે માથાનું હલનચલન કરી શકતી ન હતી. આ શસ્ત્રક્રિયા જટિલ હતી અને અનેક જોખમો સાથે સંકળાયેલી હતી કારણ કે આવા કેસ કોઈપણ ઓર્થોપેડિક/ મેડિકલ જર્નલ/ સાહિત્યમાં નોંધાયા ન હતા. એમઆરઆઈ સ્કેનમાં જાણવા મળ્યું કે સોમ્યાનું માથું સંપૂર્ણપણે નમેલું હતું અને હલનચલનની કોઈ શક્યતા ન હતી. એપોલો હોસ્પિટલ્સ નવી મુંબઈના સ્પાઈન સર્જન ડો. અગ્નિવેશ ટીકુએ જણાવ્યું હતું કે “આ એક જન્મજાત ફાઈબ્રોટિક પ્રક્રિયા છે જે ભાગ્યે જ જોવા મળે છે અને જીવંત જન્મના ૦.૪% બાળકોને અસર કરે છે. તે સામાન્ય રીતે એક બાજુ નમેલું હોય છે, અને ૩ થી ૪ કેસમાં જમણી બાજુને અસર કરે છે, અને સામાન્ય રીતે, પુરુષ શિશુઓને સ્ત્રીઓ કરતાં સહેજ વધુ અસર કરે છે, “સદનસીબે, શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી અને સોમ્યા હવે સામાન્ય વ્યક્તિની જેમ માથું ફેરવવા અને હલનચલન કરવામાં સક્ષમ છે. ૭ વર્ષીય આ બાળકી એપોલો હોસ્પિટલમાં સારવાર લેતા પહેલા ૫ વર્ષથી આ સ્થિતિથી પીડાય રહી હતી. નવી મુંબઈમાં એપોલોની મુલાકાત તેના પરિવાર માટે સારવારનો છેલ્લો પ્રયાસ હતો. સોમ્યાના માતાપિતા તેને ઘણી હોસ્પિટલોમાં લઈ ગયા પછી બે સર્જરી કરાવી હતી જેનાથી તેને કોઈ ફરક પડ્યો નહીં. અમુક ડોકટરોએ ઉચ્ચ જોખમનું કારણ આપીને આ બીમારીમાં તબીબી હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો. અંતે પરિવાર સોમ્યાને નવી મુંબઈના એપોલો હોસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં ત્રણ તબક્કામાં મલ્ટી-સ્ટેજ સર્જરી કરવામાં આવી હતી. ડોકટરોની ટીમનું નેતૃત્વ ડો. અગ્નિવેશ ટીકુ, સ્પાઈન સર્જન અને ડો. સ્વપ્રિલ કેની, પેડિયાટ્રિક ઓર્થોપેડિક સર્જને કર્યું હતું થોડા દિવસો પહેલા, તેણીને એક નાનકડી પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું જેણે તેની ગરદનને વધુ સુગમતા આપી હતી. હવે, તેણી તેની ગરદન સીધી રાખી શકે છે અને 'એક આંખની દ્રષ્ટિ' સાથે સામે જોઈ પણ શકે છે.

# ઈરાન સાથેની લડાઈમાં ઈઝરાયેલ એકલું પડી જવાની સંભાવના

તેલઅવીવ તા.૧૨

ઈરાન અને ઈઝરાયેલ દશકાઓથી એક બીજાની વિરૂદ્ધ છે. બંનો જ દેશ એક બીજાને પોતાની રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ માનો છે. હાલના વર્ષોમાં બંને દેશોની વચ્ચે એક સંઘર્ષ ચાલી રહ્યો છે, જેને છદ્મ યુદ્ધ પણ કહેવામાં આવી રહ્યું છે. આ લડાઈ જમીન ઉપર અને હવામાં શરૂ થઈ હતી. પરંતુ હાલની અથડામણો દરિયામાં છે. ઓમાનની ખાડીના આસપાસ બંનો જ દેશોના અનેક જહાજો ઉપર હુમલા થયા છે. હાલના દિવસોમાં ૨૯ જુલાઈએ એમવી મર્સર સ્ટ્રીટ હુમલાના નિશાન બન્યા. આ મધ્યમ આકારનું ખાલી ટેન્કર તાંઝાનિયાના દાર-અસ-સલામ બંદરથી સંયુકત અરબ અમીરાતના ફુજેરાહ રિફ્યુલિંગ પોટ ઉપર જઈ રહ્યું હતું. આ બંદર ઓમાનની ખાડીમાં જ છે. જાપાનના માલિકી હક વાળા આ લાઈબેરિયાના જહાજનો ઈઝરાયેલની એક કંપની જોડાયક મેરીટાઈમ ભાડા ઉપર ચલાવે છે. તે દિવસ આ ટેન્કર જહાજ ઉપર વિસ્ફોટકોથી લાદેલા ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો. આ હુમલામાં બે લોકો મૃત્યુ પામ્યા એક રોમાનિયન સિકયોરિટી ગાર્ડ હતો અને બીજો બ્રિટની નાગરિક હતો. આ જહાજ મદદ માટે ઈમરજન્સી કોલ કરી. અમેરિકન નૌસેનાના બે જહાજોએ તેનો પોતાની દેખરેખમાં અંદર સુધી પહોંચાડયા. બ્રિટન અને ઈરાન બંને એજ આ હુમલા પછી એક બીજાના રાજદ્વારીઓનો બોલાવ્યા, ઈઝરાયેલ, બ્રિટન અને અમેરિકાએ આ હુમલા માટે ઈરાનનો જવાબદાર ગણાવ્યું.

**ત્યાં ઈરાનો કહ્યું કે આ આરોપ આધારહીન છે**

અપીલમાં થયેલી વધુ એક ઘટનામાં ઈરાનની સેનાના એક શાયિજ નામના સરતાઈ જહાજ ઉપર વિસ્ફોટ થયો. ઈરાનો તે માટે ઈઝરાયેલનો જવાબદાર ગણાવ્યું. આ ઘટના લાલ દરિયામાં થઈ હતી. હાલના મહિનાઓમાં ઈઝરાયેલ અનો ઈરાનથી સંબંધિત જહાજો ઉપર અનેક હુમલા થયા છે. આ બે ઘટનાઓ એવા જ હુમલાઓનું ઉદાહરણ છે. દરેક મામલાઓમાં બંનો જ દેશોએ એક બીજા ઉપર આરોપ લગાવ્યા અને નકારી કાઢયા. આ વર્તમાન ઘટનાઓ એવા સમયે થઈ છે જયારે ઈરાન અને ઈઝરાયેલ બંને દેશોમાં નવા નોતાઓએ સત્તાની કમાન સંભાળી છે. હવે આ છદ્મ યુદ્ધમાં બે નવા નેતા સામેલ છે. એક તરફ ઈરાનના કટ્ટરવાદી રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ રઈસી છે જે ઈરાનના સર્વોચ્ચ નોતા આયતુલ્લાહ અલી ખમેનઈના નજીકના છે. તો ઈઝરાયેલના ખુલ્લા વિરોધી છે. રઈસીએ ઈઝરાયેલનો એક ખતરનાક જોખમ બતાવ્યું છે. ત્યાં બીજી તરફ ઈઝરાયેલના નવા વડાપ્રધાન નફટાલી બેનેટ છે જે પહેલા જ બતાવી ચૂકયા છે કે તે પણ પૂર્વવત વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુની જેમ ઈરાન વિરોધી છે. આ શેડો વોરમાં બંને તરફથી ઘટનાઓ એવા સમયમાં થઈ રહી છે જયારે વિએનામાં ઈરાનની પરમાણુ સમજૂતીને ફરીથી જીવિત કરવા માટે મંત્રણા ચાલી રહી છે.

**બની શકે છે કે ઈઝરાયેલ અહીં એકલું જ રહી જાય**

રોયલ યુનાઈટેડ સર્વિસ ઈન્સ્ટિટયુટમાં મધ્ય-પૂર્વ મામલાઓના જાણકાર માઈકલ સ્ટીફેન્સ માનો છે કે ઈઝરાયેલનું ઈરાનના જહાજોને નિશાન બનાવવા પરમાણુ સમજૂતીનો પાટા ઉપરથી ઉતારવાની જાણ કરીનો કરવામાં આવેલો પ્રયાસ છે. સ્ટીફેન્સ જણાવે છે કે ઈઝરાયેલ એક તરફી કાર્યવાહીઓ કરીને ઈરાની પરમાણુ સમજૂતીને પાટા ઉપરથી ઉતારવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આ એક ખતરનાક માર્ગ છે. બ્લથ જણાવે છે, બાઈડેન તંત્રએ સીરિયામાં ઈરાન સમર્થિત મિલિશિયા ઉપર હુમલા શરૂ કરી દીધા છે. સીરિયાની લડાઈમાં ઈઝરાયેલ અનો અમેરિકા સાથે સાથે છે. પરંતુ જયાં સુધી દરિયામાં ચાલી રહેલા આ છદ્મ યુદ્ધનો પ્રશ્ન છે એક બની શકે છે કે ઈઝરાયેલ અહીં એકલું જ રહી જાય.

# કેન્દ્રીય કર્મચારીઓ માટે હાઉસ બિલ્ડિંગ એડવાન્સ યોજનાની સમયમર્યાદા માર્ચ ૨૦૨૨ સુધી લંબાવાઈ

નવી દિલ્હી તા.૧૨

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી સરકારે જુલાઈ ૨૦૨૧ માટે કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા **(DA)**, મોંઘવારી રાહત **(DR)** તેમજ હાઉસ રેન્ટ ભથ્થા **(HRA)** માં વધારો કર્યો છે. કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓના લાભ માટે વધુ એક નિર્ણયમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે હાઉસ બિલ્ડિંગ એડવાન્સ **(HBA)** યોજનાની સમયમર્યાદા માર્ચ ૨૦૨૨ સુધી વધારી દેવામાં આવી છે. આનો અર્થ એ છે કે કેન્દ્ર સરકારનો કોઈપણ કર્મચારી પોતાનું ઘર ખરીદવા માંગે છે તો કર્મચારી માર્ચ ૨૦૨૨ સુધી ઘટાડેલા દરે હોમ લોન મેળવી શકશે. **HBA** યોજના હેઠળ સરકાર કેન્દ્રીય કર્મચારીઓને ૭.૯ ટકાના દરે હોમ લોન આપવામાં આવે છે. એચબીએ સ્કીમ હેઠળ કેન્દ્ર સરકારનો કર્મચારી પોતાના અથવા તેની પત્નીના પ્લોટ ઉપર મકાન બનાવવા માટે એડવાન્સ રકમ લઈ શકે છે. આ યોજના ૧ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવી હતી અને આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર હવે ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી તેના કર્મચારીઓને ૭.૯% વ્યાજના દરે ઘર બનાવવા માટે એડવાન્સ રકમ આપશે. નોંધનીય છે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓનો **DA** હવે ૧૭ ટકાથી વધારીને ૨૮ ટકા કરવામાં આવ્યો છે અને નવો **DA** જુલાઈથી અમલમાં આવશે. હવે, કેટલાક અહેવાલો દાવો કરી રહ્યા છે કે કેન્દ્ર જૂન મહિના માટે મોંઘવારી ભથ્થાને પણ મંજૂરી આપી શકે છે અને અપેક્ષા છે કે કેન્દ્ર આગામી દિવસોમાં વધુ ૩ ટકા વધારાને મંજૂરી આપશે. જો કેન્દ્ર આ નિર્ણય લેશે તો કેન્દ્ર સરકારના કર્મચારીઓનો **DA** ૩૧ ટકા સુધી પહોંચી જશે અને તેમના પગારમાં નોંધપાત્ર વધારો થશે.

# અમેરિકા સ્થિત કિશોર મોદીની ગઝલ "છીએ"નો રસાસ્વાદ...

**આપણે માટીપગા છીએ?**
**આપણે કૈં બેસૂરા છીએ ?**

**આપણાથી કંઈ થવાનું ના**
**આપણે ખુદ પૂતળાં છીએ**

**ધારીએ તો દેવ વેચીએ**
**આપણે સ્વાર્થી બલા છીએ.**

**બળતું મન તો મીણબત્તી છે**
**આપણે કાયમ ચિંતા છીએ**

**દમડીમાં વેચાય હાથી પણ,**
**આપણે બિલકુલ લુખ્ખા છીએ**

**ત્રણમાં નહિ નહિ તેરમાં તોયે**
**આપણે કેવળ ખુદા છીએ!**

**વેચી ઘર તીર્થ જવું "કિશોર"**
**આપણે ક્યાં કોઈના છીએ?**

- કિશોર મોદી

વર્તમાન સમયમાં સામુહિક હોવાપણાંની નિર્માલ્યતાનો ઉદઘોષ "આપણે... છીએ" વચ્ચેનાં"ગાગાલગા"ના લઘુત્તમ અવકાશમાં ઉપરોક્ત ગઝલના નાયક કિશોર મોદી સાત શેરના સપ્તકી સૂરમાં આક્રમક રીતે કરે છે. "આપણે" વિધાનમાં એ સ્વજાતને ય અનુભૂતિના સ્તરે આવરી લઈ મત્લાના શેરમાં અવતાર માટીના કથળતા સંચાર વિશે માટીપગાની પ્રયુક્તિ સાધી આમ કહે છે.

**"આપણે માટીપગા છીએ.**
**આપણે કૈં બેસૂરા છીએ."**

પરપોટા સમા લાભ માટે અસ્તિત્વનું દરિયાપણું ખોઈ નાખી બેસૂરા ઘૂઘવાટમાં જ ગરજતી માનવ જાત વિશે ઉપરોક્ત મત્લો કેટલો સાર્થક છે! માટીપગું દાખવતો આ જીવ ઘડીવારમાં ઓગળી જઈ એનું અસ્તિત્વ તેમજ દિશા બન્ને ખોઈ બેસતો હોય છે..પરંતુ કવિ તો જીવના માટીપગા કરતા ય આગળ વધીને એનું નિર્જીવારોપણ કરી એને પૂતળાંમાં રૂપાંતરિત કરી એની કર્મશીલતાનો છેદ કરે છે.આ પ્રકારની આધુનિક જીવની નિઃસહાયતાનો ચીતાર બીજો શેર આમ કરે છે.

**"આપણાંથી કંઈ થવાનું ના**
**આપણે ખુદ પૂતળાં છીએ."**

"આપણાંથી કંઈ થવાનું ના" આત્મસંવાદી હોવા છતાં આજના યુગ કાજે ચેતવણીનો મહામંત્ર સમ પ્રગટે છે. ઉપરોક્ત બે શેરમાં કવિ કર્તવ્યહીનતાને જ ભલે નિર્દેશિત કરતાં હોય , પણ એ જાણે છે કે આ ભીતરના કપટમાં લપેટાયેલો જીવ એમ ક્યાં ઠરીઠામ બેસી શકવાનો છે? એ તો એની અવળચંડાઈની બલાઓમાં શ્રધ્ધા ભક્તિના નામેય કહેવાતા દેવોનેય બાજારૂ પરિભાષાઓમાં ચીતરી એનો ય વેપાર ધર્મ-મંત્ર, મસ્જિદ-અજાનના નામે છડેચોક કરી નાખવામાં લેશમાત્ર ક્યાં ખચકાય છે!

**"ધારીએ તો દેવ વેચીએ**
**આપણે સ્વાર્થી બલા છીએ."**

આ અનુભૂતિની મારી ત્રણ પંક્તિઓ જુઓ.

"મંદિર મેં તિલક કરને જાયે, મસ્જિદ મેં નમાઝેં પઢ આયે.
ઈમાન ધરમ કી બાતોં મેં દિલ અપના ભલે તું બહલાયે.
તુ ભૂલ ગયા હૈ એ નાદાં ઈશ્વર કી બનાઈ બુનિયાદેં."

-સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ"

આમ તો આત્મદીપનનાં જ અજવાસે જીવ રેલાતો હોવા જોઈએ.પણ આ માનવ તો મન બાળીને જ એનો ધુમ્રમય અજવાસ કરવા ટેવાયેલો હોઈ.એ અન્ય દીપ નહીં પણ મન વિષયક પાંગળી દ્રિયની મીણબત્તી જલાવી, આજીવન ચિંતાઓનાં મીણમાં ઓગળીને ઠરી જતો હોય છે. મનને બળતી મીણબત્તીની ઉપમા ગઝલમાં જવલ્લે જ સર્જાઈ હોઈ..આ અમેરિકાની માટીમાં પણ આવા ગઝલદીપ જલાવતા કિશોરભાઈ ધન્યતાને પાત્ર છે.

**"બળતું મન તો મીણબત્તી છે,**
**આપણે કાયમ ચિંતા છીએ. "**

પાંચમો શેર આધુનિક જગની અધોપતીતાની પરાકાષ્ટા પર દમડીના દામે વેચાતા "હાથી"અર્થાત મહાકાય-મહાસમર્થ તત્વની અવદશાને ઈંગિત કરે છે.એક એવું જીવનું વ્યાપારીકરણ કે જે સામે પક્ષે કોડીના કે દમડીના ભાવે પણ ખરીદવાનું સામર્થ્ય ખોઈ બેઠું હોય! આ વિગત શેરથી વિશેષ સમજાશે.

**"દમડીમાં વેચાય હાથી પણ,**
**આપણે બિલકુલ લુખ્ખા છીએ."**

છઠ્ઠો શેર ત્રણ ને તેરની સામાન્ય ગાણિતિક વ્યાખ્યાઓમાં ય ગુણધર્મિતાઓને નેવે મૂકી ખુદાઈ હાસિલ કરવાની જે આભાસી હોડમાનવ માંડી, ખુદાઈનો મિથ્યા દ્દાવો કરે છે.એના પર ,"આપણે કેવળ ખુદા છીએ"ના ઉદ્ગારમાં વક્રોક્તિનો સઘન પ્રહાર કરે છે.

**" ત્રણમાં નહિ નહિ તેરમાં તોયે,**
**આપણે કેવળ ખુદા છીએ."**

આ કવિ સમગ્ર ગઝલમાં "આપણે છીએ" ના પુનરાવર્તિત ઉદ્ગારથી ગઝલને શ્લેષ અલંકાર પહેરાવતા ના હોય!એવી અનુભૂતિ સૌને થયા વિના ક્યાં રહે છે?સાત શેરમાં આઠ વાર "આપણે"ની પ્રયુક્તિઓ આપણાં હોવાપણાંની હીનતાને અનેક વાર બેવડાવે છે.

અંતે ધર્માંધતામાં અસલ ગૃહસમાધિને ય નિઃશેષ કરી ડો.ચીનુ મોદી "ઈર્શાદ"ના આ શેરની પંક્તિ જેમ કે... "ઘર બાળીને તીરથ કીધું" આપણાં જીવને જીવત્વનાં સાચા સગપણની કીંમત અત્યારે ક્યાં સમજાય છે? મૂળ સ્વજનોને પીડીત રઝળતા મૂકી ધર્માલયોમાં મોક્ષત્વને તલાશતો આ જીવ શું પુનઃ રાજેન્દ્ર શુક્લના આ શેરનું અનુકરણ કરી શકશે ખરો?

**"વણ બાળ્યે પણ તીરથ કીધું,**
**પરથમ ઉંબરને પ્રણામ ."**

વિદેશી ગૃહાશ્રમમાં પણ આપણાં વતનનાં ઉંબરને ગઝલ પ્રણામી દેતા કિશોર મોદીને સલામી પાઠવું છું.

**સતીન દેસાઈ 'પરવેઝ' દીપ્તિ 'ગુરૂ'**
એ/૩ અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ. ૭ (મો. ૯૪૨૮૯૦૭૭૭૫)

# સરકારી જીલ્લા પુસ્તકાલય જૂનાગઢ દ્વારા તા.૧૫ ઓગસ્ટના રોજ પુસ્તકોનું પ્રદર્શન

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લામાં થનાર ૭૫માં સ્વાતંત્ર્ય દિનની જિલ્લાકક્ષાની ઉજવણી અંતર્ગત તા.૧૫ મી ઓગષ્ટના રોજ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અન્વયે આશરે ૧૦૦૦થી વધુ આઝાદી પરના પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવેલ છે. આ પ્રદર્શન તા.૧૫/૮/૨૦૨૧ થી સવારે ૧૦:૦૦ વાગ્યાથી તા.૧૬/૮/૨૦૨૧ ના સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ખુલ્લુ મુકવામાં આવશે. સર્વે લોકોને પુસ્તક પ્રદર્શન જોવા સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા આમંત્રિત કરવામાં આવેલ છે.


# ખંભાળિયાનાં વડત્રા ગામે સ્વયંભૂ પ્રગટ ધીંગેશ્વર મહાદેવનું મંદિર



જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા– દ્વારકા માર્ગ ઉપર વડત્રા ગામે આવેલા ધીંગેશ્વર મહાદેવના પ્રાચીન અને પ્રખ્યાત શિવ મંદિરનું મહાત્મય શિવભક્તોમાં અનન્ય છે. ખંભાળિયા તાલુકામાં અનેક પુરાણ પ્રસિદ્ધ શિવ મંદિરો આવેલા છે જેમાં વડત્રા ગામનું આશરે ૬૦૦ વર્ષ જૂનું ધીંગેશ્વર મહાદેવનું મંદિર સ્વયંભૂ પ્રગટ હોવાથી આ શિવ મંદિર ભક્તો માટે અનેરી આસ્થાનું કેન્દ્ર છે.

# રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને સંદર્ભે ચેકપોસ્ટ ઉભી કરી જૂનાગઢ પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ



જૂનાગઢ તા.૧૨

આગામી ૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે મુખ્યમંત્રીની હાજરીમાં ઉજવાનાર હોય, મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈને, જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર અને જિલ્લાની પોલોસને સતર્ક કરી, આગોતરૂ આયોજન કરી, કાર્યવાહી આરંભી દેવામાં આવેલ છે.જૂનાગઢ જીલ્લાપોલીસવડા રવિ તેજાવાસમશેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર અને જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને પોતાના વિસ્તારમાં ચરકપોસ્ટ ચાલું કરી, રાઉન્ડ ધ કલોક શહેર વિસ્તારના જુદા જુદા પોઈન્ટ ઉપર તેમજ જિલ્લાની શરૂ થતી હદ ઉપર વાહન ચેકીંગ હાથ ધરવા ખાસ સૂચનાઓ કરી, ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તેમજ પેરોલ ફેર્લો સ્કવોડ સહિતની ટીમો પણ ખાસ તૈનાત કરી, કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહજાડેજાના માર્ગદર્શન હેઠળ એ ડિવિઝન પોલીસસ્ટેશનના પો.ઈન્સ. એમ.એમ.વાઢેર, બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એન.આઈ.રાઠોડ, સી ડિવિઝનના પીએસઆઇ જે.જે.ગઢવી, તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ પી.વી.ધોકડીયા, ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ.સી.ચુડાસમા, ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એચ.આઈ.ભાટી, પીએસઆઇ ડી.જી.બડવા, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીએસઆઇ જે.એમ.વાળા તથા સ્ટાફ દ્વારા સાબલપુર ચોકડી, ઝાંઝરડા ચોકડી, બીલખા ગેઈટ, મધુરમ બાયપાસ, ગાંધી ચોક, દોલતપરા, સરદાર બાવલા, સહિતના પોઈન્ટ ઉપર ચેકપોસ્ટ ચાલુ કરી, સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. આ ચેકપોષ્ટ ઉપર પીએસઆઇ, સ્થાનિક પોલીસ, હથિયાર ધારી એસઆરપી જવાનો સહિતનો સ્ટાફ તૈનાત કરી, શહેરમાં પ્રવેશતા વાહનોને ખાસ ચેક કરવામાં આવે છે. ઉપરાંત, જિલ્લાની શરૂ થતી હદ જેવી કે ગડુ ચેક પોસ્ટ, સહિતના સ્થળો ઉપર પણ ખાસ ચેકીંગ હાથ ધરી, જિલ્લામાં પ્રવેશ કરતા અને જિલ્લામાંથી બહાર જતા વાહનોનું ચેકીંગ હાથ ધરવા કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જૂનાગઢ પોલીસના અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા ચેકપોસ્ટ શરૂ કરવામાં આવતા, જાણીતા ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો હતો. તાજેતરમાં જૂનાગઢ પોલીસ દ્વારા ચેક પોષ્ટ શરૂ કરી, સઘનચેકીંગ હાથ ધરવામાં આવતા અને પોલીસની સતર્કતામાં વધારો થતાં, લૂંટ અને મારામારીના ગુન્હા બન્યા બાદ તુરત જ આરોપીઓને રાઉન્ડઅપ કરવામાં આવેલ હતા તેમજ પોલીસની ત્વરિત કાર્યવાહીના કારણે વિદેશી/દેશી દારૂ ભરેલ કારને જૂનાગઢ ખાતેથી પીછો કરી, વંથલી તથા મેંદરડા ખાતેથી પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા તાજેતરમાં જૂનાગઢ ખાતે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનના રાજયકક્ષાના કાર્યક્રમના અનુસંધાને ગુન્હેગારોને અંકુશમાં લેવા જુદા જુદા વિસ્તારોમાં ખાસ ઝુંબેશ અન્વયે ચેકપોસ્ટ દ્વારા સઘન વાહન ચેકીંગ, કોમ્બીંગ કરી, કાર્યવાહી શરૂ કરવામાં આવતા, ભૂતકાળમાં પકડાયેલ ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો છે. ભવિષ્યમાં પણ જૂનાગઢ શહેરના અલગઅલગ વિસ્તારોમાં સઘન ચેકીંગ અને કોમ્બીંગની કાર્યવાહી શરૂ રાખવામાં આવશે, એવું પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા રાજકોટમાં પત્રકારોનું નારદ એવોર્ડથી સન્માન કરાયું

## આજની યુવા પેઢીને સૌરાષ્ટ્રનાં પત્રકારત્વના માંધાતા પૂર્વજોને અનુસરવા આહવાન કરતા વિષ્ણુભાઈ પંડયા

## બ્રહ્માજીનાં માનસપુત્ર એવા નારદ પત્રકાર જગતનાં આદર્શ ગુરૂ રહયા છે : જયંતિભાઈ ભાડેશીયા

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા. ૧૨

રાજકોટનાં રાષ્ટ્રીય શાળા ખાતે વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા માધ્યમો માટે ઉપયોગી એવા રાષ્ટ્રહિતોનાં સમાચારો, લેખો, શ્રાવ્ય વગેરે સ્વરૂપમાં માહિતીનું પ્રોત્સાહન પ્રદાન કરી રહ્યા છે ત્યારે આ રાષ્ટ્રવ્યાપી નેટવર્કના સૌરાષ્ટ્ર કેન્દ્રનો પ્રારંભ કર્યો હતો. આ તકે વિશ્વ સંવાદ કેન્દ્ર સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા રાજકોટના વતર્મમાન પત્રોના તંત્રીઓ, પત્રકારો અને વેબ ચેનલના પ્રતિનિધિઓનો નારદ સન્માન એવોર્ડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં મુકેશભાઈ મલ્કાણ, વિષ્ણુભાઈ પંડયા, ડો. જયંતિભાઈ ભાડેશીયા, પ્રમોદજી બોપટ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે વિષ્ણુભાઈ પંડયાએ પત્રકારોના સંબોધતા જણાવ્યું હતું કે, પત્રકારોની ફરજો અને કાર્યો વિશે થયેલી ઐતિહિાસિક પહેલોને યાદ કરતાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રનાં પત્રકારત્વના ભીષ્મપિતામહ એવા ઝવેરચંદ મેઘાણી જેવા અડીખમ પત્રકારત્વના માંધાતાઓ જેવી રીતે અડીખમ પત્રકારીત્વ કરી રહ્યા હતાં તેવી રીતે જ આજની યુવા પેઢીઓએ સૌરાષ્ટ્રનાં અડીખમ પૂર્વજોની પ્રેરણા લઈ અનુસરવા આહ્‌વાન કર્યુ હતું. તેમજ રાજકોટના પત્રકાર જગતના તંત્રીઓ, માલીકો અને પત્રકારોને આ પ્રસંગે તેઓએ યાદ કર્યા હતાં.

વિશ્વ સંવાદ કેન્દ્રનું મુખ્ય કાર્ય રાષ્ટ્રહિતને પ્રેરિત કરે તેવા સમાચારો, લેખકો, શ્રાવ્ય માહિતીની આપ-લે સર્વેનો પ્રાત્યાપિત કરવાથી એક વિશાળ જનસમુદાય સુધી આ માહિતી પહોંચે તેમજ પત્રકાર મિત્રોને આ ક્ષેત્રે થયેલા શોધ-સંસોધનોથી માહિતગાર કરવા સમાજમાં સંવાદને પ્રેરણાબળ મળે એ માટે પરિસંવાદો કરવા પત્રકારીત્વનાં ઉદાત મુલ્યોને પોષણ અને સંવર્ધિત કરે એવા સમાચારો, લેખો, દ્રશ્ય, શ્રાવ્ય પીરસનારા પત્રકાર બંધુઓનું સન્માન કરવું, મીડીયા ક્ષેત્રે ઉતમ કાગગીરી કરનારા બંધુઓનું આ તકે વિશ્વ સંવાદ કેન્દ્રની પરંપરા મુજબ નારદ સન્માન એવોર્ડથી સન્માનીત કરેલ છે. વર્તમાન સમયમાં કોરોના મહામારી પણ સમગ્ર મીડીયામાં પણ મીડીયા જગતે ઉમદા કામગીરી કરી હોય તેવા મીડીયા સંસ્થાઓનું સન્માન આપણામાંથી જ બનેલી એક નિષ્ણાંતોની પેનલ દ્વારા આ ક્ષેત્રે વર્ષભરની કામગીરીના મૂલ્યાંકન દ્વારા વ્યકિતગત રૂપે આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે તેમજ ભવિષ્યમાં પણ પ્રિન્ટ, ઈલેકટ્રોનિકસ અને ડિજીટલ માધ્યમમાં પણ આ રીતે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ કાર્યક્રમને સંબોધતા જયંતીભાઈ ભાડેશીયાએ જણાવ્યું હતું કે, પ્રર્વતમાન સમયમાં મીડીયાની ભૂમિકા ઝડપી બની રહી છે ત્યારે ભાગદોડવાળી જીંદગીમાં સમાચારો પણ ઝડપથી પીરસવાના હોઈ ત્યારે નારદજી પત્રકાર માનસમાંથી વિસરાયા છે. બ્રહ્માજીના માનસપુત્ર તેવાં નારદ તે પત્રકાર જગતનાં આદર્શ ગુરૂ રહ્યા છે. તેઓએ સાચા અર્થમાં પ્રત્યાપન કલાને ચરીતાર્થ કરી અને સમાજ માટે ઉપયોગી પત્રકારીત્વતા કેવી રીતે કરી શકાય તેમનો આદર્શ પરિચાર્થ કર્યો હતો. આ પ્રસંગે વિશ્વ સંવાદ કેન્દ્ર દ્વારા સૌરાષ્ટ્ર ખાતે થયેલી આ એકપહેલને તેમણે બીરદાવી હતી અને સૌરાષ્ટ્રનાં નામી-અનામી તમામ પત્રકાર બંધુઓના યોગદાનને યાદ કર્યા હતાં. આ પ્રસંગે પ્રાથમિક ઉદ્‌બોધનમાં સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘસંચાલક મુકેશભાઈ મલ્કાણે જણાવેલ કે, સ્વતંત્ર ભારતની સ્વાધીનતાનાં ૭૫ વર્ષ અને ગુજરાતી પત્રકારત્વનાં ૨૦૦ વર્ષ નિમિતે વિશ્વ સંવાદ કેન્દ્રની પરંપરા મુજબ પત્રકાર મીલન, પત્રકારોનો નારદ એવોર્ડથી સન્માન અને વિશ્વ સંવાદ કેન્દ્રમાં ઉદ્‌ઘાટન પ્રસંગે અગ્રણી પત્રકાર અને લેખક વિષ્ણુભાઈ પંડયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ક્ષેત્રનાં સંચાલક ડો. જયંતીભાઈ ભાડેશીયા અને પશ્ચિમ ક્ષેત્રનાં પ્રચાર પ્રમુખ પ્રમોદજી બાપટની ઉપસ્થિતિમાં આશરે ૧૨૫ જેટલા મીડીયા હાઉસનાં પત્રકારોની ઉપસ્થિતિમાં નારદ એવોર્ડમાં લગભગ ૮૦ થી વધુ પ્રિન્ટ, ઈલેકટ્રોનિક અને વેબ મીડીયાનાં પત્રકારોનું મહાનુભવાના વરદ્‌ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની પુર્ણાહતી વંદેમાતરમનાં ગાન સાથે ઉપસ્થિત તમામ ભારતે 'ભારત માતાકી જય'ના નાદ સાથે સંપન્ન થયો હતો.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કપાસના રૂની સારી ગુણવત્તા અંગેનાં પરિણામો ઉપર તાલીમ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૨


કપાસ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા આર.કે.વી.વાય. રફતાર પ્રોજેકટ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના અમૃત મહોત્સવ અંતર્ગત ''કપાસના રૂની સારી ગુણવતા માટેના પરિમાણો'' વિષય ઉપર નિદર્શન અને તાલીમ કાર્યક્રમ તા. ૧૦/૦૮/૨૦૨૧, મંગળવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉધ્ધાટક તરીકે કુલપતિ ડો. વી. પી.ચોવટીયાએ સૌ ખેડુતોને રૂની ગુણવત્તાનું મહત્વ સમજાવતા જણાવ્યું કે આવનારા દિવસોમાં કપાસનો ભાવ તેની ગુણવતા ઉપર જ નકકી થશે. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત મેયર ધીરૂભાઈ ગોહેલએ જણાવ્યું કે સૌરાષ્ટ્રમાં મોટાપાયે કપાસનું વાવેતર થાય છે. પ્રધાનમંત્રીની નેમ ખેડુતોની આવક બમણી કરવાની છે. તો કૃષિ યુનિવર્સીટી દવારા આવતી નવી ટેકનોલોજી અપનાવી આવક વધારી શકાય તેમ છે. વિસ્તરણ શિક્ષાણ નિયામક ડો. એચ. એમ. ગાજીપરા અને સહ સંશોધાન નિયામક ડો.પ્રમોદકુમાર મોહનોત, અતિથિ વિશેષ તરીકે હાજર રહેલ હતા. ડો. જી. કે. કાતરીયા, સંશોધન વૈજ્ઞાનિક (કપાસ)એ આ તાલીમ ખેડુતો માટે કઈ રીતે ઉપયોગી થશે તેના વિશે વાત કરેલ હતી. ડો. પ્રદિપકુમાર, સીરકોટ મુંબઈ, તેમજ યુનિવર્સીટીના અધિકારીઓ અને જૂનાગઢ જિલ્લાના પ્રગતિશીલ ખેડુતોએ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. જેમાં કપાસના રૂની ગુણવતા જાળવવા માટેના જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાન તેમજ કોટન કવોલીટી ઈવોલ્યુશન લેબોરેટરીનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ તાલીમ અનેનિદર્શનને કારણે ૨૫ ગામના ૬૦ પ્રગતીશીલ ખેડુત ભાઈઓ તેમજ આ કેન્દ્રના ૪૦ જેટલા તાંત્રિક અધિકારીઓ / કર્મચારીઓએ રસપૂર્વક આ તાલીમ લીધેલ હતી. જેનાથી કપાસના રૂ ની ગુણવતામાં સુધારો થશે અને બજારમાં સારા ભાવ મળશે. આ એક દિવસીય તાલીમ અને નિદર્શન કાર્યક્રમ સારી રીતે સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવેલ હતો.

# સોમનાથ મહાદેવને બિલ્વપત્રનો શણગાર આપતું બિલ્વ ઉપવન



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૧૨ : વેરાવળ-ઉના હાઈવે ઉપર સોમનાથ ટ્રસ્ટનું ૭૫૦ ઘટાદાર બિલ્વવૃક્ષોથી લહેરાતું ઉપવન આવેલું છે. અહીંયા બિલ્વવનનો અલભ્ય વૈભવ જોવા મળે છે. શ્રાવણ માસમાં દરરોજનાં સવાલક્ષ બિલ્વપત્રનો અભિષેક કરાય છે અને કરોડોની સંખ્યામાં બિલ્વપત્રો ભગવાન ભોળાનાથને 'ૐ નમઃ શિવાય'નાં પવિત્ર મંત્રોચ્ચાર સાથે ભાવિકો તરફથી ચઢાવવામાં આવે છે.

# જૂનાગઢનાં સુખનાથ ચોક વિસ્તારમાંથી હથિયાર સાથે એક શખ્સને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ



જૂનાગઢ તા.૧૨

૧૫મી ઓગસ્ટની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢ શહેરમાં હોય જેના કારણે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે જૂનાગઢ શહેરના સુખનાથ ચોક વિસ્તાર પાસે આવેલા ઢુંઢીયાપુલ પાસેથી બે દિવસ પહેલા પણ હથિયાર સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. બાદમાં પણ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઇ ડી.જી. બળવાના સૂચનાથી સ્ટાફ પેટ્રોલિંગમાં હોય ત્યારે પોલીસ હેડ કોન્સ્ટેબલ શબ્બીર ખાનને મળેલ બાતમીના આધારે સુખનાથ ચોકના હમીદ હુસેનભાઈ હિંગોરા નામના શખ્સને એક દેશી હાથ બનાવટના તમંચા અને જીવતા બે કાર્ટિસ સહિત ૨૫ હજારના મુદામાલ સાથે ઝડપી લઈ આગળની કાર્યવાહી કરવા એ ડિવિઝન પોલીસને સોંપી દેવામાં આવેલ છે. વધુ તપાસ એ ડિવિઝનના પીએસઆઈ આર.પી.ચુડાસમા ચલાવી રહ્યા છે. (તસ્વીર : અમ્માર બખાઈ)

# જૂનાગઢ જીલ્લામાં નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા યોજાઈ

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ જીલ્લા કલેકટર રચીત રાજનાં માર્ગદર્શન હેઠળ ગઈકાલે જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા માટે પરીક્ષા યોજાઈ હતી.

જેમાં જીલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયે જણાવેલ હતું કે જૂનાગઢ જીલ્લામાં આ પરીક્ષા ૨૪ કેન્દ્રોનાં ૨૫૧ બ્લોકમાં યોજાઈ હતી. જેમાં કુલ ૨૯૬૨માંથી ૨૨૨૦ ઉમેદવારો ઉપસ્થિત રહયા હતાં. અને પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

# જૂનાગઢમાં શીતળા કુંડ પાસે આવેલા મકાનમાં ચોરી

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢમાં શીતળા કુંડ નજીક આવેલ દેવકુંજ મકાનમાં રહેતા ધવલભાઈ દેવેન્દ્રભાઈ પરમાર તેમજ તેમના માતા-પિતા અને ભાઈ સહિતનાં પરીવારજનો રાત્રે સુતા હતા ત્યારે કોઈ અજાણ્યો શખ્સ તેમના રૂમમાં પ્રવેશ કરી રોકડ રૂા.૪૫૦૦ તેમજ મોબાઈલફોન વગેરે મળી કુલ રૂા. ૧૪૦૦૦નાં મુદામાલની ચોરી કરી ગયાની ફરીયાદ બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધવામાં આવતા આ અંગે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયા : સાંસદના સહયોગથી કેરીબેગનું વિતરણ કરાયું

જામ ખંભાળિયા તા.૧૨ : જામનગર અને દેવભૂમિના સાંસદ પૂનમબેન માડમ દ્વારા આ પરિવારોને વિનામૂલ્યે કેરીબેગ(થેલી) આપવામાં આવી છે. લોકોને વિવિધ રીતે ઉપયોગી થઈ શકે તેવી આ કેરીબેગનું વિતરણ બુધવારે ખંભાળિયા શહેર ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વોર્ડમાં કુલ ૧૪ સસ્તા અનાજની દુકાન ઉપર સાંસદ પુનમબેનના સહયોગથી સાંપડેલી આ કેરીબેગનું વિતરણ કરાયું હતું. આ તકે ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, ઈન્દ્રજીતસિંહ પરમાર, પીયૂષભાઈ કણજારીયા, ઉપપ્રમુખ હિમાચલ મકવાણા, મુકેશભાઈ કાનાણી, ધીરૂભાઈ ટાકોદરા વિગેરે કાર્યકરોએ ઉપસ્થિત રહી, કેરીબેગનું વિતરણ કર્યુ હતું.

# બાંટવાનાં રફાળા ગામે જાહેરમાં જુગાર રમતા પાંચને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૧૨

બાંટવા પોલીસે રફાળા ગામ પ્લોટ વિસ્તાર નજીક જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને કુલ રૂા. ૧૦,૮૨૦ની રોકડ સાથે ઝડપી લઈ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ખામધ્રોળ વિસ્તારમાં જુગાર દરોડો

જૂનાગઢ તાલુકા પોલીસે ખામધ્રોળ વિસ્તારમાં જુગાર દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને કુલ રૂા.૨૫,૭૬૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત વિસાવદર તાલુકાનાં રતાંગ ગામે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૬૩૭૦નાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

# માધ્યમિક શૈક્ષીક સંઘ દ્વારા સંપર્ક અભિયાન હાથ ધરાશે

જૂનાગઢ તા. ૧૨

રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ જૂનાગઢ જીલ્લાના અધ્યક્ષ જીતુભાઈ ખુમાણની યાદીમાં જણાવેલ છે કે રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ દ્વારા અધિકારીઓ સાથે સોશ્યલ મીડીયાનાં માધ્યમથી કરવામાં આવેલ બેઠકામાં સરકારનો અભિગમ હકારાત્મક જણાયેલ છે જેથી શૈક્ષીક મહાસંઘ દ્વારા આગામી સમયમાં સંપર્ક અભિયાન શરૂ કરવા નકકી કરવામાં આવેલ છે. શૈક્ષીક મહાસંઘ દ્વારા ચલાવામાં આવનાર સંપર્ક અભિયાન અંતર્ગત શૈક્ષણિક કર્મચારીઓની લાગણી અને માગણી સરકારનાં વિવિધ પદાધિકારીઓ, સંસદ સભ્ય, સ્થાનીક શહેરી સત્તા મંડળનાં મેયર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનાં પ્રતિનિધિઓની શુભેચ્છા મુલાકાત લઈ સન્માન કરી લાગણી માગણીથી અવગત કરાવવામાં આવશે. તેમજ શૈક્ષણિક કર્મચારીઓનાં પડતર પ્રશ્નો અંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને ભલામણ કરવા રજુઆત કરવામાં આવશે.

# જૂનાગઢમાં ગોધાવાવની પાટીમાં જુગાર રમતા ૯ ઝડપાયા

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ ગોધાવાવની પાટી પાસે વાલ્મીકીવાસ સોમેશ્વર મંદિર પાસે જુગાર રમતા અરૂણ જેઠવા, વિજય રાઠોડ, કલ્પેશ ચુડાસમા, ભાવેશ રાઠોડ, કમલેશ રાઠોડ, ગીરીશ ટીમાણીયા, વિજય ચૌહાણ, મગન વાળા, ધવલ ટીમાણીયાને રોકડ રૂા. ૧૭,૮૬૦, મોબાઈલ-૫ મળી કુલ રૂા. ૬૮,૮૬૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

જૂનાગઢ એ ડીવીઝનનાં પીઆઈ એમ.એમ. વાઢેરની સુચના મુજબ આ કામગીરીમાં પીએસઆઈ એ.કે.પરમાર, એમ.ડી. માડમ, પંકજભાઈ, ભનુભાઈ, અનકભાઈ, પ્રવિણભાઈ, કલ્પેશભાઈ, સવદાસભાઈ, દિનેશભાઈ, કાનાભાઈ વગેરે જોડાયેલ હતાં.

# જૂનાગઢમાંથી ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૧૨ : જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગણેશનગર નજીકથી એક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૧૪ બોટલ રૂા.૫૬૦૦ની કિંમતનો દારૂ ઝડપી લીધો હતો. આ રેડ દરમ્યાન અમિત ધીરૂભાઈ રાઠોડ હાજર નહી મળી આવતા તેમના વિરૂધ્ધ ગુનો દાખલ કરતા તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરેલ છે.

## સોમનાથના ત્રિવેણી મહાસંગમ ખાતે અસ્થિનું વિસર્જન, પિંડદાન ઉપર પ્રતિબંધ હિંદુઓની આસ્થા અને વિશ્વાસ સાથે વિશ્વાસઘાત સમાન : અર્જુન મોઢવાડિયા

(અનુ. પાના ૮નું ચાલુ...)

પરંતુ આ રીતે સંપૂર્ણ રીતે અસ્થિનું વિસર્જન અને પિંડદાન ઉપર પ્રતિબંધ મુકી દેતુ ફરમાન આપખુદશાહી અને હિંદુ ધર્મની માન્યતાઓ ઉપર પ્રહાર છે, જેને કોઈ જ કિંમતમાં સહન કરી શકાય નહીં. ભારતીય જનતા પક્ષની કોરોના પ્રોટોકોલ બાબતની બેધારી નિતીની આકરી ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, 'નમસ્તે ટ્રમ્પ'થી શરૂ કરીને રૂપાણી સરકારની પાંચ વર્ષની ઉજવણી કરવામાં કોરોના પ્રોટોકોલની ઐસી તૈસી કરતા ભાજપના આગેવાનોને સુપર સ્પેડર બનતા કોઈ રોકતું નથી. પરંતુ કોરોના પ્રોટોકોલના નામે સામાન્ય નાગરિકોને પોતાના વ્યક્તિગત કે ધાર્મિક પ્રસંગ કરવા દેવામાં આવતા નથી. ભગવાન સોમનાથ મંદિર ધામના ત્રિવેણી સંગમ સ્થળે ધાર્મિક કર્મકાંડ પ્રક્રિયા ઉપર રોક લગાવીને ભારતીય જનતા પક્ષે પોતાનો અસલી ચહેરો પ્રદર્શિત કર્યો છે. સોમનાથ મંદિર ધામના ત્રિવેણી સંગમ ખાતે વ્યક્તિગત પિંડદાન, અસ્થિ વિસર્જન સહિતની ધાર્મિક વિધિઓ ઉપર મુકેલ પ્રતિબંધને તત્કાલીક ઉઠાવી લઈને જનતાની આસ્થાને ઠેસ પહોંચાડવા માટે માફી માંગવાની માંગણી કરી હતી.

# સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીનાં રંગે રંગાયું જૂનાગઢઃ પોલીસનો ચુસ્ત અને કડક બંદોબસ્ત

## જૂનાગઢ શહેરમાં આવેલા સર્કલો ઉપર અનેરી સજાવટ- સુશોભન, ઈમારતોને રોશનીથી શણગારાઈ


શ્રી આશિષ ભાટીયા ડીજીપી ગુજરાત રાજય


શ્રી મનીન્દરસિંહ પ્રતાપસિંહ પવાર ડીઆઈજી જૂનાગઢ


શ્રી રવિતેજા વાસમશેટ્ટી જીલ્લા પોલીસ વડા જૂનાગઢ


શ્રી પ્રદિપસિંહ જાડેજા ડીવાયએસપી જૂનાગઢ

## પોલીસ વિભાગને ૧૦ હજાર બોડીઓન કેમેરાની ભેટ મળશે : જૂનાગઢમાં બે હજારથી વધારે ઉચ્ચ પોલીસ અધિકારીઓ-જવાનોનો લોખંડી જાપ્તો

(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા. ૧૨


જૂનાગઢ શહેરમાં આગામી ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત અનેકવિધ તૈયારીઓનો દોર ચાલી રહયો છે. શહેરનો શણગારવામાં આવી રહયું છે તેમજ સુશોભન સાથે તૈયારીઓ પુર્ણ કરી લેવામાં આવી છે. આ સાથે જ કોઈપણ જાતનાં અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનાં આ અનેરા અવસર ઉપર પોલીસ વિભાગને ૧૦ હજાર બોડી ઓન કેમેરાની ભેટ પણ આપવામાં આવશે તેમ જાણવા મળે છે.

૧૪ વર્ષ બાદ જૂનાગઢ ખાતે સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી થઈ હોય અને થવાની હોય જેને લઈને કાયદો - વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબુત બનાવવા વિવિધ પગલાઓ લેવામાં આવી રહયા છે. ડીજીપી આશીષ ભાટીયાની સુચના અને ડીઆઈજી મનીન્દરસિંહ પ્રતાપસિંહ પવાર તેમજ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસના શેટ્ટીનાં માર્ગદર્શન હેઠળ અને જૂનાગઢ ડીવીઝનનાં ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીનાં સંદર્ભે જૂનાગઢ તેમજ રાજકોટ રેન્જનાં મહિલા સહિત પોલીસ જવાનો, કમાન્ડો, એસઆરપી વગેરેની પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે ગુજરાત પોલીસ તંત્ર વધુ આધુનિક ઉપકરણોથી સજજ થશે. ચેકીંગ સહિતની કામગીરી સારી રીતે થઈ શકે તે માટે પોલીસ તંત્રનો ૧૦,૦૦૦ બોડી ઓન કેમેરાની સ્વાતંત્ર્ય પર્વે ભેટ મળશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ માટે ખરીદવામાં આવેલ અતિ આધુનિક ૧૫ ડ્રોન કેમેરાનું પણ લોકાર્પણ થવાનું છે. જૂનાગઢ ખાતે યોજાનારા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી દરમ્યાન મહાનુભાવોની સુચના સહિતની બાબતોની જાળવણી માટે ૨૦૦૦ વધુ પોલીસ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ, જવાનો બંદોબસ્તમાં જોડાયા છે અને કયાંય પણ કચાશ ન રહે અનો જડબેસલાક વ્યવસ્થા ગોઠવાય તે માટેની તૈયારીનો આખરી ઓપ આપવામાં આવી રહયો છે.

# સોમનાથની પવિત્ર ત્રિવેણી સંગમઘાટની નદીમાં અસ્થીઓના વિર્સજન સહિતની વસ્તુઓ પધરાવવા ઉપર પ્રતિબંધ

**મામલો ગરમાયો**

## તીર્થ પુરોહિતો અને સોમનાથ ટ્રસ્ટની સીકયુરીટી સામસામે આવી જતા ઉગ્ર બોલચાલી થતા વાતાવરણ તંગ થયું














### ટ્રસ્ટની સૂચના બાદ પ્રતિબંધ મુકવામાં આવ્યો : વિજયસિંહ ચાવડા

આ મામલે સોમનાથ ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડાએ જણાવેલ કે, નેશનલ ગ્રીન ટ્રીબ્યુસનલ દ્વારા એક પત્રથી જણાવેલ કે પવિત્ર ત્રિવેણ સંગમઘાટની નદીનું જળ ખુબ જ પ્રદુષીત છે. જેથી નદીનું જળ વધુ પ્રદુષીત ન થાય તે અટકાવવા માટે પગલા લેવા માટે સુચના આપી છે. જેથી નદી પ્રદુષીત થતી અટકાવવાના હેતુસર ટ્રસ્ટે કલેકટરને વિનંતી કરી હતી. જેના આધારે કલેકટર દ્વારા પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડેલ છે. જાહેરનામા મુજબ હવેથી પવિત્ર ત્રિવેણી સંગમઘાટની નદીમાં ફુલ, પુષ્પો, પૂજાપો, નાળીયેર, કપડા કે અસ્થિઓનું વિર્સજન કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

### જાહેરનામાની અમલવારી અટકાવો નહીં તો ઉપવાસ આંદોલન કરીશુ : સોમપુરા બ્રહ્મ સમાજ

સોમપુરા બ્રહમસમાજના પ્રમુખ દુષ્યંત ભટ્ટે જણાવેલ કે, પીંડદાન અને અસ્થિ વિર્સજન કરવાથી કોઈપણ જાતનું પ્રદુષણ ફેલાતુ નથી. શાસ્ત્રો અને વિજ્ઞાન સીકકાની એક બાજુ છે. પીંડ એ જળચર માછલીના ખોરાક તરીકે ઉપયોગ થાય છે. અસ્થીમાંથી જળચર પ્રાણીને કેલ્શીયમ મળે છે. સમગ્ર ભારતના તીર્થસ્થોનોમાં શાસ્ત્રોકત વિધિથી પોતાના સ્વજનો (પીતૃઓ)ના અસ્થી વિસર્જન અને પીંડદાન કરાવવામાં આવે છે. સોમનાથ ટ્રસ્ટતના પ્રથમ ટ્રસ્ટી અને પૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ, અટલબિહારી વાજપેયજી અને હાલમાં ટ્રસ્ટના ચેરમેન કેશુભાઈ પટેલના નિધન બાદ અસ્થીઓ આ જ ત્રિવેણી સંગમઘાટની નદીમાં પધરાવવામાં આવેલ હતા. દુર દુરથી મોટી સંખ્યામાં યાત્રીકો પોતાના સ્વનજનોના અસ્થિ પધરાવવા અને પીંડદાન કરવા માટે સદીઓથી ત્રિવેણી સંગત્રઘાટે આવી રહયા છે. જેથી પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામાની અમલવારી અટકાવવાની માંગણી છે. જો માંગણી સંતોષવામાં નહીં આવે તો ના છુટકે આજ સવારથી તીર્થ પુરોહિતો પરીવાર સાથે ત્રિવેણી સંગમના ઘાટ ઉપર અનિશ્ચીત સમય માટે ઉપવાસ આંદોલન ઉપર બેસવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

**લોકોની આસ્થા જળવાઈ રહે તે માટે ઘાટ ઉપર કુંડ મુકવામાં આવ્યો**

લોકોની આસ્થા જળવાઈ રહે તે માટે ત્રિવેણી ઘાટ ઉપર કુંડ મુકવામાં આવેલ છે. જેમાં લોકો અસ્થિનું વિર્સજન કરે તેવી અપીલ છે. આ બધુ ફકતને ફકત પવિત્ર ત્રિવેણી નદી વધુ પ્રદુષીત ન બને તે માટે કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનીક તીર્થ પુરોહિતોની લાગણી દુભાવવાનો ટ્રસ્ટનો કોઈ આશય નથી.

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૨

યાત્રાધામ સોમનાથનાં સાંનિધ્યે ત્રણ નદીઓના સંગમ એવા પવિત્ર ત્રિવેણીઘાટમાં અસ્થી વિસર્જન અને પિંડદાન વિધિની અસ્થિ-પૂજાપાની સમગ્રી પધરાવવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું ગઈકાલથી અમલમાં આવતા હોબાળો મચી ગયો હતો. જેમાં સ્થાનીક તીર્થ પુરોહિતો અને સોમનાથ ટ્રસ્ટના ફરજ ઉપરના સિક્યુરિટી સામસામે આવી જતા ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્રિવેણી સંગમઘાટ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું સોમનાથ ટ્રસ્ટની અરજીના આધારે ગીર સોમનાથ જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામુ બહાર પાડેલ હોવાનું સામે આવ્યું છે. જે ગેરવ્યાજબી હોવાનું જણાવી રોષે ભરાયેલા તીર્થ પુરોહિતો ઘાટ ઉપર બેસી વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

હાલ આ મામલે તીર્થ પુરોહિતો રજુઆત અર્થે ગીર સોમનાથ જિલ્લા કલેકટર પાસે દોડી ગયા છે. જયારે સોમનાથ ટ્રસ્ટે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની સુચનાથી ત્રિવેણી સંગમની પ્રદુષીત થઈ રહેલ નદીને બચાવવા માટે જાહેરનામું બહાર પડયુ છે. સ્થાનીક તીર્થ પુરોહિતોની લાગણી દુભાવવાનો ટ્રસ્ટનો કોઈ આશ્રય ન હોવાનું જણાવેલ છે.

જગવિખ્યાત સોમનાથ મંદિર સાંનિધ્યે આવેલ હિરણ, કપિલા અને સરસ્વતી ત્રણ નદીઓના સંગમ સ્થળ એવા પવિત્ર ત્રિવેણી સંગમઘાટ ઉપર કૃષ્ણ ભગવાને સ્વંયમ પોતાના સ્વજનોને લઈ ત્રિવેણી સંગમઘાટે આવી પિંડદાન કરેલ હોવાનું શાસ્ત્રોમાં વિદિત છે. તે પવિત્ર ત્રિવેણી સંગમઘાટની નદીમાં ગઈકાલથી અસ્થી વિસર્જન અને પિંડદાનની પૂજાવિધિનો ફૂલ, પૂજાપો અને અસ્થિ પધરાવવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલ છે. જે જાહેરનામાનો ગઈકાલથી સોમનાથ ટ્રસ્ટની સિક્યુરિટી દ્વારા અમલવારી કરાવવામાં આવતા અસ્થી વિસર્જન અને પિંડદાન વિધિ કરતા સ્થાનીક તીર્થ પુરોહિતો દ્વારા હોબાળો મચાવ્યો હતો. જેના પગલે થોડો સમય વાતાવરણ ગરમાતા બંને પક્ષો સામસામે આવી જતા ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારે રોષે ભરાયેલા તીર્થ પુરોહિતો દ્વારા ત્રિવેણી ઘાટ ઉપર બેસી મંત્રોચ્ચાર શરૂ કરી ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. બાદમાં તીર્થ પુરોહિતોનું પ્રતિનિધિ મંડળ ગીર સોમનાથ જીલ્લા કલેકટરને રૂબરૂ મળી જાહેરનામાની અમલવારી અટકાવવા માંગણી કરી છે.

# સોમનાથના ત્રિવેણી મહાસંગમ ખાતે અસ્થિનું વિસર્જન, પિંડદાન ઉપર પ્રતિબંધ હિંદુઓની આસ્થા અને વિશ્વાસ સાથે વિશ્વાસઘાત સમાન : અર્જુન મોઢવાડિયા

અમદાવાદ તા.૧૨

દેશની જનતાનું આસ્થા કેન્દ્ર, ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાનું વિશ્વપ્રસિદ્ધ તિર્થક્ષેત્ર અને પ્રથમ જ્યોર્તિલીંગ એવા સોમનાથ મહાદેવ ખાતે પવિત્ર ત્રિવેણી મહાસંગમ ખાતે અસ્થિનું વિસર્જન અને પિંડદાન કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડીને ભાજપ સરકારે હિંદુઓની આસ્થા અને વિશ્વાસ આથે વિશ્વાસઘાત કર્યો છે. આ અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભારતભરમાં આવેલા મહાતીર્થ ક્ષેત્રોમાં પરંપરાગત રીતે શાસ્ત્રોકત વિધીથી બેરોકટોક પિંડદાન અને અસ્થિનું વિસર્જન કરવામાં આવે છે. આ બાબત ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મના લોકોના વિશ્વાસ સાથે જોડાયેલ છે. તેમાંય સોમનાથ સ્થિત પવિત્ર ત્રિવેણી સંગમનું તો આગવુ માહાત્મ્ય છે. ભગવાન શ્રી કૃષ્ણએ પોતાના સ્વજનોના અસ્થિનું વિસર્જન અહીં ત્રિવેણી સંગમ ખાતે કર્યુ હોવાનો અનેક ગ્રંથોમાં ઉલ્લેખ છે. અહીં હિરણ્ય, સરસ્વતી અને કપિલા એમ ત્રણ નદીનો ત્રિવેણી સંગમ થાય છે. જ્યાં પિંડદાન અને અસ્થિનું વિસર્જન કરવાથી મૃતકના આત્માને મોક્ષ મળે તેવી દ્રઢ માન્યતા છે, એટલે સ્વાભાવીક રીતે અહીં અસ્થિનું વિસર્જન અને પિંડદાનનું મહાત્મ્ય હોય ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા વાળા શ્રી સોમનાથ ટ્રસ્ટની અરજીથી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અસ્થિનું વિસર્જન અને પિંડદાન ઉપર પ્રતિબંધ મુકતું જાહેરનામું ખુબ જ દુઃખદ અને હિંદુ ધર્મના લોકોની આસ્થા સાથે રમત સમાન છે.

વધુમાં જણાવ્યું હતું કે, પવિત્ર ત્રિવેણી સંગમ સ્થળે અસ્થિનું વિસર્જન અને પિંડદાન ઉપર અનેક પુરોહિતોની રોજીરોટી સંકળાયેલી છે. એટલે કે ત્રિવેણી સંગમ ખાતે અસ્થિનું વિસર્જન અને પિંડદાન ઉપર પ્રતિબંધ મુકીને સરકાર આ પુરોહિતોને બેરોજગાર બનાવવાનું કામ કરી રહી છે. નદીની સ્વચ્છતાનો પ્રશ્ન સમજી શકાય તેવી બાબત છે, પરંતુ આ માટે સરકાર અને જિલ્લા વહિવટી તંત્ર નદીની નિયમીત સફાઈ કરવાની વ્યવસ્થા ગોઠવી શકે છે. પવિત્ર ત્રિવેણી સંગમની બાજુમાં કુંડ બનાવી, તેમાં ત્રિવેણી સંગમનું પાણી ભરી ત્યાં અસ્થિનું વિસર્જન અને પિંડદાનની વ્યવસ્થા કરી શકે છે.

(અનુસંધાન પાના નં. ૭ ઉપર)


તાત્કાલીક ફ્લેટ વેચવાનો છે
2BHK
ફુલ ફર્નીચર સાથે
સુપ્રભાત એપાર્ટમેન્ટ, સેજના ઓટા પાસે,
હીંગળાજ મંદિર સામે, જૂનાગઢ.
ખાસ નોંધ : લેનાર પાર્ટીએ જ સંપર્ક કરવો.
પરાગભાઈ – મો. ૭૬૦૦૦ ૨૨૩૦૧

મોહન દેવનાણી
મો. ૯૯૨૪૨ ૨૪૨૬૪


ડીઝાયર મેન્સ વેર
જીન્સ - શર્ટ - ટી-શર્ટ-ટ્રાઉઝર - કેપ્રી
દુકાન નં. ૪, ગ્રાઉન્ડ ફ્લોર,
જેનીલી શોપીંગ સેન્ટર, એમ.જી. રોડ,
જૂનાગઢ - ૩૬૨૦૦૧

કુમાર ટોપરાણી
મો. ૯૮૨૪૯ ૨૭૭૯૦

ક્રિષ્ના મોબાઈલ
HOME CREDIT
HDB FINANCIAL SERVICES
BAJAJ FINSERV
● જુના તથા નવા મોબાઈલ લે-વેચ
● રીપેરીંગ ● ફ્લેશીંગ
● મોબાઈલ એસેસરીઝ
૩૧-બી, જેનીલી શોપીંગ સેન્ટર,
ગ્રાઉન્ડ ફ્લોર, એમ.જી. રોડ, જૂનાગઢ

જૂનાગઢમાં સૌપ્રથમ એમ.ડી. (હોમીયોપેથી)
Dr. Vachhani's HOMEOPATHY
Best Allergy Treatment without side-effects
● શરદી
● છીંકો
● ઉધરસ
● શ્વાસ
● ખંજવાળ
● શીળસ
એલર્જી મટી શકે છે.

ડો. નવનીત વાછાણી
M.D. (Hom.)
૧૬૪, પહેલા માળે, પ્રિઝમ કોમ્પ્લેક્ષ,
બસ સ્ટેશન સામે, જૂનાગઢ.
મો. ૯૪૦૯૧ ૫૧૫૨૨ સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮